
કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી
બચુભાઈ રાવત

વર્ષ પરમું · અંક ૭મો
જુલાઈ ઈ.સ. ૧૯૭૫
સળંગ અંક ૬૧૯



પક્ષીત્રિપુટી (ચિત્રકાર: હેમંત મિશ્ર) પરસ્પર પૂરક આકારોની અભિનવ સુંદર રચના
(ઑલ ઇંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ સોસાયટીના સૌજન્યથી)



પહાડની પુત્રીઓ
કલાકાર: સ્યાવક્ષ ચાવડા

તાદૃશ ચિતાર નહિ, પણ જે જોયું તે દૃશ્યના રગ-આકારની ચિત્તસ્પર્શી છાપને રજૂ કરવાનો આ ચિત્રમાં પ્રયત્ન છે, અને એટલે આકૃતિઓની આબેહૂબતા, છાયાપ્રકાશ કે પર્સ્પેક્ટિવના નિયમોને વર્જિત રાખી તેની ભાવછાયા ઉતારવા પર જ કલાકારનું લક્ષ કેન્દ્રિત થએલું છે. ફૂલોથી હરીભરી રંગમય પહાડી ખીણમાં કોઈ એક ઝૂંપડીના આંગણામાં પુત્રીના વાળ ઓળતી માતાનું આ આલેખન છે. એમાં કુદરત કે માનવની સુરેખ આબેહૂબતા બતાવવાની નેમ નથી પણ જોએલા દૃશ્યના રંગઆકારની મનફલક પર અંકાઈ ગએલી છાપની કલામય રજૂઆત કરવાનો હેતુ છે. અને છતાં એમાં માનવપાત્રો, વનસ્પતિથી આચ્છાદિત ખીણ ને એને વીંટીને બેઠેલી ટેકરીઓની લાક્ષણિકતા વ્યક્ત થયા વિના રહેતી નથી. ચિત્રકારે જોએલા દૃશ્યની મધુરતાનો કલાઅર્ક અહીં પિરસાયો છે.

કુમાર

જુલાઈ ૧૯૭૫ • અંક ૬૧૯

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

વાચકો લખે છે...

પક્ષી-નિરીક્ષણ

'કુમાર', મે ૧૯૭૫: પક્ષી નિરીક્ષણ.

Sterlings નહિ, Starlings સાચું અભિધાન છે. મેનાં (સં. મદના) કુલ (વાચાલા–Sturnidae)ના અંતર્ગત કાબર, ઘોડાકાબર, પાવૈ, વૈયાં આદિ પક્ષીઓ Starling એવા સામાન્ય નામે ઓળખાય છે. જે વિશિષ્ટ 'સ્ટાર્લિંગ'નો અહીં ઉલ્લેખ છે, એનું અંગ્રેજી નામ Finsch's or Common Indian Starling; પારિભાષિક સંજ્ઞા Sturnus Vulgaris Poltaratsky Finch અને હિન્દી નામ તેલિયા મેના: 'તલિયા' મેના—એના સમગ્ર ચમકતા મેલા લીલાશપડતા કાળા દેહ ઉપર 'તલ'ના આકારનાં મેલાં પીળાશપડતાં ટપકાં હોવાના કારણથી—છે. આપણું એ યાયાવર પક્ષી. અહીં આખો શીતકાલ ગાળે. અમદાવાદમાં એ સૂએજ ફાર્મમાં સામાન્ય હોય છે. ક્વચિત્ ૫–૧૦નાં ટોળાંમાં, મોટે ભાગે છૂટાંછવાયાં. ગીધ, ગરુડ, શમળી, કાગડાની સોબતમાં ચણતાં નજરે પડે છે.

'તલિયા મેના'ના ચિત્ર તથા વિશેષ પરિચય માટે જુઓ, 'કુમાર' ફેબ્રુઆરી ૧૯૩૯, પૃ. ૬૮.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

ગુપ્ત કાળનાં શોભાંકનો

શ્રી જગદીશ ગાંધીનું મારા 'ગુપ્ત કાળનાં શોભાંકનો' ('કુમાર' અંક ૬૧૨) પરનું સુદીર્ઘ અવલોકન વાંચી ગયો છું. એમણે પ્રસ્તુત લેખમાંથી જે વાક્યો ટાંકી વિરોધાભાસી માનાં છે તે વસ્તુતયા પરસ્પર વિરોધી નથી. ગુપ્ત અને મધ્યકાલીન કલાનાં જુદાં જુદાં પાસાંઓની, લક્ષણોની, પારસ્પરિક તુલનામાં કોની, ક્યાં, કેવી રીતે અને કેટલી વિશેષતા છે તે જ તેમાં કહેવામાં આવ્યું છે. એકમાં એકની વિશેષતા હોય અને બીજામાં બીજાની, તે વાત કહી હોય તેને 'વિરોધાભાસી' કહેવું એ અન્યાયી ગણાય. વાક્યોને એના સંદર્ભની અખિલાઈમાં જોવાનાં છે.

ગુપ્તયુગીન અને મધ્યકાલીન શોભાંકનોની તુલનાનો દોર સાપેક્ષ રહ્યો છે. દરેક સમયખંડની કલાની પોતાની અભિવ્યક્તિ છે અને તેની પરિસીમા અંતર્ગત પોતાનાં શ્રેષ્ઠ સર્જનો આપી રહે છે તેની કોઈ ના નથી પાડતું, પણ એક ને એક શોભાંકન જે ગુપ્ત કાળમાં થતું અને જે પછીના સમયખંડોમાંથી પસાર થઈ પછીથી મધ્યકાળમાં પણ થતું હતું તેની તુલના કરીએ તો મધ્યકાલીન દૃષ્ટાંતો 'થાકેલ-ઊતરેલ' જરૂર દેખાય છે. મધ્યકાલીન જમાનાની કલાની અંદર જ એકાકાર થઇ ડૂબી જઈએ તે સમયે આપણને તેમાં ઘણી યે ચારુ ચીજો, રોચક તત્ત્વો હાથ લાગવાનાં; પણ જ્યારે તેને પૂર્વકાલીન સમાંતર અભિભાવો–અભિપ્રાયોની પડખે રાખીને જોવામાં આવે ત્યારે અનુભાવન અને એથી નિર્ણય ફરી જાય છે. આ પ્રકાશમાં શ્રી ગાંધીનું નીચેનું વાક્ય તપાસીએ: 'ભાવાત્મક અભિવ્યક્તિ કે આલંકારિક આયોજન, કલામય લાલિત્ય કે વૈચારિક વૈવિધ્યની દૃષ્ટિએ મધ્યકાલીન શોભાંકનો, ગુપ્તકાલીન શોભાંકનોની તુલનામાં નિઃસંદેહ ચડિયાતાં છે.' વસ્તુતયા મધ્યકાલીન શોભાંકનોની અંદર અભિવ્યક્તિ 'ભાવાત્મક' કરતાં રૂઢિગત અને ઘાટપરસ્ત વિશેષ છે, અને 'કળામય-લાલિત્ય'ની વાત જોવા જઈએ તો મધ્ય કાળનાં શોભાંકનો કરતાં તેમના પ્રાક્-મધ્યકાલીન પૂર્વજો અને જ્યાં ઉપલબ્ધ છે ત્યાં ગુપ્તકાલીન અગ્રચારીઓ વિશેષ લલિત છે, મધ્ય કાળમાં કોઈ એક પ્રાદેશિક શૈલીના નમૂનાઓ તપાસીએ તો તેમાં એક જ શોભનમાં વૈવિધ્યને બદલે એકવિધતા બહુ મોટા પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે. વૈચારિક વૈવિધ્ય' (કે કલ્પના-વૈવિધ્ય?) મધ્યકાળમાં વિશેષ દેખાય છે એનું કારણ ગુપ્ત કાળ પછી અનુગુપ્ત અને પ્રાક્ મધ્યકાળમાં ઉત્પન્ન થએલી વિવિધ પ્રાદેશિક શૈલીઓનો કેટલોક વારસો મધ્ય યુગની કલાને પ્રાપ્ત થયો છે તે છે, પણ તેમાં દેખાતું 'ચૈતન્ય' બહુધા સ્થૂલ રૂપે જ વ્યક્ત થતું વરતાય છે, અને તેની અભિવ્યંજના અગાઉના સમયખંડોની અભિવ્યંજનાને મુકાબલે ઊતરતી કક્ષાની છે. અહીં પ્રશ્ન અંગત રુચિ અને અભિપ્રાયનો નથી, પણ તથ્ય શું છે તે શોધવાનો છે. અહીં હું ઉપરની વાતના સમર્થનમાં ઘણા દાખલાઓ પુષ્કળ ચિત્રો સાથે ટાંકી શકું તેમ છું, પણ 'કુમાર'માં સ્થળ-સંકોચ અને કાગળોના અભાવને કારણે તે બધું રજૂ કરી શકવામાં વ્યાવહારિક મુશ્કેલીઓ છે, છતાં આગળ ઉપર 'કુમાર'માં જુદીજુદી ગુપ્તોત્તર, પ્રાક્ મધ્યકાલિક, મધ્યકાલિક (તેમ જ અનુ-મધ્યકાલિક શૈલીઓનાં પણ) શોભાંકનો પર ચર્ચા કરવા સંકલ્પ છે, અને તે વખતે પોતાના યુગમાં, સ્વસ્થાને–સ્વસંદર્ભમાં પ્રત્યેક યુગની કારુ કલાનાં સારુ ચારુ તત્ત્વો તરફ ધ્યાન ખેંચીશ. હમણાં જ અકબરી જમાનાનાં મારુ-ગુર્જર મંદિરોનાં શોભાંકનોની કલનું અધ્યયન કરતાં તેના પોતાના સમયની કેટલીક વિશિષ્ટતાઓ, ચારુ કલ્પનો ઈત્યાદિ નજરે પડેલાં. પણ પ્રસ્તુત કલ્પનો ગુપ્ત કાળની કે પુરોગામી કલાઓનાં ઉત્તમ દૃષ્ટાંતોથી ચડી જાય તેવું તો લાગ્યું નહિ. છતાં આ વિષયમાં અભિપ્રાયભેદને અવકાશ છે.

શ્રી ગાંધીએ પ્રાક્ મધ્યકાલીન અને મધ્યકાલીન રાજવંશોની કલાના સમયખંડો દેતે સમયે પ્રાદેશિક કલાનો ક્રમ જાળવ્યો નથી, તેમ જ તેમની કાળગણના ક્યાંક અપૂર્ણ છે અને ક્યાંક ખોટી પણ છે. અહીં હું તે તુલનાત્મક તાલિકામાં દર્શાવીશ:

શ્રી ગાંધી અનુસાર

૧) ચંદેલ (૧૦મી સદી)

૨) બંગાલ: સેન (૧૨મી સદી)

૩) મધ્યભારત: ગુર્જર પ્રતીહાર (૮મી સદી)

૪) ચેદી (૯મી સદી)

૫) પશ્ચિમ, સોલંકી (૧૨મી સદી)

૬) દક્ષિણ, પશ્ચિમી ચાલુક્યો (૧૨મી સદી)

૭) હંપીમાં પશ્ચાદ્-પશ્ચિમી ચાલુક્યો, અને

૮) દ્વારસમુદ્રમાં હોયશળ (૧૨મી સદી)

ઇતિહાસાનુસાર (ક્રમવાર)

૧) ગુર્જર પ્રતીહાર(પ્રતિહારનહીં)(રાજસ્થાન, કનોજ, મધ્યભારત(૮મીથી ૧૧મીશતાબ્દી)

૨) ચેદી (૯મીથી ૧૨મી શતાબ્દી)

૩) ચંદેલ (૯મીથી ૧૨મી સદી)

૪) સોલંકી (ઇ. સ. ૯૪૨થી ૧૩૦૫)

૫) કુન્તલેશ્વર ચાળુક્યો (ઇ. સ. ૯૭૪ ૧૧૮૪)

૬) હોયશળ (૧૧ મીથી ૧૪મીનો પ્રારંભ)

૭) સેન (૧૨મી સદી)

૮) હંપીમાં વિજયનગર રાજવંશ (૧૪મી—૧૫મી સદી)

હવે આમાં જોવા જઈએ તો 'ચંદેલ' અને 'સેન' વંશ નીચે કોઇ ખાસ ઉમદા શોભનકલા પાંગરી નથી. બીજે બધે સાધારણતયા ૧૧મી સદીના મધ્ય કાળ સુધી સારુ કામ જોવા મળે છે, અને પછીથી ઉતમતા ક્રમશઃ ઘટતી જાય છે. ગુર્જર પ્રતીહાર વંશ રાજસ્થાનમાં, નૈર્ઋત્ય પશ્ચિમી ઉત્તર પ્રદેશના કેટલોક ભાગ અને મધ્ય પ્રદેશના કેટલાક હિસ્સામાં તથા અભ્યુદયકાળે શાસન ચલાવતો હતો. ચેદી કલાના નમૂના આપણને દશમા શતકથી લઈ અગિયારમ ના અંત સુધીના મળે છે. સોલંકી કલાના શ્રેષ્ઠ નમૂનાઓ આપણને બારમામાં નહિ પણ અગિયારમા શતકમાં મળે છે. પશ્ચિમી ચાળુક્યોનો કાળ છઠ્ઠા શતકના પૂર્વાર્ધથી લઈ આ. ઈ. સ. ૭૫૪ સુધીનો છે; જ્યારે પશ્ચાત્કાલીન ચાળુક્યો 'હંપી'ના નહિ પણ 'કલ્યાણી'ના

કહેવાય છે. હંપી તો વિજયનગર સામ્રાજ્યની રાજધાની તરીકે જાણીતું છે.

વસ્તુગ્યા મધ્યકાલીન દેવાલય-શોભનકલા વાસ્તવાનુસારી છે, ને તેનું સર્જન પણ વાસ્તુના અંગભૂત રૂપે, અને સંરચનાને શોભાવવા પૂરતું છે. એથી ઘણી યે વાર છૂટા પડેલા શોભનખંડો કે પ્રતિમાખંડો એટલા શોભનીય નથી લાગતા જેટલા તેના મૂળ સંદર્ભે અંતર્ગત લ ગે છે.

શ્રી ગાંધીએ હોયશળ કલાને ખૂબ બિરદાવી છે, પણ કલા-ઇતિહાસવિદો, કલા-રસજ્ઞમર્મજ્ઞો અને કલામીમાંસકોનો મત એમનાથી ઊલટો જ છે. મધ્યકાલીન કલામાં, જેમ અન્યત્ર છે તેમ, હોયશળ કલામાં પણ કેટલાંક ચારુ તત્ત્વો અવશ્ય છે, પણ તે શ્રી ગાંધીએ વાપરેલાં superlativesને યોગ્ય નથી. હોયશળ કલાને વિવેચકોએ તો લગભગ નકારી જ કાઢી છે, પણ તેને ન્યાય દેતું એક પુસ્તક Hoysala Sculpture છએક વર્ષ પહેલાં મેં લખવું શરૂ કરેલું તે અપૂર્ણ રહ્યું છે. તેમાંથી કેટલીક સામગ્રી 'કુમાર'માં અવકાશે પ્રગટ કરીશ, જેથી વાચકો સ્વયં અભિપ્રાય બાંધી શકશે. બેલૂર-હલેબીડ જેવાં જગતખ્યાત મંદિરો સિવાય બીજાં પણ તે શૈલીનાં કર્ણાટકમાં ઘણાં મંદિરો છે. લગભગ સોએક જેટલાં હોયશળ સમયનાં મંદિરોનું અધ્યયન કરવાનો યોગ મને કર્ણાટકના સર્વેક્ષણ દરમિયાન પ્રાપ્ત થએલો, એટલે હોયશળ કલાના ગુણદોષથી ઠીકઠીક વાકેફ છું.

શ્રી ગાંધીનાં ગુપ્તકાલીન સિક્કાઓ પરનાં અંકનો તેમ જ તેની ભાષાની 'સુશ્રાવ્યતા'ની વાતો મૂળ વિષય સાથે અપ્રસ્તુત હોઈ, તેમ જ તુલના સમાન સ્તરોની, સમાન માધ્યમોની સમાન ફલક-વિસ્તાર પર નિર્ભર ન હોઈ, તે મુદ્દા પર વિસ્તરણ નહિ કરું.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

ખારવેલનું જૈનત્વ

ઈસ્વી સન પૂર્વેની પ્રથમ સદીના ત્રીજા ચરણના અરસામાં થએલા કલિંગ સમ્રાટ ખારવેલનો ભુવનેશ્વર નજીક ખંડગિરિ (પ્રાચીન 'કુમારી પર્વત')માં કંડારાએલો હાથીગુફાનો લેખ આજે એક શતાબ્દીથી વિદ્વાનોના અધ્યયનનું લક્ષ્ય બન્યો છે. તેની વિશુદ્ધ વાચના તૈયાર કરવામાં, તેમ જ પૂર્વેની અશુદ્ધ વાચનાઓથી થએલાં ખોટાં અર્થઘટનોને ઠેકાણે લાવવામાં પણ ખૂબ શ્રમ થયો છે. પણ તે બધી ચર્ચાવિચારણામાં ખારવેલ જૈન નહોતો એવું તો કોઈએ પ્રતિપાદન કર્યું નથી, કે નથી તલપૂરે શંકા ઉઠાવી. પુરાતત્ત્વ, અભિલેખવિદ્યા અને ઇતિહાસ તથા કલા-સ્થાપત્યના ગુજરાતના બે જુવાન પણ માંજેલ પંડિતોએ એ બાબતમાં જે મુદ્દા પર ખારવેલના જૈનત્વની શંકા ઉઠાવી છે તેનો અવતાર જો અંગ્રેજીમાં સાધાર છપાયો હોત તો સારા યે ભારતનું ધ્યાન ખેંચત. આઠ આઠ યુદ્ધો ખેલનાર જૈન હોઈ શકે કે કેમ એવો પ્રશ્ન શ્રી નાથાલાલ મંડલીએ કર્યો છે, અને એમને શ્રી નરોત્તમ પલાણનું અનુમોદન મળ્યું છે. સ્વયં મહાવીર ને બુદ્ધની હયાતીમાં એમના પોતાના અનુયાયી રાજન્યો વચ્ચે ખૂનખાર યુદ્ધો ખેલાયાં હોવાનાં કેટલાં યે દૃષ્ટાંતો પુરાણા બૌદ્ધ સાહિત્યમાં મળી આવે છે. ચંડપ્રદ્યોત, ઉદયન, શંતાનિક, દધિવાહન, ચેટક ઈત્યાદિનાં વૃત્તાંતો સુવિખ્યાત છે. અંગત ધર્મ જૈન હોય તેથી ક્ષાત્ર ધર્મનો ત્યાગ સામાન્યતઃ રાજવંશીઓ કરતા જણાયા નથી. સમ્રાટ હર્ષવર્ધન (૭મા સૈકાનો પૂર્વાર્ધ) અને બંગપતિ ધર્મપાલ (૮મા સૈકાનો ઉત્તરાર્ધ) કટ્ટર બૌદ્ધ હતા, પણ ઘણાંયુદ્ધો બંનેએ ખેલ્યાં છે. કર્ણાટકમાં ગંગવંશી ને શાન્તરવંશી રાજાઓ જૈન હતા છતાં, જંગો ખેલ્યા છે; અને ગુજરાતના જૈન વણિક મંત્રીઓ— ધનુર્ધરવિમલ, મંત્રીશ્વરઉદયન, મહામાત્યવસ્તુપાલ ઈત્યાદિ—એ પણ યુદ્ધો કર્યાં છે, પણ તેઓ સૌ ધર્મે જૈન નહોતા એવું કોઈએ કહ્યું નથી. આથી જ્યારે ડૉ. સાંકળિયા તથા અન્યત્ર લગભગ બધા વિદ્વાનો ખારવેલને જૈન માને છે ને એના નામે લેખો ચડાવે છે. એવી પરિસ્થિતિ હોય તો તેનો શો ઇંગિતાર્થ છે તે જોવું જોઈએ.

ખારવેલ ઉપરાંત તેની રાણીઓએ પણ જૈન ગુફાઓ કંડારાવી છે ને તેના એક અધિકારીએ પણ ગુંતપલ્લી પાસે જૈનાર્થે મંડપ કરવ્યાનો અભિલેખ છે. ખારવેલ જૈન નહોત ને જો 'બૌદ્ધ' કે 'આજીવિક' હોત તો તે શ્રામણિક ધર્મો પણ અહિંસા ધર્મને વરેલા હોઈ, મંડલી-પલાણનો પ્રશ્ન ફરીને ઊભો જ રહે. આથી તારતમ્યરૂપી તર્ક એવો થાય કે તે 'વૈદિક મતાનુસારી' હશે. પણ તો પછી એણે પોતાનાં જુદાં જુદાં વર્ષોની કાર્યસૂચિ આપી છે તેમાં ક્યાં યે વિજયો બાદ 'રાજસૂય' કે 'અશ્વમેધ' યજ્ઞ કર્યાનું કેમ જણાવ્યું નથી? પ્રાચીન કાળે ઘણા વિજયો પછી કોઈ રાજા મોટો યજ્ઞ કર્યા વગર રહે ખરો?

ખારવેલનો શિલાલેખ તપાસતાં તેમાં પ્રારંભે મંગલાચરણમાં જ 'નમો અરિહંતાનં' 'નમો સવે સિદ્ધાનં' કહ્યું છે, જે માથુરી-વાલભી વાચનાના જૈન આગમોના નવકારમંત્રના સહેજ ઉચ્ચારણાદિ ભેદ સાથેનાં જ બે પદો 'નમો અરિહંતાણં' 'નમો સિદ્ધાણં' છે. પણ આ મંગલાચરણ તો ગુફાઓ જૈન આર્હતો માટે ખોદાવેલી એ કારણસર હોઈ શકે છે. લેખની અંદર પણ આર્હતોને સન્માન્યાની તેમ જ કેટલીક સંરચનાઓ કરાવ્યાની જે વાતો છે તે પણ ખારવેલની સમદૃષ્ટિની સૂચક હોવાનું ઘટાવી શકાય. પણ ખારવેલ પોતાના બારમા વર્ષમાં મગધની પુરાણી રાજધાની રાજગૃહ પર ચડાઈ કરી (પૂર્વે નંદરાજા તથા અશોક મૌર્યે કરેલ કલિંગની ચડા-

ઈનું વેર વાળવા?) ત્યાંથી 'કલિંગજિન'ની જે પ્રતિમા (૩૦૦ વર્ષ પૂર્વે) નંદ રાજા લઈ ગએલો તે પાછી લાવી સન્નિવેશિત કર્યાનો ઉલ્લેખ કરે છે (નંદરાજ-નીતં ચ કા[લિં] ગજિનં સંનિવેસ) તે વાત તેની જૈનધર્મપ્રત્યેસમદષ્ટિ અતિરિક્ત વિશેષ ભાવની દ્યોતક છે. આખરે અશોકે પણ પોતે બૌદ્ધ છે તેવું પોતાના લેખમાં ક્યાં યે સ્પષ્ટ કહ્યું નથી તેમ ખારવેલ પણ પોતે જૈન છે તેવું કહેતો નથી, પણ તેવું એના વલણ પરથી સૂચિત થાય છે. છતાં આ લેખ ખારવેલના નામે ન ચડે તો કોના નામ પર ચડી શકે તે બાબત સ્પષ્ટતા કરી હોત તો સારું થાત.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

મત્સ્યેન્દ્રનાથની મૂર્તિ વિષે

અંક ૬૧૬માં શ્રી નરોત્તમ પલાણે પ્રતિમાના આસન પરના મત્સ્યચિહ્નને કાળનિર્ણયમાં જે પ્રાધાન્ય આપ્યું છે તે મુદ્દો સ્વીકારી શકાય તેમ નથી. માછલું પ્રસ્તુત પ્રતિમાને 'દસમી સદીની આ બાજુ આવવા'માં કઈ રીતે રોકે છે તે વાત દષ્ટાંતો આપી સિદ્ધ કરવામાં આવે તો એ મુદ્દોવિચારણીયબનીશકે.બેડોળએવીએ પ્રતિમાનાં શરીર ને શિર-મુખાકૃતિ આદિ રચનાનો મુદ્દો જ તે માટે મહત્ત્વનો છે. શ્રી પલાણ દશમા શતકમાં એવા પ્રકારના દિગંબરીમૂર્તિઓ અહીં બાજુમાં રાખી તેનાં લક્ષણો જોડે સમાનતા પ્રગટ થતી દર્શાવી સિદ્ધ કરે તો માની શકાય.

હવે બીજી વાત: ડભોઈના મત્સ્યેન્દ્રનાથાદિ મૂર્તિઓ ધરાવતો મહુડી દરવાજો એ નાથ સંપ્રદાયનું મંદિર નથી. એની અંદર કંડારેલી મૂર્તિઓ 'ઉપાસ્ય મૂર્તિ' ન હોતાં એક પ્રકારે માંગલિક શોભન રૂપે ત્યાં છે અને કોઈક, આજે તો અજ્ઞાત એવા, કારણસર તે ત્યાં ગોઠવ માં આવી છે. તે ઉપરાંત તેરમા શતકમાં ડભોઈમાં જે રૂપ જોવા મળે તે સારા યે ગુજરાત માટે નમૂના રૂપ બની જાય તેવો નિયમ ન બનાવી શકાય. લકુલીશ-પાશુપત શૈવ સંપ્રદાયનું ગુજરાતમાં ઘણું જોર હતું, પણ લકુલીશની પ્રાપ્ત મૂર્તિઓમાં વૈવિધ્ય અને પારસ્પરિક શૈલીગત તેમ જ કાલિક ભેદ સારા પ્રમાણમાં દેખાય છે. નાથ સંપ્રદાય વિષેની આપણી પાસે માહિતી અલ્પ છે, નાથ સંપ્રદાયનું ગુજરાતમાં કેવું અને કેટલું સ્થાન હતું તે વાત વિષે જાણ્યા પછી જ કાંઈ નિર્ણય થઈ શકે. માત્ર બે જ મૂર્તિઓ, અને તે પણ એકબીજીથી ભિન્ન, તેમાં વળી માછલાના મુદ્દા પર, ને વધુમાં 'પ્રાકૃત' પદ્માસનના મુદ્દા પર હીરાની મૂર્તિને ડભોઈની મૂર્તિની પુરોગામી માનવી અને તે પણ પાછી દશમા શતકની, (દશમા શતકની કલાનું એક પણ લક્ષણ તેમાં પ્રતિબિંબિત થતું ન હોવા છતાં), એ વસ્તુ મને તો નિષ્કારણ વિવાદ કરવા જેવી લાગે છે. આખરે સૌને પોતાનો અભિપ્રાય, પોતપોતાનાં દર્શન-ચિંતન-અનુશીલન અનુસાર ધરવાની સ્વાધીનતા છે. મારા મતે તો હીરાવાળી પ્રતિમાનું, પુરાતત્ત્વ અતિરિક્ત કલાની દષ્ટિએ કે કલા-ઇતિહાસની દષ્ટિએ કોઈ ખાસ મૂલ્ય ન હોઈ, તે બાબતમાં સમય અને શક્તિ બરબાદ કરવાનો કશો પણ અર્થ નથી.

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

[* આ ચર્ચા અહીં બંધ થાય છે. -તંત્રી]

ધુમલીનું નવલખામંદિર ને સિંહરાણક

ધુમલીનું નવલખામંદિર રાણકસિંહે—જો તેઓ સં. ૧૧૭૦માં થયા હોય તો—બંધાવ્યું હોવાની, વહીવંચાઓના આધારે, શ્રી મોહનપુરીની વાતમાં મને તો કંઈ વજૂદ જેવું લાગતું નથી. એ મંદિરની શૈલી બારમા શતકની ખરી, પણ પ્રસ્તુત શતકના આખરી ચરણની છે. સં. ૧૧૭૦માં રાણકસિંહે વિજય બાદ 'સિંહ સંવત્સર' પ્રચારમાં મૂક્યો ને વધુમાં નવલખાનું મંદિર બંધાવ્યું તેમ માનવામાં આ મુદ્દો આપત્તિ ઊભી કરે છે. અંચલગચ્છ પટ્ટાવલી-સાહિત્ય અનુસાર સં૦ ૧૨૩૬/ઈ૦ સ૦ ૧૧૮૦માં આચાર્ય 'ધર્મઘોષ સૂરિ' ધુમલી આવ્યા ત્યારે તે સમયના રાજ્યકર્તા 'રાણક વિક્રમાદિત્ય' હોવાના અને તેમણે સૂરીશ્વરનું સન્માન કરેલું હોવાના તથા તે વખતે શ્રેષ્ઠી જેતાએ ધુમલીમાં દોઢ લાખ ટંકાને ખર્ચે 'જેતાવાવ' બંધાવી હોવાના ઉલ્લેખ મળે છે, જે મિતિનો વાવની શૈલી સાથે મેળ બેસે છે. જેતાવાવ અને નવલખાના ઘટકો અને અલંકરણ વચ્ચે કેટલુંક શૈલીગત સામ્ય અને સામીપ્ય હોઈ, તે બંને સંરચનાઓ લગભગ સમકાલીન હોવાનો સંભવ છે. નવલખાનો નિર્માણકાળ—જે અન્યથા શૈલી પરીક્ષણથી ૧૨મા શતકના અંતિમ ભાગનો મેં માનેલો—તેને હવે ઈ૦ સ૦ ૧૧૮૦ આસપાસ મૂકવો જોઈએ અને તે રાણાસિંહ પછી એમના પુત્ર કે પૌત્ર વિક્રમાદિત્યના સમયનો માનવો ઘટે. (જેતાવાવથી પશ્ચિમે કેટલાક કદમ દૂર પાર્શ્વનાથના મંદિરના મંડપના થાંભલા ઊભા છે સંભવ છે કે આ વાપીની નજીકમાં જ એ યુગનો ધુમલીનો વાણિયાવાડો હોય.)

(વારાણસી) —મધુસૂદન ઢાંકી

મહમદ ગઝનીની સવારી ૧

મે '૭૫ના અંકમાં શ્રી મહમદઅલી તંબૂવાલા (પૂના)એ ગઝનીની સવારી ખરેખર થઈ હતી કે કેમ એ સંબંધી પોતાની મૂંઝવણ રજૂ કરી છે. વાસ્તવમાં, આવી જાતની ચર્ચા વર્ષો અગાઉ પણ ઊપડેલી. તે અરસામાં ડૉ. મુહમ્મદ નાઝિમે મહમૂદ ગઝનવી સંબંધોની ચર્ચાઓનો અભ્યાસ કરી The life and Times of Sultan Mehmud Gaznavi નામે પુસ્તક લખેલું ને એ પુસ્તકના સોમનાથ પ્રકરણમાં અને તેના પરિશિષ્ટમાં સમકાલીન ઇતિહાસના આધારે સોમનાથની ચડાઈ પર પ્રકાશ નાખેલો. તેનો ગુજરાતી અનુવાદ સ્વ. હાજી મુહમ્મદ કમર 'કાફિલે' પોતાના ટિપ્પણ સહિત 'ફ઼ાર્બસ ગુજરાતી સભા'ના ઈ. ૧૯૪૨ના ત્રૈમાસિકમાં નિબંધરૂપે છપાવેલો. પાછળથી એ અનુવાદ અમદાવાદથી નીકળતા ગુજરાતી માસિક 'આબે હયાત'ના જૂન અને જુલાઈ ૧૯૬૨ના અંકોમાં પણ છપાએલો.

ડૉ. મુહમ્મદ નાઝિમે ઈ. સ. ૧૯૩૧માં વરસોની મહેનત બાદ સુલતાન મહમૂદ ગઝનવીના જીવન અને સમય પર ઈ. ૧૯૩૧ સુધીમાં પ્રાપ્ત થએલાં સાધનોના નિચોડરૂપે આ ગ્રંથ લખેલો હોવાથી મહમૂદ ગઝનવી સંબંધેનાં અરબી-ફ઼ારસી સાધનો પરથી સંશોધિત કરેલો છેલ્લો નિર્ણય કહી શકાય. તે મુજબ 'સુલતાન મહમૂદે હિ. સા. ૪૧૬ એટલે ઈ સ. ૧૦૨૬-માં આ પથ્થર (લિંગ)ને ઉખેડાવી નાખ્યો, એના ઉપરના ભાગને તોડી તેના સોનેરી ઢાંકણ, જેમાં સોનાના કામ સાથે રત્નો મઢેલાં હતાં તેને પોતાની રાજધાની ગઝની લઈ ગયો.

'સ્વ. કાફિલ'નો ઉપર્યુક્ત નિબંધ (અનુવાદ) છપાયા પછી કેટલાક પ્રતિષ્ઠિત ગુજરાતી લેખકોએ પણ સંશોધનાત્મક પુસ્તકો પ્રકટ કરેલાં છે. સ્વ. ક. મા. મુન્શી કૃત 'Imperial Gurfars'માં તથા સોમનાથમાં આધુસિક લિંગમાં પ્રતિષ્ઠા સમયે જે સુવેનીર Somnath, the Shrine eternal પ્રકટ કરવામાં આવેલું તેમાં પણ સોમનાથના ખંડનનો ઇતિહાસ નોંધાએલો છે, એ ઉપરાંત દુર્ગાશંકર કે શાસ્ત્રી કૃત 'મધ્યકાલીન ગુજરાતનો ઇતિહાસ'ની બીજી આવૃત્તિમાં 'સોમનાથખંડન'નું સંપૂર્ણ પ્રકરણ ઉતારવામાં આવેલું છે. છેલ્લા દાયકામાં શ્રી મજુમદાર અને પુષ્કર સંપાદિત History and Culture of Indian Peoplesના પાંચમા મણકામાં The Struggle for Empire પ્રકટ થએલું છે (જેનો આમુખ સ્વ. ક. મા. મુન્શીએ લખેલો છે) તેમાં પણ, મોટે ભાગે, ગઝનવીની સોમનાથની સવારી અને સોમનાથના લિંગના ખંડન વિષે આધારભૂત પુસ્તક તરીકે ડૉ. નાઝિમના જ પુસ્તકનો ઉપયોગ કરવામાં આવેલો છે.

ડૉ. નાઝિમે તેમના ગ્રંથમાં નીચેના સમકાલીન સાધનોનો ઉપયોગ કરેલો છે: ૧) 'સોમનાથપ્રશસ્તિ': રાજકવિફરુખીએ સોમનાથ વિજય ઉપર લખેલો કસીદો (પ્રશંસાકાવ્ય). તેઓ સુલતાનની સોમનાથ-સવારીના સગી આંખે જોનાર સાક્ષી હતા. ૨) 'તહકીક મઆલિલ હિન્દ': એના કર્તા અબૂ રહમાન મુહમ્મદ

Ⓘ. પત્રલેખકો પોતાનો કક્કો ખરો કરવાના ઉત્સાહમાં અને વિદ્વત્તાનું પ્રદર્શન કરવા જતાં એ વાત ભૂલી જતા લાગે છે કે કાગળની તકલીફ હજી ચાલુ છે. ઘણા નિરર્થક લંબાણ કરતા રહે છે—મુક્તકને બદલે મહાકાવ્ય લખી મોકલે છે! એ ખયાલમાં રાખવું ઘટે કે આ 'પત્રો'નો વિભાગ છે 'લેખો'નો નહિ. કેટલાક વળી અકારણ આક્ષેપો અને તીખા કટાક્ષો કરતા હોય છે. આવા પત્રો કાં તો રદ કરવા પડે છે અથવા તો ચાળી નાખવા પડે છે. અમારી વિનતિ છે કે પત્રો ત્રીસ ચાળીસ લીટીથી લાંબા ન થવા દેવાની કાળજી રખાય અને એ પણ ખયાલમાં રાખવામાં આવે કે આ વિભાગ પ્રમાણપુષ્ટ સત્ય-સ્થાપનને બદલે આપ-સચ્ચાઈનો અખાડો બની ન રહે.

—તંત્રી

બિન અહેમદ અલ બિરૂની છે. આ ગ્રંથ સોમનાથ વિજય બાદ તરતમાં જ લખાએલો છે. ૩) સત્યપુરીય શ્રી મહાવીર-ઉત્સાહ: એનો રચનાર મહાકવિ ધનપાલ છે, જેણે સાચોરના મહાવીરનો મહિમા ગાતાં સુલતાનની સોમનાથની ચડાઈના વિજય ઉપર પ્રકાશ નાખેલો છે. ધનપાલ સુલતાન મહમૂદનો સમકાલીન કવિ હતો. અને કાવ્ય પણ સોમનાથવિજય પછી તરતમાં જ લખાયું છે. કવિ ધનપાલનો સમય લગભગ ઈ. સ. ૯૫૦ થી ૧૦૪૦ છે. ૪) 'ઝયનુલ અખબાર': એનો કર્તા અબૂ સઈદ અબ્દુલહય ઝોહાક બિન મહમૂદ અલગરદીઝી છે, જેણે સોમનાથવિજય પછી ૨૩ વરસે એ સમયનાં આધારભૂત પુસ્તકોના આધારે સુલતાનનો ઇતિહાસ આપ્યો છે.

(વડોદરા) —ઈસ્માઈલ સારોદી

૨

'કુમાર' ૬૧૭માં શ્રી મહમહદઅલી તંબૂવાલાનો પત્ર મહમદની સવારી અંગે શંકા વ્યક્ત કરે છે તે નવી વાત નથી. ઘણા ઇતિહાસ લેખકો એ સવારી નથી થઈ એવો મત ધરાવે છે. આના કારણમાં ૧) 'મહમદની સવારી થઈ ગયા પછી ૨૦૦ વર્ષના ગાળામાં કોઈ ઇતિહાસલેખકે એનો ઉલ્લેખ નથી કર્યો' તથા ૨) 'કોઈ હિંદુ લેખકે આ ચડાઈની નોંધ નથી લીધી.' એવી બે વિગતો રજૂ કરાઈ છે. પહેલું વિધાન થયું ત્યારે ઈબ્ન અસીર નામના એક મુસ્લિમ લેખકની તવારીખ જ સૌની નજરમાં હતી, જે મહમદ પછી ૨૦૦ વર્ષે લખાએલી છે; આથી ઘણા લેખકોએ તેમાં શંકા વ્યક્ત કરી, —'ચક્રવર્તી ગુર્જરો'માં મુનશીએ સુધ્ધાં પરંતુ ઈબ્ન અસીર કરતાં યે વધુ તટસ્થ તથા કંઈક પ્રમાણભૂત ઉલ્લેખ મહમદનો સમકાલીન અલ બિરૂની પોતાના 'તારીખે હિંદ'માં કરે છે. આથી એ ચડાઈનો ઉલ્લેખ ૨૦૦ વર્ષ પછી થયો તે વિધાન ટકતું નથી. વળી અલ બિરૂની વિશ્વસનીય છે તે તો 'કુમાર' ૬૧૫માં આવેલા તેના ચરિત્ર ઉપરથી પણ અનુભવી શકાય છે.

બીજા વિધાનની સામે મુનિ જિનવિજયજીએ સાચોરના જૈનકવિ ધનપાલનો તથા 'વિવિધ તીર્થકલ્પ'નો એમ બે ઉલ્લેખો રજૂ કર્યા છે. આથી મહમદની સવારી અંગે શંકા રહેતી નથી. જો કે વધારે ચોક્કસ હકીકત તો સૌરાષ્ટ્રના ઇતિહાસને લગતી હજારો હસ્તપ્રતો, જે રાજવંશોના તથા ચારણ બારોટોના ઘરમાં સડી રહી છે (હવે થોડીક સૌરાષ્ટ્ર યુનિ.માં પણ!) તે પ્રકાશમાં આવે ત્યારે જ પ્રાપ્ત થાય.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

કેવલિજ્ઞાન અને નમો અરિહંતાય

માર્ચ અંકમાં ભાઈ નરોત્તમ પલાણે પ્રાધ્યાપક ડૉ. હરિવલ્લભ ભાયાણીનો અભિપ્રાય ટાંક્યો છે. એમના કહેવા પ્રમાણે: 'કેવલિજ્ઞાન એ તદ્દન અજાણ્યો પ્રયોગ છે; જૈનધર્મના પ્રાચીન અને પ્રમાણભૂત ગ્રંથોમાં સર્વત્ર 'કેવલજ્ઞાન' (પ્રાકૃત – કેવલણાણં કે કેવળનાણં) પ્રયોગો હોવાનો મારો ખયાલ છે.'

આ વિષયમાં મને પણ વધારે જાણવાની ઈચ્છા હોઈ અમારી સંસ્થા (ડેક્કન કૉલેજ)ના વિદ્યમાન સંચાલક ડૉ. ઘાટગેને પૂછ્યું. એઓ પ્રાકૃત તેમજ સંસ્કૃતના સારા વિદ્વાન છે. એમણે તરત જણાવ્યું કે 'કેવલિજ્ઞાન' એ જૈન ધર્મનો પારિભાષિક શબ્દ છે.

આ ઉપરાંત ડૉ. એ. એન. ઉપાધ્યાય જે મેસૂર વિદ્યાપીઠના અનુસ્નાતક અધ્યયન અને સંશોધન ભવનમાં 'જૈનૉલૉજી' અને પ્રાકૃતના પ્રાધ્યાપક છે (અને અગાઉ વર્ષો સુધી કોલ્હાપુરમાં એ જ વિષયોના પ્રાધ્યાપક હતા એમને પણ આ 'કેવલિ' સંબંધે પુછાવ્યું. એઓ એમના તા. ૧૭મી મેના પત્રમાં લખે છે કે વળી આ સંદર્ભમાં કૈ. ડૉ. રાધાકૃષ્ણનનું કથન પણ પુષ્ટિ આપે છે. 'સવન્સ જર્નલ'ના ૧૧મી મે ૧૯૭૫ના અંકમાં પૃ. ૧૮ પર એમનો 'વર્ધમાન મહાવીર' પર લેખ છે તેમાં લખે છે:

From the end of these twelve years of preparatory self-mortification dates Vardhamana's Kevaliship. Thereafter he was recognised as omniscient, as a prophet of the Jainas or a Tirthankara (the founder of the path).

આટલા પરથી આપણે ગ્રાહ્ય કરવું રહ્યું કે 'કેવલિજ્ઞાન' એ જૈન ધર્મનો પારિભાષિક શબ્દ છે, અને 'નિર્વાણ', 'સાક્ષાત્કાર' એવા અર્થમાં વપરાયો છે.

આથી મારી નમ્ર સૂચના છે કે ગુજરાત-સૌરાષ્ટ્રમાં જૈન ધર્મની પ્રાચીનતાના વિશેષ પુરાવા જૂનાગઢની આસપાસ સંશોધન કરવામાં આવે તો જરૂર મળશે. હમણાં જ–ત્રણ મહિના પહેલાં જ ગિરનાં જંગલોમાં ડેક્કન કૉલેજના એક વિદ્યાર્થી મરાઠેએ મારા ધારવા મુજબ આદિ અશ્મ યુગના અસ્તિત્વનો ઉત્તમ પુરાવો મેળવ્યો છે.

શ્રી પલાણે બીજી શંકા 'નમો અરિહંતાય' બાબતમાં ઉઠાવી છે તે વાજબી છે. પાલાનો શીલાલેખ પ્રાકૃતમાં હોઈ, એમાં પહેલી લીટી 'નમો અરહતાનં' છે, નહિ કે 'અરિહંતાય'.

એમણે ત્રીજી શંકા ઉઠાવી છે કે 'ખારવેલ જૈન હોય તો તેના જીવનમાં યુદ્ધ ખેલે ખરો?' આ શંકાના જવાબમાં એટલું જ કહેવાનું કે આપણા બધાના વિચાર અને આચારમાં ઘણી વાર અંતર હોય છે. અશોક જેવા કોઈ વિરલ હોય કે જે એક વાર અહિંસાના ઉપાસક થયા પછી યુદ્ધ ખેલવાનું બંધ કરે. છતાં એના એક લેખમાં કહે છે કે 'હજુ મારા રસોડામાં દરરોજ એક મોર અને એક હરણની હત્યા થાય છે.'

ખારવેલની બાબતમાં તો એટલું જ કહેવાનું કે જે પ્રશ્ન શ્રી નાથાલાલભાઈ મંડલીને થયો હતો તેવો જ પ્રશ્ન આજથી ઘણાં વર્ષો પર ઈ. ૧૯૨૮માં ડૉ. બારુઆને થયો હતો જ્યારે એમણે Old Brahmi Inscriptions in the Udayagiri and Khandagiri Caves (Calcutta University) નામનું પુસ્તક લખ્યું હતું. બહુ પુખ્ત અભ્યાસ પછી ડૉ. બારુઆએ એવો અભિપ્રાય આપ્યો કે 'So far as this world was concerned, Kharvela was a Hindu, and so far as the other world was concerned he was a pious Jaina'. અને એ પણ ભૂલવાનું નથી કે ખારવેલે મગધ પર ચડાઈ કરી જે જૈન પ્રતિમા મૌર્ય રાજા લઈ ગયો હતો તે 'યુદ્ધ કરીને' જ એણે પાછી મેળવી હતી. અને ત્યાર પછી એણે ને એમના કુટુંબીજનો—રાણીઓ—એ ઓરીસામાં ગુફાઓ કોતરાવી કેટલા યે જૈન શ્રવણોને આશ્રય આપ્યો હતો. આ વિષય પર ભોપાલથી પ્રકટ થતા Prachya Pratibha Vol IIIમાં મેં એક લેખ લખ્યો છે, જેની પાંચ નકલો 'કુમાર'ના તંત્રીને મોકલી છે. જે વાચકને રસ હોય તે એમની પાસેથી મંગાવી શકે છે.

(પૂના) —હસમુખ ધી. સાંકળિયા

[*આ ચર્ચા અહીં બંધ થાય છે.]

ગિરીશકાકા પારિતોષિક

ચાલુ રહે છે

ઈ. ૧૯૭૫ના વર્ષ દરમિયાન 'કુમાર'માં પ્રકટ થતા લેખોમાં જેમના તરફથી સૌથી શ્રેષ્ઠ જોડણીશુદ્ધ અને વ્યાકરણશુદ્ધ લેખ મળ્યો હશે તેના લેખકને **રૂ. ૨૫નું પારિતોષિક** સ્વ. ગિરીશકાકા (ભાવનગર)ના પરિવાર તરફથી અપાશે.

ડૉ. મોતીચંદ અને સૌમ્યેન્દ્રનાથ

'કુમાર' એનાં જીવનચરિત્રોની ઉજ્જવલ પરંપરા ધરાવે છે, પણ મે '૭૫ અંકનાં બન્ને ચરિત્રો એના લેખકોના વધારેપડતા જાતપ્રવેશને કારણે ચરિત્રનાયકોના ચિત્રને ન્યાયકર્તા જણાયાં નથી. ડૉ. મોતીચંદના ચરિત્રનો ઉત્તરાર્ધ ડૉ. મોતીચંદ કરતાં શ્રી ઢાંકીને લગતો ને સૌમ્યેન્દ્રનાથના ચરિત્રનો પૂર્વાર્ધ સૌમ્યેન્દ્રનાથ કરતાં શ્રી શેઠને લગતો વિશેષ ભાસ્યો. આવા લેખો 'સંસ્મરણ' છે, 'ચરિત્ર' નથી.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

જૈન તીર્થંકર

મે અંકમાં 'ભગવાન મહાવીર અને જૈન ધર્મ' વિષે શ્રી ધીરુભાઈ પરીખે ટૂંકમાં પણ સ્વસ્થ માહિતી આપી. સમગ્ર ભારતવર્ષને મહાવીરનું સૌથી મૂલ્યવાન પ્રદાન તે સ્યાદ્વાદ છે અને આ 'સ્યાદ્વાદ' ભગવાન મહાવીર પહેલાં નથી. પાર્શ્વનાથ શ્રમણ પરંપરાની 'નિર્ગ્રંથ' વિચારશ્રેણીના પ્રવર્તક છે, જે વિચારશ્રેણી મહાવીરના કુટુમ્બમાં પળાતી. આ 'નિર્ગ્રંથ' વિચારશ્રેણીનાં સત્ય, અહિંસા, અસ્તેય અને અપરિગ્રહ એ ચાર વ્રતોમાં પાંચમું 'બ્રહ્મચર્ય' તથા સ્યાદ્વાદનો સિદ્ધાંતપક્ષ સ્થાપી મહાવીરે 'જૈનદર્શન' રજૂ કર્યું. આ અર્થમાં જૈન ધર્મના સ્થાપક મહાવીર છે. 'જૈન' જેવો શબ્દ પણ મહાવીરથી શરૂ થએલો છે અને 'તીર્થંકરો'ની કલ્પના તો મહાવીર પછી ૩૦૦ વર્ષે પાટલીપુત્રમાં મળેલી પ્રથમ જૈન પરિષદમાં આકાર પામી. અહીં તીર્થંકરોની સંખ્યા તો માત્ર ચારની જ છે! 'કલ્પસૂત્ર' જેવા પ્રાચીન જૈનગ્રંથોમાં પણ ચાર જ તીર્થંકરોની વાત છે, અને ભારતવર્ષમાં પ્રાપ્ત સૌથી પ્રાચીન જૈન અવશેષોમાં મથુરા પાસેનો કંકાલી ટીંબો એના સૌથી નીચેના થરમાં ચાર જ તીર્થંકરો ધરાવે છે અતઃ પ્રાપ્ત પ્રાચીન પુરાવશેષો પણ ચાર જ તીર્થંકરોના છે! ચારના ચોવીસ તીર્થંકરો તો થયા ઈસ્વી સન પછી, સંભવતઃ મથુરામાં ઈ. સ.ની બીજી-ત્રીજી સદીમાં આર્ય સ્કંદિલના અધ્યક્ષપણા નીચે મળેલી બીજી જૈન પરિષદમાં. હિન્દુઓના ચોવીસ અવતારો જેમ ઈ. સ. પછીનું સર્જન-ઉમેરો છે તેમ જૈનોના ચોવીસ તીર્થંકરો પણ ઈ.સ. પહેલાં નથી. આથી 'જૈનધર્મના ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથે પ્રસારેલો જૈનધર્મ' અને 'અગાઉના ૨૩ તીર્થંકરોએ પ્રબોધેલો જૈન ધર્મ' જેવાં વિધાનો ઐતિહાસિક નથી.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

સ્યાદ્વાદ

ભારતવર્ષમાં થએલો તત્ત્વજ્ઞાનના વિકાસનો ઇતિહાસ જોઈએ તો એમાં પણ 'સ્યાદ્વાદ'ને (જે જૈન ધર્મનું હાર્દ છે) મહાવીર પહેલાં ગોઠવી શકાય તેમ નથી. જૈન ધર્મનું મૂળ પાર્શ્વનાથમાં જોવામાં આવે છે તે સત્ય, અહિંસા, અસ્તેય અને અપરિગ્રહ મહાવીરે પાર્શ્વનાથમાંથી લીધા એટલા પૂરતું સાચું છે; પણ સત્ય અને યથાર્થ વચન તો એ થશે કે પાર્શ્વનાથની વિચારશ્રેણીમાંથી વિચલિત થઈ ને મહાવીરથી જૈન ધર્મની અલગ શાખા શરૂ થઈ. શાખામાં રહેલું જીવન થડમાંથી આવેલું એ ખરું પણ તેથી થડ જેટલી જ શાખા પ્રાચીન છે એમ કહી શકાશે નહિ. મહાવીર અને પાર્શ્વનાથ સ્પષ્ટતઃ ભિન્ન છે. 'ભગવતી સૂત્ર' જેવા શ્વેતામ્બર જૈનોના અતિ પવિત્ર પ્રાચીન ગ્રંથમાં પણ મહાવીર અને પાર્શ્વનાથના શિષ્યોને અલગ અલગ ગણાવેલા છે, અને આ જ મુદ્દા ઉપર શ્વેતામ્બર—દિગમ્બરના ભિન્ન પંથોનું સર્જન છે.

અસ્તુ. 'સ્યાદ્વાદ'નું તત્ત્વદર્શન કેવી રીતે સંભવ્યું?' ભગવાન મહાવીર એક એવા બિન્દુ ઉપર છે કે જેની સામે 'છે' અને 'નથી'ની બે મહાન વિચારપરંપરાઓ ધબકી રહી છે. કહો કે મહાવીર પ્રયાગરાજ ઉપર ઊભા છે,—તેમની સામે ગંગા તથા યમુનાના બે સ્પષ્ટ અલગ પ્રવાહો છે. મહાવીરે બન્નેની યથાર્થતા સ્વીકારી અને બન્નેને પોતાની બાથમાં લીધા. પ્રયાગ પછી ગંગાયમુનાનું સહગમન તે સ્યાદ્વાદ છે! સ્યાદ્વાદમાં વૈદિક તથા શ્રમણ બન્ને પરંપરાના સુભગ અંશોનો મહાવીરના હાથે મૌલિક સમન્વય થએલો છે. (છે/નથી/છે પણ, નથી પણ/અનિર્વચનીય/છે અને અનિર્વચનીય/નથી અને અનિર્વચનીય/છે પણ નથી પણ અને અનિર્વચનીય/—આ સાત 'નય'—એટલે સાત બાજુ એટલે અનેકાંતવાદ. ઉપનિષદોમાં અનેકાંત એવો દ્વૈતવાદ છે, બૌદ્ધોમાં 'વર્ણ અનેક છે, આકાર અનેક છે'માં આ જ તંતુ છે.) આ બધી પરંપરાઓનો—વિચારોનો આટલો વિશાળ અનુભવ મહાવીર પહેલાં શક્ય જ નથી. અતઃ મહાવીર સ્યાદ્વાદની જનેતા છે. તેમની પહેલાં 'સ્યાદ્વાદ'ને નિહાળવો કે તેમની પહેલાં 'જૈનધર્મ'નો પ્રારંભ જોવો એ ઐતિહાસિક નથી.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

ઍગાથા ક્રિસ્ટીનો પૉઇરૉટ

મે અંકમાં ઍગાથા ક્રિસ્ટીનો ટૂંક પરિચય ખૂબ રસપ્રદ નીવડયો. તેમના નાયકનું નામ પૉઇરૉટ (Poirot) જણાવવું જોઇએ. પૉઇરૉટ પાસે ઍગાથા ક્રિસ્ટીએ પંચાવન વર્ષથી અનિયમિતપણે પણ ચોકસતાવાળું લોકપ્રિય ગુનાશોધન કરાવ્યું છે. ચોર્યાશી વર્ષનાં આ લેખિકા હવે લેખનવ્યસ્ત રહેશે કે કેમ તે શંકાસ્પદ છે, કારણ કે હમણાં બહાર પડનારા તેમનાં છેલ્લા પુસ્તક 'Curtains: Poirot's Last Case'માં પૉઇરૉટનું મૃત્યુ દર્શાવાશે. પૉઇરૉટના અવસાનનો શોક લગભગ બે કરોડ વાચકોને પાળવો પડશે. પૉઇરૉટનો અંત આણવાનું કારણ, લેખિકાના મંતવ્ય પ્રમાણે, 'પૉઇરૉટને અમર ન બનવા દેવો' તે છે. ઍગાથા ક્રિસ્ટી માને છે કે પૉઇરૉટનું પાત્ર ટારઝન ને જેઈમ્સ બૉન્ડ જેવું બનવું ન જોઈએ, કે જેને બીજા લેખકોએ અમર બનાવી દીધા છે.

ભૂતકાળમાં સર આર્થર કૉનન ડૉઇલે પોતાના વિખ્યાત અદ્વિતીય નાયક શેરલૉક હોમ્સનું મોત નિપજાવવા 'The Titanic struggle with Mr. Morairty'માં પ્રયત્ન કરેલો; પણ વાચકોમાં ભારે વિરોધ ઊઠતાં નાછૂટકે હોમ્સને જીવતદાન આપવું પડેલું. પૉઇરૉટના કિસ્સામાં આવું બનશે? એક વખત તો નિવૃત્તિ લીધા પછી પણ પૉઇરૉટે અત્યારે કામગીરીરૂપે ગુનાશોધન ચાલુ રાખવું પડે છે. ઇંડા આકારનો ચહેરો ને કડક કરડી મૂછોવાળો પૉઇરૉટ શેરલૉક હોમ્સથી ઘણી રીતે જુદો પડે છે. શેરલૉક હોમ્સ વૈજ્ઞાનિક રીતો અને બારીક અવલોકનો પર આધાર રાખતો જણાય, જ્યારે પૉઇરૉટ પોતાની આગવી ગુનાશોધન બુદ્ધિનો ઉપયોગ કરતો જણાય છે. અત્યાર સુધીમાં ૨૦ કરોડ નકલોમાં ખ્યાતિ પામેલા આ પાત્રને છેલ્લા કિસ્સામાં મૃત્યુ પામતો વાંચવાનું, રહસ્યનવલકથાના રસિયાઓને ગમગીન બનાવશે

(અમદાવાદ) —વિક્રમ પટેલ

લતા મંગેશકર અને ઉચ્ચાર

ડિસેમ્બર '૭૫ના અંકમાં પાર્શ્વગાયિકા લતા મંગેશકર વિષેનો પ્રો. વસંત જોષીનો રસસભર ચરિત્રલેખ વાંચ્યો. લેખકે લતા મંગેશકરનાં અન્ય પાસાંઓ સાથે તેમના સૂર અને ગાયકી બદલ ખોબા ભરીને વખાણ કર્યાં છે જે નિર્વિવાદ છે. હું પોતે સંગીતજ્ઞ ન હોવા છતાં તેમના કઢંગા શબ્દોચ્ચાર વિષે ટિપ્પણી કરવાની બા અદબ રજા લઉં છું. તેમનાં ગીતોમાં અવારનવાર અશુદ્ધ હિંદી શબ્દોચ્ચાર આવે જ છે, જે તરફ આંખમીંચામણાં ન થાય. દા. ત. 'કભી' ને બદલે 'કબ્હી'

કદાચ તેમનામાં રહેલા જન્મજાત મહારાષ્ટ્રીઅન શબ્દસંસ્કારને લીધે આવું થતું હશે. આમ છતાં ય જો આ એમના ધ્યાન પર લાવી અને સૂર સાથે શબ્દના ઉચ્ચાર માટે શુદ્ધતાની સભાનતા કરાવીએ તો તે અસ્થાને નથી જ.

(મુંબાઇ) —સુભાષ વિઠ્ઠલદાસ સંપટ

કેટલા?/ભગવતીકુમાર શર્મા

• ગાન •

એક લ્હેરખીમાં શ્વાસ ભરું કેટલા સુગંધબાઈ?
એક મંજરી પે નામ લખું કેટલાં હો લાજબાઈ?
મુઠ્ઠીના કાંઠાઓ તોડી હથેળીઓની રેખાઓ દોડે તો કેટલું?
પગલાંની આછેરી છાપમાંથી છટકીને રસ્તાઓ દોડે તો કેટલું?
બે'ક ફોરાંમાં અંગ ભીંજે કેટલાં વીજલબાઈ?
એક ચાંદરણે ફળિયાં ઝગે કેટલાં ચંદનબાઈ?
ખોબામાં દરિયાનો સંચકીને ઘૂઘવાટ રણને તે કેમ કરી વીંધવાં?
ટેરવાં પે તરસ્યુંનાં તોળાને આભ મારે ચૈતર-વૈશાખ શે વળોટવા?
એક પાંદડે કદમ્બ ઊગે કેટલાં હો પાનબાઈ?
એક વ્હેંતમાં ગોકુળ વસે કેટલાં હો વેણુબાઈ?
કેટલામાં કેટલાના ભમ્મરિયા કૂવા ને કૂવામાં કેટલાંક પાણી?
પાણીમાં પરપોટા ઊઠે—વિખરાય એમાં ગામને તે કેમ જવું તાણી?
એક એટલામાં શબ્દ કહું કેટલા નિરાંતબાઈ?
એક આટલામાં અર્થ કરું કેટલા વરાળબાઈ?

ભર દરિયે/હસિત બૂચ

• ગાન •

લાખ અમારાં શમણાં રોયાં ભર દરિયે ભર દરિયે,
અમે અમારાં મોતી ખોયાં ભર દરિયે ભર દરિયે.

વેળુમાં પગ પડ્યા અમારા, હવે ન અમને જાણે,
રૂંવેરૂંવાડાં અહીં વીંધાતાં દિશાદિશાને બાણે;
અમે છતાં જ્યાં હાલ પરોવ્યાં, અલગ ન એને ગણિયે.

ધરની વાટ-ફળી ધીમેથી કર વાંસે ફેરવશે,
ગળે ગોળીનો ઘૂંટ ઊતરી ટાઢક કોઠે કરશે;
અમે રખોપે જેને સોંપ્યાં, એનાં થઈને રહિયે.

કાલાકાલા બોલ કોઈના ખભે ચડીને વ્હેશે,
ઊને રોટલે અમરત કોઈ ભરીભરીને દેશે;
રિક્ત અમે, તો યે જે મોહ્યાં દુહાઈ એની ભણિયે.

નિશાન આંક્યાં જતાં ન લોપ્યાં ભર દરિયે ભર દરિયે,
અમે અમારાં મન છે રોપ્યાં ભર દરિયે ભર દરિયે.

નહિ / કનુ મહેતા 'વ્યોમ'

• ગઝલ •

ઇચ્છા વિના આગળ થવાનું આમ તો રુચે નહિ;
ને પાંદડાંને ક્યાં જવું? વંટોળિયો પૂછે નહિ!

પાછાં શમીને કાળસાગરનાં ઉછાળ્યાં ઊછળ્યાં
મોજાં સંબંધોનાં છીએ કૈં હું અને તું છે નહિ!

તો કેટલું આબાદ ચિતરામણ વિહંગે નું બને?
પાંખે કર્યા રસ્તા કદી અવકાશ જો ભૂંસે નહિ!

ઝાકળજીવન છે 'વ્યોમ' વિષમ કેટલું, નહિ તો જુઓ:
નીચે સુંવાળાં ફૂલ, ઉપર કિરણો ખૂંચે નહિ!

સુભગ રિદ્ધિ / ગોવિંદભાઈ પટેલ

• પૃથ્વી •

કૃષીવલ શ્રમે રજો કર મહીં કંઈ આંટણો,
સમૃદ્ધિ ભવની કશી ય કશી તે! કશાં ભૂષણો!

ધરા તણી મીઠી મનોહર સુગંધને માણતાં
સવાર પડતાં જ ધોરી સહ ક્ષેત્રને ખૂંદવું;
પદેપદ વધી અગાડી, રચી કર્મનું ફૂંદવું,
સુહાગી થવું સ્વેદથી સરજી લ્હાવ મધ્યાહ્નના.

અહીં જગતક્ષેત્રમાં હું ય કરી રહ્યો કાર્ય કૈં
દિનેદિન મથીમથી, કદી ઉજાગરાથી ઢળી;
મળે અધિક કંટકો, ક્વચિત સેજ એ કૂમળી,
રહું હળી, તથાપિ, સર્વ સહ હેતથી આર્દ્ર રૂહી.

ઘસાઈ ચગદાઈ કોમળ ત્વચા થતી રીઢી શી!
હથેલી મહીં ચન્દ્રકો સમ પડી જતાં આંટણો;
અહીં પછી ન વેદનો અધિક, નાર કો મીંઢી શી
ત્વચા સહી રહે ઘણુંક, સળકે ન, છોને ખણો!

કરું શ્રમ, સહું ઘણું ય ઘણું કિંતુ આ અંતરે
પડો ન કદી આંટણો, સુભગ રિદ્ધિ એ માહરે.

પગલાં/માણેકલાલ પટેલ

• ગાન •

એકલ નજરુંથી શરમાતાં પગલાં જોયાં!
વાટવછોયાં શ્વાસે શ્વાસે પગલાં જોયાં!

અરધાંપરધાં રૂપથી સોહ્યાં પગલાં જોયાં,
અતલ અજંપ્યાં છાંયે છાંયે પગલાં જોયાં!

લીલા ઉઘાડથી ઊભરાતાં પગલાં જોયાં,
ચકલે ચૂગી વાડે વાડે પગલાં જોયાં!

રાત રસેલાં ફૂલે ગાતાં પગલાં જોયાં,
પવને લીપી રેખે રેખે પગલાં જોયાં!

સવળાંઅવળાં પળ શમણાતાં પગલાં જોયાં,
વ્હેતા જળની છોળે છોળે પગલાં જોયાં!

ભીતરમાંની તરંગ ભાતે પગલાં જોયાં,
અંધારાંની આંખે આંખે પગલાં જોયાં!!

મ્હેકી ઊઠયો / જિતેન્દ્ર કા. વ્યાસ

હું બળ્યો છું તે છતાં મ્હેકી ઊઠયો!
ધૂપ અગરુનો થઈ મ્હેકી ઊઠયો!

શ્યામ અંજન છું છતાં એ આંખમાં
સ્વપ્ન લીલુડું થઈ લ્હેકી ઊઠયો!

વીજ ચમકી, વાદળી ઝરમર ઝરી,
મોરલાના પિચ્છ શું ગ્હેકી ઊઠયો!

ફૂટતાં અત્તરની શીશી, ઢોલિયો
બાથમાં મેડી લઈ મ્હેકી ઊઠયો!

બરાબર એક સો વર્ષ પહેલાં બાર વર્ષની વયે રાજ્યારોહણ થયું ત્યાં સુધી તો જે કેવળ નિરક્ષર કૃષિકાર કિશોર હતા, પણ પછી ગણતરીનાં વર્ષોમાં અનેક વિદ્યાઓમાં પારંગત થઈ લોકહિતચિંતક વત્સલ રાજવી બનીને જેમણે હિંદુસ્તાનમાં સૌ પ્રથમ મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કર્યું, પોતાના રાજ્યમાં ગામેગામ પુસ્તકાલયો સ્થાપ્યાં, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ રચી, અસ્પૃશ્યતા-નિવારણ માટે ગૌરવયુક્ત વ્યવસ્થા કરી, એ સમયમાં ક્રાંતિકારક એવા સમાજસુધારાના અનેક કાયદા કર્યા અને સંસ્કૃતિ, સાહિત્ય તથા કલા-હુન્નરનો વિકાસ સાધી રાજ્યની સમૃદ્ધિ અને શાન વધારી

ગ્રીષ્મ ઋતુનો સૂર્ય ધીરે ધીરે આકાશમાં ઊંચે ચડી રહ્યો હતો. એ સમયે મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં આવેલા કવલાણા ગામની સીમમાં કેટલાક ઘોડેસવારો ઝપાટાભેર દાખલ થયા.

સો-દોઢસો ઘરની વસ્તીવાળું એ નાનકડું ગામ હતું. બેત્રણ બ્રાહ્મણ કુટુંબો, ગાયકવાડનાં સાતેક કુટુંબો અને બાકી કણબી કુટુંબો ત્યાં હતાં. મોટે ભાગે બધાં જ કુટુંબો ખેતી કરતાં હતાં.

ગામમાં દાખલ થતાં જ ઘોડેસવારોએ કાશીરાવ ગાયકવાડની તપાસ આરંભી. કોઈએ કહ્યું કે એ તો ખેતરમાં ગયા છે, એટલે તેમણે ઘોડા સીમ ભણી વાળ્યા.

કાશીરાવ ખેતરમાં એક ઝાડની છાયામાં આરામ કરી રહ્યા હતા. ત્યાં આવી એક ઘોડેસવારે પૂછ્યું: 'આપનું નામ કાશીરાવ ગાયકવાડ કે?'

'જી, હા.' કાશીરાવે જવાબ આપ્યો.

'આપ આ ગામમાં કેટલાં વર્ષોથી રહો છો?'

'અહીં તો અમારી ઘણી પેઢીઓ થઈ ગઈ.'

'વારુ. આપના વંશની હકીકત જણાવશો?'

'હા; કેમ નહિ? વડોદરા રાજ્યના સ્થાપક પિલાજીરાવ પછી ગાદીએ આવનાર દમાજીરાવ બીજાના નાના ભાઈ પ્રતાપરાવ તે અમારા પાંચમા પૂર્વજ. હાલના મહારાજા મલ્હારરાવે તો મને અને મારા મોટા ભાઈ ઉખાજીરાવને એ સગપણથી પોશાક પણ ભેટ આપેલો છે.'

'આપને કેટલા પુત્રો છે?' 'ત્રણ.'

કાશીરાવને આ બધી પૂછપરછનું રહસ્ય સમજાયું નહિ. છેવટે ઘોડેસવારોના આગેવાને ફોડ પાડ્યો કે અંગ્રેજ સરકારે મલ્હારરાવને ગાદીએથી ઉઠાડી મૂક્યા હોઈ. વડોદરાની ગાદી માટે સદ્‌ગત મહારાજા ખંડેરાવનાં પત્ની જમનાબાઈ ગાયકવાડ વંશમાંથી યોગ્ય બાળકને દત્તક લઈ રાજ્યાભિષેક કરવા ઇચ્છે છે.

ખંડેરાવ તા. ૨૦-૧૧-૧૮૭૦ના રોજ અવસાન પામ્યા ત્યારે જમનાબાઈ સગર્ભા હતાં; પરંતુ તેમણે પુત્રીને જન્મ આપ્યો. આથી ખંડેરાવના ભાઈ મલ્હારરાવ ગાદીએ આવ્યા. તે વિલાસપ્રિય અને જુલ્મી નીવડવાથી પ્રજામાં અપ્રિય થઈ પડ્યા. તેમની આપખુદીની તપાસ કરવા અંગ્રેજ સરકારે એક તપાસપંચ નીમ્યું. તેમાં આવેલા કર્નલ ફેરને મલ્હારરાવ પરના આક્ષેપો સાચા લાગ્યા. વળી, કર્નલ ફેરને પોતાને ઝેર આપીને મારી નાખવાનો પ્રયત્ન થયો છે એવો શક ગયો ને તેમાં મહારાજાનો હાથ હતો એવો તેમણે રિપોર્ટ કર્યો. આથી અંગ્રેજ સરકારે મલ્હારરાવને પદભ્રષ્ટ કરી, તેમના વારસદારોનો ગાદીહક રદ કર્યો. વડોદરા રાજ્યનો કારભાર રેસિડેન્ટે હાથમાં લીધો અને જમનાબાઈને દત્તક લેવાની છૂટ આપી.

કાશીરાવના ત્રણ પુત્રો: ૧૭ વર્ષના આનંદરાવ, ૧૨ વર્ષના ગોપાળરાવ અને ૧૦ વર્ષના સંપતરાવ તથા ઉખાજીરાવના પુત્ર દાદાસાહેબ. એ ચારમાંથી મહારાણી જમનાબાઈએ પસંદગી કરવાની હતી. ચારેય છોકરાઓને સારો પોશાક પહેરાવીને તેમની સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

મહારાણીએ કુમારોને પૂછ્યું: 'તમે અહીં શા માટે આવ્યા છો?'

આનંદરાવ અને દાદાસાહેબ કંઈ બોલ્યા નહિ. સંપતરાવે કહ્યું: 'મને ખબર નથી.' પણ ગોપાળરાવે છટાથી કહ્યું: 'હું વડોદરાનો રાજા થવા આવ્યો છું.' હિંમતભર્યો જવાબ સાંભળી મહારાણી જમનાબાઈના મનમાં એ છોકરો વસી ગયો અને છેવટ એને જ દત્તક લેવાનું ઠર્યું.

તા. ૨૭-૫-૧૮૭૫ના રોજ પ્રાતઃકાળમાં વડોદરાના દરબારગઢમાંથી વાજિંત્રોના મંગલ સૂર વહેતા થયા. તે દિવસે ગોપાળરાવનું દત્તકવિધાન થયું. અને બીજે જ મહિને ૧૬મી જૂને તેમનો વિધિપૂર્વક રાજ્યાભિષેક થયો. નિરક્ષર ખેડૂતપુત્ર ગોપાલ વડોદરાનરેશ બન્યો. સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ તરીકે ઓળખાયા તે આ જ ગોપાળરાવ.

વડોદરા રાજ્યના રાજ્યકર્તાઓ પહેલાં 'મત્રે' અટકથી ઓળખાતા. એ રાજવંશના મૂળ પુરુષ નંદાજી મહારાષ્ટ્રના ભોર સંસ્થાના એક કિલ્લેદાર હતા. તેમણે ખાટકીના હાથમાંથી ગાયોને બચાવી કિલ્લાના કમાડની આડશ લઈને એમનું રક્ષણ કર્યું. મરાઠીમાં કમાડને 'કવાડ' કહે છે. તેથી 'ગાય' અને 'કવાડ' મળી 'ગાયકવાડ' શબ્દ બન્યો અને આગળ જતાં તે અટકરૂપે પ્રચલિત બન્યો એવી દંતકથા છે.

ગોપાળરાવનો જન્મ મહારાષ્ટ્રના કવલાણા ગામમાં કાશીરાવ તથા ઉમાબાઈના પુત્ર તરીકે ઈ. સ. ૧૮૬૩ના માર્ચ મહિનાની ૧૧મી તારીખે થયો હતો. ત્રણ દીકરા ને ચાર દીકરીઓમાં ગોપાળરાવ વચેટ હતા.

ગામડામાં ઊછરેલા ગોપાળરાવ સાવ નિરક્ષર જ હતા. દત્તક લેવાયા પછી તેમને ભણવા ઉપરાંત રાજા તરીકેનું શિક્ષણ પણ લેવાનું હતું. રેસિડેન્ટ મીડ તથા દીવાન સર ટી. માધવરાવે તેમના અભ્યાસ અર્થે શિક્ષકો રોક્યા. પછી રાજકુમાર શાળાની સ્થાપના થતં તેમને ત્યાં મૂક્યા. અહીં તેમને સર્વાંગી તાલીમ અપાવા લાગી. અઢાર વર્ષની ઉંમર થતાં સુધીમાં તો તેઓ અંગ્રેજી વાંચતાં અને બોલતાં શીખી ગયા. રાજકારભારની બાબતોના વિવિધ વિષયો પરત્વે તે તે ક્ષેત્રના નિષ્ણાતોનાં વ્યાખ્યાનોનો નવ માસનો અભ્યાસક્રમ રખાયો. અને ચબરાક ગ્રામકુમારે એટલા ટૂંકા ગાળામાં પણ રાજ્યસૂત્રોની જરૂરી માહિતી તથા જ્ઞાન મેળવી લીધાં.




બાલ્ય વયે] **સયાજીરાવ** [તરુણ વયે

અભ્યાસ પૂરો થતાં ઈ. સ. ૧૮૮૧ના ડિસેમ્બરની ૨૮મીએ ગોપાળરાવ-ને 'સયાજીરાવ'ના નામ સાથે વડોદરાનો રાજ્યાધિકાર સોંપાયો.

સયાજીરાવે રાજ્યવહીવટ હાથમાં લીધો એ વેળા અનેક પ્રકારની ગેર-વ્યવસ્થા પ્રવર્તતી હતી. તદ્દન નજીવી રકમના ખર્ચ માટે પણ રાજાની મંજૂરી લેવાતી. જૂના વહીવટમાં રાજ્યની કોઈ પણ વ્યક્તિ પર આરોપ મૂકી, રાજ્યકર્તાની મરજી મુજબ તેને સજા થઈ શકતી. બિનસલામતીને કારણે ધાડપાડુઓ અને લૂંટારાથી પ્રજા હેરાન થતી શહેરમાં પોલીસ હતી, પણ કોઈ વ્યવસ્થા કે શિસ્ત નહોતી. ઈ. સ. ૧૮૮૨ની સાલમાં સયાજીરાવ કડી પ્રાન્તની મુલાકાતે ગયા ત્યારે તેમની સાથે અમલદારો અને નોકરો મળી કુલ ૨૩૬૭ માણસો અને ૯૧૦ જાનવરોનો રસાલો હતો! છતાં વ્યવસ્થાનું નામનિશાન નહોતું. મહારાજાના પોશાક અને અન્ય સામગ્રી સાથે તેમની ૧૨ વર્ષની ઉંમરે પહેરેલા બૂટ પણ સાથે લેવાતા! શી ખબર 'મહારાજાને કયે વખતે કઈ વસ્તુનો ખપ પડે?'

આવા સંયોગોમાં, દીવાન સર ટી. માધવરાવે રાજ્યનું બંધારણ ઘડયું અને સુપેરે વહીવટ થાય તેવા અનેક સુધારા દાખલ કર્યા. મહેસૂલમાંથી ઈજારા-પદ્ધતિ નાબૂદ કરી ત્રાસદાયક વેરા રદ થયા. પ્રજાનાં સુખદુઃખ જાણવા ને રાજ્યનો પરિચય મેળવવા માટે સયાજીરાવે રાજ્ય-ભરમાં મુસાફરી કરી અને તેમાં યે જરૂર પૂરતા જ માણસો સાથે રાખીને રાજ્યના ખૂણેખૂણે પહોંચીને પ્રજાની સ્થિતિ જાણી લીધી.

એ હતો ભારતનો સંક્રાન્તિ કાળ. વિદેશનાં વિદ્યા, કલા અને હુન્નર આણવાની ત્યારે મોટી ઝુંબેશ દેશમાં ઊપડી હતી. ઈ. ૧૮૮૭થી માંડીને ઈ. ૧૯૩૮ સુધીમાં ત્રીસેક વખત વિદેશયાત્રા કરીને તેમણે એશિયા, યુરોપ ને અમેરિકાના સોળ દેશોના પ્રવાસ કર્યા હતા. એનું શુભ પરિણામ એ આવ્યું કે સુધારા અને સંસ્કૃતિ ક્ષેત્રે આગળ વધેલા દેશોનાં ઉત્તમ તત્ત્વો નિહાળીને તેને પોતાના રાજ્યમાં ઉતારવાની તેમનામાં ભાવના જાગી. શિલ્પ-સ્થાપત્ય અને અન્ય કળાના નમૂનાઓનું તેમણે પોતાના રાજ્યમાં ભારતીય ઢબે અનુસરણ કર્યું હતું. ઈ. ૧૯૧૦માં જાપાનના પ્રવાસ વેળા કિયોટોની મહાકાય બુદ્ધમૂર્તિથી પ્રભાવિત થઈને તેવી જ એક મૂર્તિ વડોદરાના જ્યુબિલી બાગમાં મુકાવી.

એકવીસ લાખ જેટલી વસ્તી ધરાવતા વડોદરા રાજ્યમાં પછાત વર્ગનું પ્રમાણ ઘણું મોટું હતું. રાનીપરજ, બારૈયા, ઠાકરડા, કોળી, રબારી, વાઘેર અને અંત્યજો ('હરિજનો' માટે વડોદરા રાજ્યમાં વપરાતો શબ્દ)-ની વસ્તી લગભગ ૩૮ ટકા જેટલી હતી. પ્રજા લગભગ નિરક્ષર હતી. જે સમયે ગોખલે અને અન્ય નેતાઓની મુંબાઈ ઈલાકાની ધારાસભામાં સાર્વત્રિક કેળવણીની માગણીના જવાબમાં અંગ્રેજ સરકારે એના ખર્ચ-નો બોજો ઉઠાવવાની અશક્તિ દર્શાવી હતી, ત્યારે સયાજીરાવે વડોદરા રાજ્યમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરવાની ભારતભરમાં પહેલ કરી. ઈ. ૧૮૯૨થી અમરેલી મહાલથી શરૂ કરેલી આ યોજના ઈ. ૧૯૦૬ સુધીમાં સમગ્ર રાજ્યમાં વિસ્તરી ને ઈ. ૧૯૧૦ સુધીમાં તો કન્યાશાળા-ઓ, અંત્યજશાળાઓ અને ઉર્દૂ શાળાઓ સાથે ૨૯૩૮ જેટલી પ્રાથમિક



શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ


લેખક · પ્રા. નરોત્તમ વાળંદ

શાળાઓ સ્થપાઇ ચૂકી હતી. ગરીબ બાળકોને સ્લેટ તથા પુસ્તકો મફત અપાતાં. શાળામાં ગેરહાજર રહેનાર બાળકોનાં માબાપને દંડ થતો. તદ્દન નાનાં બાળકો માટે કિન્ડર ગાર્ટન અને મૉન્ટેસારી પદ્ધતિની શાળાઓ પણ એમણે શરૂ કરાવી. પછાત વર્ગના વિદ્યાર્થીઓ અને કન્યાઓ માટે રાજ્યમાં ઠેર ઠેર સરકારી છાત્રાલયો ઊભાં કર્યાં. પ્રાથમિક શાળાઓ માટે તાલીમ પામેલાં શિક્ષક-શિક્ષિકાઓ સારુ અલગ અલગ અધ્યાપન શાળા-ઓ પણ સ્થાપી. તે પછી ઈ. ૧૮૮૧માં રાજ્યમાં પ્રથમ હાઈસ્કૂલ સ્થપાઈ. ત્યાર બાદ વધુ હાઈસ્કૂલો અને કૉલેજ સ્થાપ્યાં. ઈ. ૧૯૩૩ના માર્ચમાં 'સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ'ની સ્થાપના થઈ. ગુજરાતમાં પ્રથમ એવી વડોદરા રાજ્યની એક સ્વતંત્ર યુનિવર્સિટી સ્થાપી. રાજ્યનાં બધાં ખાતાંઓમાં

વડોદરા નરેશ શ્રીમંત ગાયકવાડ સરકારે હરિજનો પ્રત્યે જે વર્તન રાખ્યું છે તે માટે, તથા અસ્પૃશ્યતાના ભેદને રાજ્ય તરફથી ખુલ્લી રીતે દૂર કર્યો છે તે માટે એઓશ્રીને આપણા સૌનાં અંતરનાં અભિનંદન ઘટે છે. —ગાંધીજી

પિતામહ વૃદ્ધવીર દાદાભાઈ અને નિત્ય યૌવનભર મોહનદાસ ગાંધી પછી ગુર્જરાધિપતિ શ્રીમંત મહારાજ સયાજીરાવ ગાયકવાડ સર્વશ્રેષ્ઠ ગુજરાતી છે.
—ન્હાનાલાલ કવિ

I take this opportunity to express my deep regard for his personality, and my appreciation of his great gifts as a ruler of the peoples, his far-statesmanship and wisdom which have made Baroda one of the most prosperous and progressive states of India. *-Rabindranath Tagore*



△ શ્રીમંત સયાજીરાવના ગુજરાતી, મરાઠી અને અંગ્રેજી હસ્તાક્ષરો

તેઓ ભારતમાંથી તેજસ્વી બુદ્ધિમાન અને દેશદાઝવાળા નરરત્નો ચૂંટીને અધિકારપદે મૂકતા.

પણ મહારાજાનું સૌથી અગત્યનું કાર્ય તો અસ્પૃશ્યોને કેળવવાનું અને તે દ્વારા અસ્પૃશ્યતા નિવારણની ઝુંબેશનું છે. રાજ્યની ૨૦ હજાર જેટલી હરિજનવસ્તીના લગભગ ૧૦ ટકા તો સયાજીરાવની ઉદાર યોજના નીચે વગર ખર્ચે અભ્યાસ કરતા હતા. હરિજન વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા શિષ્યવૃત્તિઓ અપાતી હતી. એ અનુસાર ડૉ. આંબેડકરને અમેરિકા અભ્યાસ કરવા મોકલવામાં આવેલા. હરિજનો માટેની શાળાઓમાં સવર્ણ હિંદુ શિક્ષકો જતા નહિ એટલે મુસ્લિમ ને આર્યસમાજી શિક્ષકો મૂકવા પડતા, પણ જે સવર્ણ હિંદુ શિક્ષકો એવી શાળામાં જવા તૈયાર થાય તેમને વધુ પગાર અપાતો. અસ્પૃશ્યતા વિરોધી પ્રચાર કરવા માટે મહારાજાએ એક આર્યસમાજી પ્રચારકને છેક પંજાબથી બોલાવીને રોક્યા હતા. રાજ્ય તરફના સભા મેળાવડા તથા દરબારમાં હરિજનોને સૌની સાથે બેસાડવામાં આવતા. સરકારી શાળાઓ, કચેરીઓ, દવાખાનાં, પંચાયતો ને ધારાસભા હરિજનોને માટે ખુલ્લાં હતાં.

રાજ્યમાં હુન્નર-ઉદ્યોગનું શિક્ષણ આપવાને ઈ. સ. ૧૮૯૦માં ગુજરાતના પ્રતિભાવંત વિજ્ઞાની પ્રો. ત્રિભોવનદાસ કલ્યાણદાસ ગજ્જરના આચાર્યપદે એમણે 'કલાભવન'ની સ્થાપના કરી. તેમાં કાપડ નિખારવાની, રંગ બનાવવાની, છાપવાની, સાબુ બનાવવાની, ફોટોગ્રાફીની અને કાચ બનાવવાની કળા તથા શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર, ઈજનેરી વિદ્યા, રસાયણના ઉદ્યોગો, સુતારીકામ વગેરે શીખવાતાં. તેની પૂર્તિ રૂપે 'જ્ઞાનમંજૂષા ગ્રંથમાળા' ને 'રસરંગરહસ્ય' નામે સચિત્ર માસિકો શરૂ થયાં; હુન્નર વિદ્યાકલાની પરિભાષા ઘડાઈને પારિભાષિક શબ્દકોશ તૈયાર થયો. આમ, ગુજરાતમાં હુન્નરકળાનો પુનરુદ્ધાર કરવાનું પ્રથમ પગલું એમણે માંડ્યું.

સ્ત્રીઓની ઉચ્ચ કેળવણી અર્થે એક લાખ રૂપિયાનું અલગ ટ્રસ્ટ કર્યું હતું. 'મહારાણી ચિમનાબાઈ મહિલા પાઠશાળા' દ્વારા કન્યા કેળવણીનો આરંભ થઈ ઈ. ૧૯૧૪માં ૩૯૪ કન્યાશાળાઓ અસ્તિત્વમાં આવી. 'મહારાણી ચિમનાબાઈ સ્ત્રી સમાજ' દ્વારા સ્ત્રી ઉદ્યોગાલયો સ્થપાયાં. પરદાનશીન સ્ત્રીઓ માટે સીવણ-ભરત વગેરેના વર્ગો શરૂ થયા. ડૉ. સુમન્ત મહેતાની દેખરેખ નીચે બાળસંરક્ષણ સંસ્થા તથા સ્ત્રી નર્સોના તાલીમવર્ગો ને છાત્રાલયોની શરૂઆત થઈ. બહેરાંમૂંગાંનાં શિક્ષણનો પણ મહારાજાએ પ્રબંધ કરેલો. સંગીત-શિક્ષણ માટે ત્યારે સ્થપાએલી 'મૌલાબક્ષ ગાયન-વાદન શાળા' તો આજે વિકાસ પામીને 'સંગીત મહાવિદ્યાલય' બની છે. એ સંસ્થાના ઉપક્રમે ભારતમાં સૌ પ્રથમ 'રાષ્ટ્રીય સંગીત-પરિષદ' પણ વડોદરામાં મળેલી.

કસરતનો પણ એમને શોખ હોઈ રાજ્યમાં શારીરિક કેળવણી દાખલ કરેલી. તેમના વ્યાયામપ્રેમને લીધે વડોદરામાં ઠેરઠેર વ્યાયામશાળાઓ શરૂ થએલી. તેમાં પ્રો. માણિકરાવનું વ્યાયામ-મંદિર, આબાસાહેબ મજમુદારનો અખાડો અને લક્ષ્મીનાથ વ્યાયામશાળા મુખ્ય હતાં. ઈ. ૧૯૧૯માં મહારાજાએ 'બાલચમૂ' (બૉય સ્કાઉટ)ની અને તે પછી 'ગર્લ ગાઈડ્સ'ની પ્રવૃત્તિ ચાલુ કરેલી. તે એટલી વિકસી કે રાજ્યમાં લગભગ ૧૨ હજાર સ્કાઉટ હતા. ઈ. ૧૯૨૯ના સપ્ટેમ્બરમાં ઈંગ્લૅન્ડમાં બૉય સ્કાઉટ જમ્બોરીમાં વડોદરા રાજ્યની એક પ્રતિનિધિ-ટુકડી પણ ગઈ હતી.

સયાજીરાવની સાહિત્યસેવા પણ નોંધપાત્ર છે. હિંદી, ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાઓનો 'અનેક ભાષાકોશ' તેમની પ્રેરણાથી રચાયો. 'પ્રાચીન કાવ્યમાળા'ની શરૂઆત, પાટણના પ્રાચીન ગ્રંથ ભંડારમાંથી 'દ્વયાશ્રય' સમાં અનેક ગ્રંથરત્નોનો ઉદ્ધાર, 'સયાજી વૈજ્ઞાનિક કોશ', 'મરાઠી જ્ઞાનકોશ'નાં પ્રકાશન, ગુજરાતી મરાઠી ગ્રંથકારોને પારિતોષિકો આપીને વ્યાખ્યાનો ગોઠવવાની યોજના—એ બધાં સયાજીરાવનાં જ્ઞાનાદાર અને સાહિત્યપ્રીતિનાં શુભ પરિણામો છે. ઈ. સ. ૧૯૧૨ના એપ્રિલની ૭મીએ વડોદરામાં મળેલી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ની ચોથી બેઠકના ઉદ્ઘાટન પ્રસંગે તેમણે સાહિત્ય પ્રકાશન માટે બે લાખ રૂપિયાની ઉદાર સખાવત કરી તેમાંથી 'સયાજી સાહિત્યમાળા' અને 'સયાજી બાલજ્ઞાનમાળા'ની ગ્રંથમાળા શરૂ થઈ. તે અગાઉ ઈ. ૧૯૦૯માં મહારાજાના ઉદાર આશ્રયથી 'મરાઠી સાહિત્ય પરિષદ' મળેલી, અને ઈ. ૧૮૯૨માં રાજ્યના સૌ પ્રથમ વર્તમાનપત્ર 'સયાજી વિજય' શરૂ થએલું. તે વેળાના રાજ્યના વિદ્યાધિકારી હરગોવિંદદાસ કાંટાવાળા પાસે કેળવણી વિષયક અને આનંદશંકર ધ્રુવ પાસે ધર્મનીતિનાં પુસ્તકો તૈયાર કરાવ્યાં. ગુજરાતીને તેમણે રાજ્યભાષા બનાવી ને 'કોર્ટ', 'મ્યૂઝિયમ' ને 'કલેક્ટર' જેવાં અંગ્રેજી નામોને બદલે 'ન્યાયમંદિર', 'સંગ્રહાલય' તથા 'સૂબા' જેવાં સ્વદેશી નામો પસંદ કર્યાં. રાજ્યનાં સર્વ ખાતાંનાં લખાણ ગુજરાતીમાં થતાં. તે માટે પારિભાષિક શબ્દકોશ તૈયાર કરાવ્યો હતો. લખાણમાં વધુ સ્પષ્ટતા માટે અંગ્રેજી શબ્દ વાપરવો પડે, તો ગુજરાતી પર્યાય લખ્યા બાદ કૌંસમાં અંગ્રેજી શબ્દ લખાતો. ગુજરાતી ચોથા ધોરણથી હિંદી શીખવવાનું પણ ફરજિયાત બનાવ્યું હતું. પ્રજાને વિદેશી શિક્ષણનો લાભ મળે તે હેતુથી મહારાજા યોગ્ય વ્યક્તિઓને રાજ્યના ખર્ચે વિદેશ મોકલતા અને શિષ્યવૃત્તિઓ આપતા.

કેળવણીના પૂરક અંશ તરીકે રાજ્યમાં પુસ્તકાલય પ્રવૃત્તિ શરૂ કરવા માટે તેઓ અમેરિકાથી બૉર્ડન નામના અનુભવી ગ્રંથપાલને સાથે લઈ આવ્યા. એમના મદદનીશ તરીકે તેમણે મોતીભાઈ અમીન જેવા કર્તવ્યનિષ્ઠ આયોજકની સહાય લીધી. મોતીભાઈએ તાલીમબદ્ધ ગ્રંથપાલ દ્વારા ગામડે ગામડે પુસ્તકાલયોની પરબો માંડી. એમને વાજબી કિંમતે પુસ્તકો મળી શકે અને વહીવટ વ્યવસ્થિતપણે ચાલે તે માટે ઈ. ૧૯૨૪માં 'પુસ્તકાલય સહાયક સહકારી મંડળ' સ્થાપ્યું અને ઈ. સ. ૧૯૩૮-૩૯ સુધીમાં તો રાજ્યમાં દોઢેક હજાર પુસ્તકાલયો સ્થપાઈ ચૂક્યાં. વડોદરાનું મધ્યવર્તી પુસ્તકાલય (સેન્ટ્રલ લાયબ્રેરી) એ બધાંમાં શિરમોર સમું હતું.

ઉચ્ચ કક્ષાના પ્રશિષ્ટ સાહિત્ય અને સંશોધનના પુસ્તક-પ્રકાશનની પ્રવૃત્તિને ઉત્તેજન આપવાના હેતુથી ઇ. સ. ૧૯૧૫માં 'ઓરીએન્ટલ લાયબ્રેરી'ની સ્થાપના કરવામાં આવી. પછીથી આ સંસ્થાને મધ્યવર્તી

There is nothing like "Rubbing shoulders" with ones' fellow creatures, especially of different castes, for the broadening of ones' vision

---

પુસ્તકાલયથી અલગ પાડીને તેનું નામ 'પ્રાચ્ય વિદ્યામંદિર' અપાયું. આ સંસ્થા તરફથી અપ્રાપ્ય ગ્રંથોનું અંગ્રેજીમાં પુનર્મુદ્રણ કરવા 'ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ' શરૂ થઈ. ભાષાન્તર-શાખા દ્વારા સંસ્કૃત, પ્રાકૃત ને અન્ય ભાષાના ગ્રંથોનું પ્રકાશન શરૂ થયું. એક 'સંસ્કૃત પુસ્તકાલય'ની સ્થાપના પણ કરવામાં આવી.

સામાજિક ન્યાય અને સામાજિક સુધારા માટે તે હમેશાં ઉત્સુક અને આગ્રહી રહેતા. આથી મહારાજાએ બાળલગ્ન પ્રતિબંધક કાયદો, વિધવા-વિવાહ કાયદેસર ઠરાવતો કાયદો, સર્વ જાતિઓમાં પરસ્પર લગ્નની છૂટ આપતો 'સિવિલ મૅરેજ ઍક્ટ', લગ્નવિચ્છેદનો કાયદો, વિધવાઓને વારસા અને દત્તક માટે હકદાર ઠેરવતો કાયદો, સગીર વયનાં બાળકોને સંન્યાસ અને દીક્ષાના નિયમનનો, ધાર્મિક સ્વાતંત્ર્યનો, જ્ઞાતિત્રાસ નિવારણનો, કારખાનાંના મજૂરોની નોકરીની સલામતીનો, ખેડૂતોને કરજમુક્ત કરવાનો, ધાર્મિક ક્રિયા શાસ્ત્રવિધિ અનુસાર થાય તે માટે પુરોહિતનો વગેરે અનેક સુધારક કાયદા તેમણે કર્યા. રાજ્યના અમલદારો નાતજાતનો ભેદભાવ ન રાખતાં પ્રજાજનો સાથે છૂટથી ભળે એવો મહારાજાનો આગ્રહ હતો.

સયાજીરાવને જેમ પ્રજાને કેળવવાના કોડ હતા તેમ સ્થાનિક બાબતોનો કારભાર પ્રજા પાસે કરાવી, પ્રજાને પોતાની સાથે રાજકારભારમાં ભાગીદાર બનાવવાના પણ કોડ હતા. એટલે તો તેમણે, પ્રજાની માગણીથી નહિ, પણ આપમેળે ગ્રામ પંચાયતો, નગર પંચાયતો, મહાલ પંચાયતો અને પ્રાંત પંચાયતોની સ્થાપના કરી અને ચૂંટણીનું તત્ત્વ દાખલ કર્યું. તેમાં બે તૃતીયાંશ સભ્યો ચૂંટાએલા અને એક તૃતીયાંશ સભ્યો સરકારનિયુક્ત રહેતા. મહાલ પંચાયતના અધ્યક્ષ 'વહીવટદાર' ને પ્રાંત-પંચાયતના અધ્યક્ષ 'સૂબા' કહેવાતા. ન્યાયખાતામાં ન્યાયાધીશોની કાયદા સમિતિ કાયદા ઘડતી અને વડોદરાની વડી અદાલત સમક્ષ રાજ્યની ફરિયાદોનો છેવટનો ફેંસલો આપતી. ઈ. સ. ૧૯૦૮માં રાજ્ય ધારાસભા અસ્તિત્વમાં આવી. મહારાજાને રાજ્યકારભારમાં મદદરૂપ થવા કારોબારી મંડળ સ્થપાયું. જે પાછળથી મંત્રીમંડળ કહેવાયું. રાજ્યમાં જાહેર નોકરીની જગ્યાની ભરતી કરવા અંગે 'સર્વિસ કમિટી' સ્થપાઈ. પોલીસખાતું અને અન્ય ખાતાંઓની પુનર્વ્યવસ્થા થઈ. રાજ્યમાં સુલેહશાન્તિ જાળવવા ૫૦૦૦ની ટુકડીનું સૈન્ય રહેતું. ઈ. સ. ૧૯૧૭ના ડિસેમ્બરની આખરે નવસારીમાં રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળાના પ્રમુખપદે 'પ્રજાપ્રતિનિધિ સભા' મળી. તેને 'વડોદરા રાજ્ય પ્રજામંડળ' નામ અપાયું. મુંબઈ ધારાસભાની ચૂંટણી વેળા તેણે મોટા ભાગની બેઠકો મેળવી હતી.

દેશી ઉદ્યોગો અને વેપારને ઉત્તેજન આપવાના પ્રયાસો પણ ઠીક ઠીક થયા. જેમાં 'ધી બરોડા કૉટન સ્પિનિંગ ઍન્ડ વીવિંગ મિલ્સ', 'ધી બૅન્ક ઑફ બરોડા', શ્રી સયાજી સહકાર સંઘ, ઓખા બંદર, મીઠાપુરમાં 'ઓખા સૉલ્ટ વર્કસ' તથા તાતા કેમિકલ્સનું કારખાનું, દ્વારકામાં 'સિમેન્ટ ફૅક્ટરી' અને વડોદરામાં 'ઍલેમ્બિક કૅમિકલ્સ' ઉપરાંત સુતરાઉ કાપડની ૧૬ મિલો, ઊનના કાપડની મિલ, ખાંડનું કારખાનું, દીવાસળીનાં બે કારખાનાં વગેરે મળીને એકંદરે ૧૩૦ જેટલાં નવાં કારખાનાં મુખ્ય છે. રાજ્યનાં વિવિધ મથકોએ પાતાળકૂવા થયા અને ખેતીને વેગ મળ્યો. 'સિટી ઈમ્પ્રુવમેન્ટ બોર્ડ' દ્વારા દવાખાનાં, ઇસ્પિતાલો, રસ્તા, મકાનો, બગીચા, વૃક્ષારોપણ અને બત્તીઓની સગવડ કરવામાં આવી. રાજ્યનાં અગત્યનાં શહેરોમાં પાણી-પુરવઠાની તથા ટેલિફોનની સુવિધા અમલમાં આવી. સયાજીરાવ ગાદીએ આવ્યા ત્યારે આખા રાજ્યમાં ફક્ત ૧૯ માઈલ જેટલો જ રેલમાર્ગ હતો તે વધીને ૭૦૦ માઇલ જેટલો અને ૧૦૦૦ માઈલના રસ્તા બંધાયા.

એક વખતના સાંકડા ધૂળવાળા રસ્તા અને ગંદી ગલીઓમાં ખુલ્લી કાચી ગટરો દ્વારા વહેતા ગંદા પાણીની દુર્ગંધથી ખદબદતા વડોદરા શહેરની રોનક બદલાઈ ગઈ. મહારાજાના બાંધકામ ખાતાએ શહેરને ભવ્ય ઈમારતો, બગીચા, સફાઈદાર રસ્તા અને રોશનીથી શણગાર્યું. લક્ષ્મીવિલાસ રાજમહેલ, પ્રતાપવિલાસ રાજમહેલ, મકરપુરા મહેલ, નજરબાગ મહેલ, કીર્તિમંદિર, ન્યાયમંદિર, સંગ્રહાલય, વિશ્વવિદ્યાલયનાં વિવિધ ભવનો, કૉલેજો, હાઈસ્કૂલો, જ્યુબિલી બાગ અને તેમાંની ભવ્ય બુદ્ધમૂર્તિ, શિવાજી મહારાજનું બાવલું, મધ્યવર્તી પુસ્તકાલય, કલાભવન, માંડવી, સયાજી સરોવર, પ્રતાપ સરોવર, સુરસાગર, ખંડેરાવ માર્કેટ, હરણી વિમાનમથક, સરકારી છાપખાનું, સોનાની બગી અને સોનાનું સિંહાસન–આમાંનું ઘણુંખરું સયાજીરાવના વખતમાં અસ્તિત્વમાં આવ્યું છે. તેમના આયોજનના પ્રતાપે વડોદરા ગુજરાતનું એક નમૂનેદાર શહેર બન્યું છે.

સયાજીરાવના કુશળ વહીવટને કારણે રાજ્યની આવક પણ ઘણી વધી હતી. એમ કહેવાતું કે મહારાજા જમણ માટે સોનાનાં વાસણો વાપરતા. તેની ડિઝાઈન બે-ત્રણ વરસે બદલવા માટે એ વાસણો લંડનની ટંકશાળમાં મોકલાતાં. રાજમહેલનું રાચરચીલું યુરોપથી આયાત કરવામાં આવતું. એમનો અમુક નોકરવર્ગ વિદેશી હતો. એમનો એક રસોઇયો ફ્રેન્ચ હતો. મહારાજા ઈટાલીથી કાર અને ડ્રાઈવર લાવેલા. રાજ્યની ઑસ્પિટલોના ડૉક્ટરો અને કૉલેજોના અધ્યાપકોમાંના કેટલાક અંગ્રેજ હતા. કરોડો રૂપિયાનું ઝવેરાત તેમની પાસે હતું. હીરારત્નથી જડેલી એમની એક તલવારની કિંમત ૪૮ લાખ રૂપિયાની હતી. ભારતનાં દેશી રાજ્યોના રાજાઓમાં સયાજીરાવ હૈદરાબાદના નિઝામ પછી સૌથી વધુ ધનવાન મહારાજા ગણાતા હતા.

સમૃદ્ધિની છોળોમાં નહાતા સયાજીરાવે પોતાની સંપત્તિ સન્માર્ગે વાળી હતી. તેમણે 'વિક્ટોરિયા મેમોરિયલ ફંડ'માં એક લાખ રૂપિયા આપેલા. ગુજરાતી સાહિત્ય પરિષદને બે લાખનું દાન આપેલું. રવીન્દ્રનાથ ટાગોરની વિશ્વભારતી વિદ્યાપીઠના નિભાવ અર્થે પણ માતબર રકમ આપી હતી. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં પુસ્તકાલય અર્થે બે લાખ રૂપિયાનું દાન કર્યું હતું. તેમના હીરક મહોત્સવ વેળા ગ્રામોદ્ધાર અર્થે તેમણે એક કરોડ રૂપિયાની બખશાહી સખાવત કરી હતી. ક્ષયરોગ-નિવારણ ફંડમાં તેમણે બે લાખ રૂપિયા ભર્યા હતા. આ ઉપરાંત, દુષ્કાળ રેલ અને અન્ય કુદરતી આફતોમાં લાખો રૂપિયાનું મહેસૂલ માફ કરીને રાહતકાર્યો, અનાથગૃહો, અશક્તાશ્રમો અને ગરીબ ગૃહોને તેઓ મોકળા મનથી મદદ કરતા. રાજ્યમાં લોકોપયોગી કાર્યો માટે તેમણે કરોડો રૂપિયાની રકમ વાપરેલી.

એક પ્રજાવત્સલ રાજવી તરીકે સયાજીરાવની વખતોવખત કદર થઈ હતી. ઈ. ૧૯૨૪ના જાન્યુઆરીની ૨૮મીએ બનારસ હિંદુ યુનિવર્સિટી તરફથી પંડિત મદનમોહન માલવિયાને હસ્તે સયાજીરાવને એલએલ. ડી.ની માનાર્હ પદવી એનાયત થઈ. કલકત્તાની સંસ્કૃત કૉલેજે ઈ. ૧૯૩૭ના ડિસેમ્બરની ૨૩મી એ તેમને 'ભૂપતિ ચક્રવર્તી'ની પદવી સહિત માનપત્ર આપ્યું. પછાત વર્ગોના ઉદ્ધારાર્થે સતત પ્રયત્નશીલ મહારાજાને આર્ય સમાજ તરફથી 'પતિત પાવન'નું બિરુદ મળ્યું હતું.

બ્રિટિશ સરકાર તરફથી પહેલા દિલ્હી દરબાર વેળા સયાજીરાવને

'ફરજંદ–ઈ–ખાસ દૌલત–ઈ–ઈંગ્લિશિયા'નો, ઈ. સ. ૧૮૮૭માં 'જી. સી. એસ. આઈ.'ના અને ઈ. સ. ૧૯૧૮માં 'જી. સી. આઇ. ઈ.'નો ઈલ્કાબ મળ્યો હતો. 'સેના ખાસ ખેલ'ના ખિતાબ તો તેમના પૂર્વજ પિલાજી-રાવના સમયથી વારસામાં ચાલ્યો આવ્યો હતો. 'જીન ઘર, જીન તખ્ત' એ ગાયકવાડ રાજકુટુંબનો મુદ્રાલેખ હતો.

બ્રિટિશ સત્તા સાથે સયાજીરાવને શરૂઆતમાં સારા સંબંધો હતા, પરંતુ તમના સ્વતંત્ર વિચારસરણીન લીધે તેમના વિષે ગેરસમજના કેટલાક પ્રસંગો બન્યા હતા. ઈ. સ. ૧૮૮૫માં રશિયા હિંદુસ્તાન પર આક્રમણ કર તો અની સામે દેશી રાજ્યો 'શાહી સેવા ફોજ' ઊભી કર-વાની યોજના નકારવાથી, ઇ. ૧૯૦૨માં એડવર્ડ સાતમાના રાજ્યારોહણ સમારંભ વેળા દિલ્હી દરબારમાં સયાજીરાવે હાથી સવારીના સરઘસમાં ભાગ ન લેતાં માત્ર પ્રેક્ષક તરીકે હાજર રહ્યા તેથી, ઈ. ૧૯૦૭મા દેશના કેટલાક ભાગમાં હિંસાના બનાવો બનતા બ્રિટિશ સરકારે દેશી રાજ્યોનો સાથ માગ્યો–ત્યારે એમણે આપેલા જવાબથી તથા વડોદરા રાજ્યમાં આવેલા મહેસાણાના એક છાપખાનામાં, 'મુક્તિ કોન પથે' નામના જપ્ત કરાએલા બંગાળી પુસ્તકનું ગુજરાતી મુદ્રણ થયાના પ્રસંગથી બ્રિટિશ સર-કારના મનમાં એમના વિષે અમુક ગ્રંટસ બંધાઈ ગઈ હતી. વળી દિલ્હી-દરબારમાં સયાજીરાવે મહારાણીને સલામ ન ભરી અને સમ્રાટ પંચમ જ્યૉર્જ તરફ પીઠ ફેરવીને તેમનું ભારે અપમાન કર્યું તે માટે તેમને ઉઠાડી મૂકવા જોઈએ એવી તીખી ટીકા લંડનનાં છાપાંઓએ વહેતી કરી આ અંગે સયાજીરાવે યોગ્ય ખુલાસો કર્યો, તે છતાં બ્રિટિશ સરકારના મનમાં એમને વિષેનો પૂર્વગ્રહ ઘટવાને બદલે પાકો થતો ગયો હતો. ઈ. ૧૯૧૩માં તેમના પર આક્ષેપ પણ થયો કે સયાજીરાવ યુરોપના તેમના પ્રવાસો દર-મિયાન બ્રિટિશ વિરોધી ક્રાંતિકારીઓને મુલાકાત આપતા હતા.

વીસમી સદીની શરૂઆતથી જ સયાજીરાવની પ્રતિષ્ઠા એક મહાન દેશભક્ત, સ્વાતંત્ર્યપ્રેમી અને નીડર રાજવી તરીકે જામી ગઈ હતી. એ વેળા, સમગ્ર ગુજરાતમાં વડોદરામાં રાષ્ટ્રભાવના વધુ સતેજ હતી. ઈ. સ. ૧૯૩૦ અને '૩૨ની નાકરની લડતોમાં વડોદરા રાજ્યના સ્વયં-સેવકોએ પણ ભાગ લીધેલો. બારડોલી તથા બોરસદ તાલુકાના હિજરતી-ઓને વડોદરા રાજ્યમાં આશ્રય મળતો. દારૂનિષેધની ઝુંબેશ પણ વડોદરા રાજ્યનાં ગામોમાં જોરમાં ચાલતી.

મહારાજા સર્વસત્તાધીશ હોવા છતાં,અધિકારીઓને એમના ખાતા-ની પૂર્ણ સત્તા સોંપતા. તેઓ માનવસ્વભાવના પારખુ હતા અને શિસ્ત, નિયમિતતા તથા કર્તવ્યપરાયણતાના આગ્રહી હોવા છતાં પોતાનો મિજાજ ગુમાવતા નહિ. દરબાર જેવા પ્રસંગોએ તેઓ કીમતી પોશાક અને આભૂષણો ધારણ કરતા. તે સિવાય, તેમનો પોશાક સાદો રહેતો. કપાળ પર તેઓ ઝીણો ચાંલ્લો કરતા. પાન, સોપારી, બીડી કે તમાકુનું એમને વ્યસન નહોતું. જમ્યા પછી લવિંગ કે એલચી જેવા નિર્દોષ મુખવાસ લેવા-ની પણ એમને ટેવ નહોતી, દારૂની પણ એમને લત નહોતી.

વાચન પ્રત્યે એમને અભિરુચિ હતી. રાજતંત્ર, તત્ત્વજ્ઞાન, અર્થ-શાસ્ત્ર અને નીતિશાસ્ત્રનાં પુસ્તકો તેઓ વાંચતા. ગ્રીક ફિલસૂફ પ્લેટો-નાં પુસ્તકો મૂળ ગ્રીક ભાષામાં જ એ વાંચતા. ઈ. સ. ૧૯૧૮માં ૫૫ વર્ષની ઉમરે તેમણે એક યુવાન વિદ્યાર્થીની હેસિયતથી ભાંડારકરની માર્ગોપદેશિકાના બંને ભાગનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસ અને ચિંતનના પરિણામે તેમનું વ્યક્તિત્વ પ્રભાવશાળી બન્યું હતું. પૂર્વતૈયારી વિના તેઓ ગુજરાતી, મરાઠી, અંગ્રેજી અને હિંદીમાં પ્રવચન કરી શકતા. ફ્રેન્ચ પણ બોલતાં શીખી લીધું હતું. રોજ સાંજે ફ્રેન્ચ બૅન્ડ માસ્ટર પાસે નવાંનવાં ગીતો તેઓ ગવડાવતા. મોટી ઉમરે હાર્મોનિયમ શીખવા માંડેલું. વૃદ્ધાવસ્થામાં ધર્મ તરફ ઢળ્યા હતા.

ઘોડેસવારીનો, તરવાનો, શિકારનો અને હાથીઓની સાઠમારી જોવાનો તેમને શોખ હતો. બ્રિજ બિલિયર્ડ ટેનિસ ને ક્રિકેટ પણ રમતા. તે સમયે વડોદરાનું ક્રિકેટનું મેદાન એશિયાભરમાં વખણાતું. તેઓ નિય-મિત વ્યાયામ કરતા. કુસ્તી માટે અખાડામાં પણ ઊતરતા. વહેલી સવારે ચાલવાની કસરત પણ કરતા.

નૃત્ય જોવાનો તેમને શોખ હતો. પણ નર્તકીઓ પ્રત્યેના એમના વર્તન-માં કદી યે અયોગ્ય અણસાર પણ જોવા મળતો નહિ. એ એક જ એવા રાજા હતા જેમને એક પણ ઉપપત્ની નહોતી. તેમણે રાજ્યમાં દ્વિપત્ની પ્રતિબંધક ધારો ઘડયો હતો.

પોતાની ચાર ચાર પેઢીને જોનાર સયાજીરાવ એક રીતે તો ભાગ્ય-શાળી ગણાય. છતાં એમને જીવનમાં દુ:ખના આઘાતો પણ ઘણા સહેવા પડયા હતા. ગાદીએ આવ્યા પછી બે જ વર્ષે તેમના પિતા કાશીરાવનું અવસાન થયું. સયાજીરાવનું પ્રથમ લગ્ન તેમની સત્તર વર્ષની વયે તાંજોર રાજ્યનાં લક્ષ્મીબાઈ સાથે થયું. તેમના નામ પરથી જ નવા રાજપ્રાસાદ-ને 'લક્ષ્મીવિલાસ રાજમહેલ' નામ અપાયું હતું. મહારાણીનું નવું નામ ચિમનાબાઈ રખાયું. એમનાથી તેમન બે પુત્રીઓ અને ફતેસિંહરાવ નામે પુત્ર થયાં, બંને પુત્રીઓ બાળવયમાં જ અવસાન પામી અને ચિમનાબાઈનું પ્રસૂતિરોગમાં ઈ. સ. ૧૮૮૫માં અવસાન થયું. એમની યાદગીરીમાં સયાજીરાવે 'ચિમનાબાઈ ટાવર' ને 'ન્યાયમંદિર' બંધાવ્યાં. ન્યાયમંદિરના દીવાનખાનામાં ચિમનાબાઈની આરસની પ્રતિમા મુકાવી. મહારાણીના અવસાનનો આઘાત એમને એટલો બધો લાગ્યો કે અનિદ્રા-નો રોગ લાગુ પડેલો. થોડા સમય બાદ તેમનાં બીજી વારનાં લગ્ન દેવાસ રાજકુટુંબનાં ગજરાબાઈ સાથે થયાં.એમનું નામ પણ ચિમનાબાઈ રખાયું. ઈ. ૧૮૯૮માં રાજમાતા જમનાબાઈનું અવસાન થયું. મહારાણી ચિમના-બાઈ બીજાંને ચાર સંતાન થયા : જયસિંહરાવ, શિવાજીરાવ, ઇંદિરા રાજે અને ધૈર્યશીલરાવ. ચારેય પુત્રોને સયાજીરાવે વિદેશ શિક્ષણ અર્થે મો-કલ્યા હતા. વિધિની લીલા કેવી કે યુવાનીમાં થનગનતા ત્રણ પુત્રોના અકાળ દેહાંત થયા અને પુત્રીને યુવાવસ્થામાં વૈધવ્ય આવ્યું. આ ઉપરાઉપરી ઘા સયાજીરાવે ખૂબ જ સંયમથી ઝીલ્યા. પછી તો તેમનાં બહેન તારા રાજે, એક પુત્રવધૂ, મોટાભાઈ આનંદરાવ અને નાના ભાઈ સંપતરાવને પોતાની હયાતીમાં જ અનંતનાં વિલીન થતાં નિહાળીને એમનું અંતઃકરણ સંતપ્ત થઈ ઊઠયું.

ઈ. સ. ૧૯૩૮માં સયાજીરાવ યુરોપના પ્રવાસે ગયા, ત્યારે ઑગસ્ટ-માં પારી સ) મુકામે તેમના પર સંધિવાનો હુમલો થયો, તાવ આવ્યો ને પંદરેક દિવસ બિછાનાવશ રહેવું પડયું. તા. ૩૧મી ઑક્ટોબરે તેઓ સ્ટીમર દ્વારા મુંબાઈ આવ્યા ને ત્યાંના તેમના 'જયમહાલ' તરફ હંકારી ગયા. તે પછી તેમની અસ્વસ્થતા વધી અને છેવટે તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૩૯ના રોજ રાત્રે પોણા નવ વાગ્યે, ૭૬ વર્ષની વયે અવસાન થયું.

રાત્રે સ્પેશ્યલ ગાડી દ્વારા તેમના દેહને મુંબાઈથી વડોદરા લાવવા-માં આવ્યો અને ૭૫ તોપોની સલામી સાથે વિશ્વામિત્રી નદીને કાંઠે આવેલા કેદારેશ્વરના રાજસ્મશાનમાં બપોરે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. વિશ્વભરનાં દૈનિક અને અન્ય પત્રોએ તેમની કર્તવ્યપરાયણતા, દેશભક્તિ અને પ્રજાવત્સલતા સંભારીને તેમને શ્રદ્ધાંજલિઓ આપી. એક વારના વિરોધી ગણાતા 'ધ ટાઈમ્સ ઑાવ ઇંડિયા'એ પણ તેમના કેળવણી વિષયક અને સામાજિક સુધારાની ભારોભાર પ્રશંસા કરીને તેમને અર્વાચીન યુગના રાષ્ટ્રવિધાયકોમાં સૌથી અગ્રગણ્યમાંના એક તરીકે બિરદાવ્યા. સયાજીરાવ માત્ર રાજવી નહોતા, એક રાજર્ષિ હતા. મર્યાદિત સાધનો અને વિષમ સંયોગો વચ્ચે રહીને પણ તેમણે પ્રજા-વત્સલ રાજા તરીકેના ઉમદા આદર્શો મૂર્તિમંત કર્યા, તેનું મૂલ્ય જરા ય ઓછું અંકાય એવું નથી. □

અવલંબિત અનુભૂતિની કથા

થીઅરી ઑવ રિલેટિવિટી

શ્રી 'બનફૂલ'ની વાર્તાનો અનુવાદ - સુકન્યા ઝવેરી

જીવનમાં નિકટતમ દુઃખ જ સહુ કરતાં વધુ કષ્ટદાયક, એ હું મર્મે મર્મે અનુભવ કરતો હતો. મારે માથે દેવું છે; મારી પત્ની કદરૂપી અને ફૂવડ છે; કારકુની કરી ઘર ચલાવું છું અને તેની બડાશ મારતો ફરું છું; કૉલેજમાં જે મારા કરતાં ઊતરતી કોટિના હતા એ બધા જીવનમાં કેવળ લાગવગના જોરે ઊંચા સ્થાને છે;—આવાં આવાં અનેક નાનાંમોટાં દુઃખો મારે છે. પણ આ ઘડીએ સૌથી વધુ કષ્ટનું કારણ હોય તો આ બુઢ્ઢી. આ બુઢ્ઢી જો એનાં મેલાં, સો જગ્યાએ ફાટેલાં, ગંધાતાં કપડાં લઈને મારા નાક પાસેથી આઘી ખસે તો હું બચું. બારી બહાર ચોથ-પાંચમના ચન્દ્રની આછી ચાંદની રેલી રહી હતી અને વાતાવરણ નિગૂઢ સુંદર લાગતું હતું—પણ આ ગંદી ગંધાતી બુઢ્ઢી ભીચડીને ઊભી હતી... ઓહ! કેવી મુસીબત!!

માંદાં માસીબાની બીમારીના સમાચાર સાંભળી કલકત્તા જતો હતો. અતિ ધીમી ગતિની પૅસેન્જર ટ્રેઈન, ભર ઉનાળો, અંધારિયો ડબ્બો અને મારી ટિકિટ હતી ત્રીજા વર્ગની. તેથી જ તો જે તકલીફ કે કષ્ટ હું ભોગવતો તે દુઃસહ હોવા છતાં ન્યાયી અને સંગત છે એવી જાતની એક સાંત્વના હું મારા મનને દેતો હતો—મનને સમજાવતો હતો. એવામાં પાછળથી એક સ્વચ્છ સુઘડ વસ્ત્રધારી, ભદ્ર સજ્જન બોલ્યા: 'જરાક બાજુ ઊભા રહોને. બાથરૂમ જવાનો રસ્તો કરી દ્યો મહેરબાની કરીને.'

શક્ય એટલી કાયા સંકોચીને સજ્જનને જવાનો રસ્તો કરી દીધો. ભદ્રજન બાથરૂમથી પાછા વળતાં બોલ્યા: 'અહીં ઊભા રહીને તકલીફ શા માટે ભોગવો છો? પેલી બાજુ ચાલોને.'

ભાવતું'તું ને વૈદે કહ્યું. બુઢ્ઢીના સામીપ્યથી છૂટવા માટે તો તલપાપડ થઈ જ રહ્યો હતો, એટલે ભદ્રજનને અનુસરતો ડબ્બાને બીજે છેડે જઈ ઊભો રહ્યો. સજ્જને અત્યંત સહૃદયતાથી પ્રસ્તાવ કર્યો: 'બેસો—આ મારી પેટી પર બેસો. અસલ સ્ટીલની છે—તમારા જેવા દસ જણ બેસે ને, તો યે એને કંઈ થાય એમ નથી.' પેટી સાચે જ મજબૂત દેખાતી હતી, એમાં કંઈ સંદેહ નહોતો. જો કે મેં સંદેહ દર્શાવ્યો પણ નહોતો, તો યે સજ્જન બોલ્યા: 'મને સારી ચીજ આપ્યા વિના છગનલાલનો છૂટકો જ નહિ ને. એનો શેઠ મારી મુઠ્ઠીમાં છે.'

હું ટ્રંક પર બેઠો. જરાક હસીને બોલ્યો: 'એમ કે?'

'એમ કે એટલે? છગનલાલની તાકાત છે કે મને ખરાબ વસ્તુ દે! તેનો શેઠ બૈજુપ્રસાદ મારો ઋણી છે.' સજ્જનને ખુશ કરવા હું બોલ્યો: 'હા, ટ્રંક છે તો મજબૂત, અને વળી દેખાવે ય મજાની છે.'

ભ્રમર ચડાવી સજ્જને પૂછ્યું: 'એની કિંમત આંકો જોઈએ?'

હું સરળ ભાવે બોલ્યો: 'વીસથી ઓછા નહિ હોય.'

'કેટલા?' સજ્જન અકૃત્રિમ આનંદે ખડખડાટ હસી પડ્યા અને પછી બોલ્યા: 'એમાં તમારો દોષ નથી—અસલ કિંમત તો એટલી જ હશે. પણ મને તો ત્રણ પાવલીમાં દીધી હતી.'

હું તો અવાક જ થઈ ગયો! 'શું કહો છો? બાર જ આના?'

સજ્જન ફરી બોલ્યા: 'તે ય લેતો નહોતો. છગનિયાને ખૂબ સમજાવીને એક રૂપિયો દીધો. તેમાંથી યે ચાર આના પાછા આપ્યા.'

હું કંઈ વધારે બોલ્યો નહિ. છગનલાલનો શેઠ બૈજુપ્રસાદ જો એની મુઠ્ઠીમાં હોય તો ટ્રંક તો એ મફતમાં યે લઈ જ શકે ને? બોલવાનું કશું જ નહોતું. બેસવા મળ્યું તેથી નીરાંતે બેઠો.

મને ચૂપ જોઈ સજ્જન ફરી બોલ્યા: 'જો કે હું તો ભાઈ સાધારણ માણસ પણ લોકોમાં મારી ખાતરબરદાસ ખૂબ જ. આ જુઓને—કહીને તેમણે વાંકા વળી નીચેથી એક જોડી ડર્બી શૂઝ બહાર કાઢીને હસતાં હસતાં પૂછ્યું: 'આની કિંમત કેટલી હશે, કહો જોઈએ.'

'પાંચ-છ રૂપિયા તો હશે જ!' મેં ડરતાં ડરતાં કહ્યું.

'રાય મોશાઈએ જોકે મારી પાસેથી ચાર આનાથી વધારે લીધા નથી. એનું કારણ છે. રાય મહાશયના દીકરાને નોકરીએ લગાડચોને એટલે. ટૉમસન સાહેબ મારું વચન ઉથાપે નહિ.' ચકિત થઈને વિચાર્યું કે આ દુર્બળ-દેહ સજ્જન સામાન્ય જેવીતેવી વ્યક્તિ નથી.

ચન્દ્ર ક્ષિતિજનાં ઝાડ પાછળ અદૃશ્ય થવા માંડ્યો હતો. ગાડીમાં બત્તીના ઝાંખા પ્રકાશમાં આડી નજરે જોયું કે સજ્જન ઝોકાં ખાતા હતા. ગાડીના ડબ્બાને બીજે છેડે જોયું તો બુઢ્ઢી બાથરૂમ પાસે ટૂંટિયું વાળીને બેઠી હતી. આછા પ્રકાશમાં આખા ડબ્બામાં એક એ બુઢ્ઢી જ સૌથી વધુ ગંદી લાગતી હતી.

૨

'એ શું વાંચો છો?' 'આ એક માસિક છે. એક વાર્તા વાંચું છું.'

સજ્જન ખૂણામાં ટેકીને ઝોકાં ખાતા હતા એટલે મેં ય થેલીમાંથી એક માસિક પત્ર બહાર કાઢીને વાંચવા માંડ્યું હતું. સજ્જન બગાસું ખાઈને ચપટી વગાડતાં વગાડતાં બોલ્યા: 'કોની લખેલી છે?'

'પન્નાલાલ ચક્રવર્તીની.'

'છોકરી લખે છે સારું, હોં! પણ એના લખાણ કરતાં એની...'

'પન્નાલાલ ચક્રવર્તી છોકરી છે?'

'સજ્જને હસીને જવાબ દીધો: 'કેવળ છોકરી જ નહિ, પણ એક તન્વી, ગોરી, સુંદર યુવતી.'

હું તો ખરેખર સ્તબ્ધ જ થઈ ગયો! વિદ્યુતની જેમ એક પુલકિત રોમાંચથી મારું સમસ્ત અસ્તિત્વ આકુલ થઈ ઊઠ્યું. પન્નાલાલ ચક્રવર્તીનું લખાણ મને ખૂબ જ ગમે છે. કેવળ ગમે જ છે એટલું જ નહિ પણ હું એનો એક અનુરાગી ભક્ત વાચક છું. ક્યાં યે પણ પન્નાલાલ ચક્રવર્તીનો લેખ નજરે પડે કે વાંચી જ લઉં—તરત જ. એ પન્નાલાલ છોકરી?—તન્વી, ગોરી, સુંદર યુવતી?! સજ્જને ઉમેર્યું: 'ટુનિ તો આજકાલની છોકરી! તે દી' તો હજુ મને યાદ છે, કે ફ્રૉક પહેરી ચોટલો ઝુલાવતી ફરતી હતી. છોકરી નાનપણથી જ ખૂબ ચાલાક–ચતુર. સાચું કહું તો એવી છોકરી આ દેશમાં જવલ્લે જ મળે.'

મને ખૂબ જ કુતૂહલ થયું. મેં પૂછ્યું: 'એવી એટલે કેવી?'

'એના જેવી, ઘોડેસવારીમાં, તરવામાં, સાઈકલ ચલાવવામાં, ગાવામાં, ફુટબૉલ રમવામાં હોશિયાર છોકરી તો શું છોકરાઓ યે આપણા દેશમાં જવલ્લે જ હશે. ભૂખણને હું કહેતો, સ્વાધીન દેશમાં જન્મ લેત તો એ રઝિયા કે એલિઝાબેથ થાત, એક પ્રખ્યાત સિનેમા સ્ટાર થાત પણ ભૂખણ લગ્ન માટે ઉતાવળો...'

મેં ઉત્કંઠાથી વચ્ચે જ પૂછ્યું: 'ભૂખણ કોણ.'

'ભૂખણ વળી ટુનિનો બાપ! લગ્ન કરીને જ રહ્યો. લગ્ન પછી એણે લખવા માંડ્યું. પણ જુઓને, લખવામાં પણ...કેવું સુંદર લખે છે, નહિ?'

સજ્જન ફરી ઝોકાં ખાવા માંડ્યા. મને લાગ્યું કે અસ્ફુટ સ્વરે જાણે એ કંઈક બોલ્યા: 'ટુનિ–પન્નાલાલ ચક્રવર્તી—હં!'

એક સ્ટેશને ટ્રેઈન થંભી. મારી બરાબર સામેના પાટિયા પર સાંતાલનું એક કુટુંબ બેઠું હતું એ બધા જ ઊતરી પડ્યા. મેં પાટિયું ખાલી

થતું જોયું કે જલદીથી જઈને એના પર લાંબો થઈને સૂનો. પાછા ફરીને જોયું: સજ્જન ખૂણામાં જ ઝોકે ચડયા હતા. તેની ઉપરના પાટિયા પર મોટા પેટવાળા એક જણ નસ્કોરાં બોલાવતા હતા. તેનું મોં દેખી શકાયું નહિ. અનુમાન કર્યું કોઈ મારવાડી હશે.

આંખો બંધ કરી સૂતો, પણ વારે વારે એક જ વાત મનમાં ઘૂમતી હતી: પન્નાલાલ ચક્રવર્તી તન્વી, ગોરી, સુંદર, યુવતી....

૩

ધડામ દઈને અવાજ થયો. બબાકળો થઈને ઊઠીને બેઠો થયો. જોયું તો સામેના ઉપરના પાટિયા પરથી મારવાડી કૂદીને નીચે ઊતર્યો હતો. બસ એટલું જ બન્યું હતું; બીજું કશું નહિ. પણ એ મારવાડી નહોતો, બંગાળી જ હતો. એ અણિયાળી મૂછવાળા સ્થૂળકાય સજ્જન નીચે ઊતરવા જતાં ધોતિયું છૂટી ગયું હતું. તેને ઠીક કરતા, મોટી મોટી ને ઊંઘમાંથી હમણાં જ ઊઠયા હોવાથી લાલઘૂમ આંખો વડે બારી બહાર જોવા માંડયા.

અણિયાળી મૂછવાળા સજ્જન અને ટ્રંકના માલિક બંને ચા પી રહ્યા હતા. ફરીને પન્નાલાલ ચક્રવર્તીની વાત કાઢવાનો વિચાર કરી રહ્યો હતો એવામાં વિના મેઘે વજ્રપાતની જેમ એક માન્યામાં ન આવે એવો બનાવ બની ગયો. દૂબળો પાતળો, દીર્ઘકાય, ચશ્માંધારી એક યુવક અમારા ડબ્બા સામે આવીને ઊભો રહ્યો અને ઉલ્લાસપૂર્વક બોલી ઊઠયો: 'અરે! પન્નાલાલ તમે? ક્યાં જાઓ છો?' અણિયાળી મૂછના માલિકે મીઠું મૃદુ હસી જવાબ આપ્યો. 'કોન્નગર'.

'હવે તમે મળી જ ગયા છો તો હું જવા નહિ દઉં કોન્નગર હવે બીજી ટ્રેઈનમાં જજો. અત્યારે તો હવે ઊતરી જ જાઓ. ઘણા દિવસથી સાહિત્યચર્ચા કરી નથી. આ માસના 'કાહિની કુંકુમ' માસિકમાં તમારી 'ચાલતું ચક્ર' વાંચી. ખૂબ જ સુંદર વાર્તા લખી છે.'

શું હું સ્વપ્ન જોતો હતો ?! પણ ના—થર્ડ ક્લાસના ડબ્બામાં ઊભડક બેસીને એક કુલડીમાં બેસ્વાદ ચા હાથમાં હોય ત્યારે સ્વપ્ન જોવું સંભવિત નથી. 'ચાલતું ચક્ર' કાલે રાત્રે મેં પણ વાંચી હતી અને હજુ 'કાહિની કુંકુમ' મારી થેલીમાં જ હતું.

સવિસ્મય આગળ સાંભળ્યું. ટ્રંકના માલિક મહાશય પણ ગદ્‌ગદ કંઠે કહેતા હતા: 'આપ જ પ્રસિદ્ધ લેખક પન્નાલાલ ચક્રવર્તી?'

દીર્ઘદેહ યુવક સગર્વ બોલ્યો: 'હા, એ પોતે જ.'

ટ્રંકના માલિક બોલ્યા: 'નમસ્કાર, નમસ્કાર; અરે આમ અચાનક જ મળ્યા! આટલી વાર તો સાથે જ હતા પણ ઓળખાણ નહોતી. હું તો આપનો એક ભક્ત વાચક છું...શું? જાઓ છો? અચ્છા નમસ્તે.'

દુર્બળ, દીર્ઘદેહ યુવક સાથે વિખ્યાત વાર્તાલેખક પન્નાલાલ ચક્રવર્તી ઊતરી ગયા. ટ્રેઈન ચાલવા માંડી.

માટીની કુલડી બારી બહાર જોરથી ઘા કરી ફેંકી દીધી અને ટ્રંકના માલિક ભણી મોં ફેરવી બેઠો. ટૂંકામાં જ પૂછ્યું: 'આ શું?'

'શું?' વિસ્મિત થઈ સજ્જને મને સામો સવાલ પૂછ્યો.

'વાહ! કાલ રાત્રે તમે કહેતા હતા પન્નાલાલ ચક્રવર્તી એક છોકરી. તેને આપ ઓળખો છો—અને વળી...'

નિર્વિકાર ભાવે સજ્જને પૂછ્યું: 'બીજું શું શું બોલ્યો હતો?'

'અને કહ્યું હતું કે આ ટ્રંકની કિંમત બાર આના—જોડાની કિંમત ચાર આના...'

ગંભીર ભાવે સજ્જન બોલ્યા: 'જેણે કહ્યું હતું એ તો ચાલ્યા ગયા; હું તો બીજી વ્યક્તિ છું.'

જવાબ સાંભળી હું ચકિત થઈ ગયો: 'બીજી વ્યક્તિ એટલે?'

'એટલે કે મારું ઍંગલ ઑવ વિશ્ઝન (Angle of Vision) એટલે કે દૃષ્ટિકોણ અત્યારે એકદમ બીજા જ પ્રકારનું છે.'

'હું બરાબર સમજ્યો નહિ.'

સહસા સજ્જનના મુખ પર હાસ્ય ફૂટી નીકળ્યું. હસીને તેઓ બોલ્યા: 'પાંચ પૈસાના મોદક (ભાંગ)નો નશો કેટલી વાર રહે કહો જોઈએ? કાલે નશાના ઘેનમાં થયું હતું કે પન્નાલાલ ચક્રવર્તી છોકરી—ટ્રંકની કિંમત બાર આના—જોડાની કિંમત ચાર આના. અત્યારે હવે નશો ઊતરી ગયો છે, તેથી જોયું કે પન્નાલાલને મૂછ છે અને યાદ આવ્યું કે આ ટ્રંકની અને જોડાની કિંમતો યથાક્રમે સાડા સત્તર અને પોણા સાત રૂપિયા દીધા હતા. થીઅરી ઑવ રિલેટિવિટી...સમજ્યા?'

સમજ્યો અને ચૂપચાપ બેસી રહ્યો.

અચાનક ડબ્બાના બીજે છેડેથી સંભળાયું: 'અરે બાબુઆ. તૂ કહાં ...?' પાછળ ફરીને જોયું તો પેલી ગંદી બુઢ્ઢી ડોશી મને જ બોલાવતી હતી!

રાત્રે જોકે ખબર નહોતી પડી, અત્યારે ઓળખી કે માસીબાના ઘરની જૂની દાયણ રુક્મિણી હતી. માસીબા જ્યારે બિહારમાં હતાં ત્યારની રુક્મિણી એમને ત્યાં છે. રજા લઈ દેશમાં ગઈ હતી. માસીબાની માંદગી સાંભળીને પાછી ફરતી હતી. ડોશી પાસે જઈને બેઠો. ડોશી 'મહાવીરજી'ની પૂજા કરીને આવતી હતી જેથી માસીબા જલદી સારાં થઈ જાય. મેલા કપડાની અંદરથી મહાવીરજીનો પ્રસાદ બહાર કાઢી મને ખાવા આપ્યો. આનંદ સહ મેં ખાધો પણ.

'થીઅરી ઑવ રિલેટિવિટી' જ ને! □

અનુસંધાન] **પ્લૂટો અને દસમો ગ્રહ** [પૃ. ૨૭૪થી

અગિયાર અને ત્યાંથી પરાવર્તિત થઈ પાછા ફરતાં બીજાં અગિયાર એમ કુલ બાવીસ વર્ષે આપણને એની ખબર પડે...... પણ—

દસમો ગ્રહ

લૉરેન્સ લિવરમોર લૅબોરેટરી (અમેરિકા)ના ખગોળશાસ્ત્રી જૉસેફ બ્રૅડીએ સૂર્યમંડળના દશમા ગ્રહના અસ્તિત્વ વિષે હવે આગાહી કરી છે. દર ૭૬ વર્ષે દૃશ્યમાન થતા હૅલીના ધૂમકેતુની ગતિના અને તેના પરિભ્રમણકાળમાં થતા સૂક્ષ્મ ફેરફારોના અભ્યાસ ઉપરથી તેણે પ્રતિપાદન કર્યું છે કે આનું કારણ સૂર્યમંડળના સૌથી બહારના—પ્લૂટોની પારના કોઈ અજ્ઞાત ગ્રહના ગુરુત્વાકર્ષણનું હોવું જોઈએ. છેલ્લાં ૧૭૦૦ વર્ષ દરમિયાન દેખાએલા હૅલીના ધૂમકેતુના પરિભ્રમણની જે નોંધ પ્રાપ્ય છે તેના અભ્યાસમાંથી બ્રૅડીએ આ નવા ગ્રહના અસ્તિત્વની કલ્પના કરી છે.

જ્યારે જ્યારે હૅલીનો ધૂમકેતુ એના લંબવર્તુલ માર્ગમાં ગતિ કરી સૂર્યની નજીક આવે છે તે સંક્રાંતિકાળમાં તેના નિર્ધારિત સમયના બદલે દર વખતે ૪ દિવસ વહેલો-મોડો આવે છે. કૉમ્પ્યુટરની સહાયથી આ સમય ત્રુટીનો અભ્યાસ કરી તેણે આ ગ્રહની કક્ષા, દ્રવ્યમાન ને સ્થાન બાબત અનુમાનો કર્યાં છે. આ અજ્ઞાત ગ્રહ 'X' 'શનિ'થી ત્રણગણા દ્રવ્યમાનનો (એટલે કે પૃથ્વીથી ૧૮ ગણા દ્રવ્યમાનનો) કલ્પ્યો છે. સૂર્યથી એનું અંતર ૯.૬૬ અબજ કિ. મી. (૬ અબજ મા.) એટલે કે છેલ્લા ગ્રહ પ્લૂટોથી આશરે દોઢ ગણું હોવાનો અંદાજ છે. સૂર્યની ફરતે એક પરિભ્રમણ કરવાનો તેનો સમય ૪૬૪ વર્ષ જેટલો હશે ગ્રહોના પરિભ્રમણની મુખ્ય કક્ષાની દિશાથી તેની કક્ષાની દિશા ૬૦°નો ખૂણો કરતી હશે. વળી સૂર્યની ફરતે બધા ગ્રહોની પરિભ્રમણ દિશાથી ઊલટી દિશામાં એ ભ્રમણ કરતો હશે! અત્યારે એનું સ્થાન 'શર્મિષ્ઠા' (કૅસિયોપિયા) તારામંડળના વિસ્તારમાં હોઈ ત્યાંના મબલખ મોટા તારાઓના સમુદાયમાંથી એને સ્પષ્ટ રીતે અલગ તારવવો મુશ્કેલ છે. □

રવિશંકર રાવળનું
આત્મકથાનક અને 'ગુજરાત કલાસંઘ'ની કથા-૧૭

ગુજરાતમાં કલાનાં પગરણ

'કાળ પડખું ફરે'

ઈ. ૧૯૩૨ના વર્ષમાં ભારતમાં રાષ્ટ્રીય જાગ્રતિનો અને અસ્મિતાનો જુવાળ આવ્યો હતો. બધાં સરકારી તંત્રો પ્રત્યે પ્રજાને ખૂબ રોષ થયો હતો અને સરકારનાં ધોરણો તથા પ્રમાણપત્રો કરતાં રાષ્ટ્રીય સંસ્થાઓ આદરપાત્ર ગણાતી હતી. રાષ્ટ્રભક્ત જુવાનો અને પ્રૌઢો એકીરાથે પ્રગતિપંથે જઈ રહ્યા હતા. અમદાવાદમાં તો સ્ત્રી-જાગ્રતિ પણ વિશેષ હતી. 'જ્યોતિસંઘ' જેવી સંસ્થાઓ આકાર લેતી હતી. શ્રી ઉમાશંકર જોશીના શબ્દોમાં જાણે 'કાળ પડખું ફરતો' હતો. આવી એકેએક રાષ્ટ્રીય સંસ્થા સાથે સંબંધિત વ્યક્તિઓ અને સમૂહો કુમાર કાર્યાલયને એક વ્યાપક રાષ્ટ્રીય સેવાનું ક્ષેત્ર માનતા થયા હતા. રાષ્ટ્રસેવનાં નાનાંમોટાં કલાયુક્ત કામ માટે કુમાર કાર્યાલયને યાદ કરવામાં આવતું. ચરખાસંઘ તરફની ૧૦૦૦ રૂપિયાની પહોંચો કુમાર કાર્યાલયે જ છાપી હતી. કલાયુક્ત મુદ્રણમાં ઘણી દુર્ઘટનાઓ પાર કરવામાં શ્રી બચુભાઈ રાવતની કુશળતા રસ્તા કરતી વધતી હતી.

જયંતીલાલ ઝવેરી

કનુ દેસાઈની આવડત અને પ્રગતિશાળી કલ્પનાઓએ વિદ્યાર્થીઓ પર છાપ પાડી હતી કે મુંબાઈ સરકારનાં પ્રમાણપત્રો કે પ્રચાર વિના પણ કલાકારને સમાજમાં સારું સ્થાન મળી શકે છે. એ જોઈને જ મારા વિદ્યાર્થી સ્વ. જયંતીલાલ ઝવેરીને ચાર વર્ષની મારા ચિત્રખંડની તાલીમ બાદ સ્વ. શેરદલાલ મણિલાલ અભાએ નાણાંની ગોઠવણ કરી આપીને શાંતિનિકેતન જવા સગવડ કરી દીધી. તેનામાં સાદાઈ, અધીનતા અને જૈન ધર્મશાસ્ત્રની સમજ સારી હતી. તેણે જ સારાભાઈ નવાબનો પરિચય 'કુમાર' સાથે કરાવી 'જૈન ચિત્રકલ્પદ્રુમ'ને અવતારવા સહાય કરી હતી. મને આશા હતી કે જૈન કલ્પસૂત્રોની શૈલીમાં તે વિશેષ પ્રગતિ કરશે. શાંતિનિકેતનથી આવ્યા પછી એણે પ્રાચીન જૈન ચિત્રોની ઢબ પર જૈન કલાસ્વરૂપો સર્જ્યાં હતાં. દુર્ભાગ્યે એ ભાઈ આજે હયાત નથી. યુવાન વયે વિધવા પત્ની અને બાળપરિવાર મૂકી પ્રભુશરણ થયા છે. મને આશા છે કે લાચારી અને તંગી ભોગવનાર કલાકારને સહાય કરી શકે એવા સંખ્યાબંધ જૈન લખપતિ ગૃહસ્થો આવાને ધ્યાનમાં લઈ જૈન કળાથી સંપ્રદાયને વિશ્વવિખ્યાત કરનાર કલાકારો ને તેમના પરિવારને સંરક્ષણ આપવા દ્રવ્ય ને જીવનરક્ષણની સહાય કરશે.

વ્રજલાલ ત્રિવેદી

મસૂરીથી ઘેર આવતાં રેલવેમાં ઊતરી ગએલો હાથ હાડવૈદે બાંધી ઝોળીમાં રખાવ્યો તેનો નિર્દેશ અગાઉ આવી ગયો છે. ત્યારે મારાં પત્ની શરીર માટે વિભ્રમથી દુઃખી હતાં તેથી મુંબાઈથી મારાં બહેન નર્મદાબેન માંદાં છતાં ઘર સંભાળવા આવી પહોંચ્યાં હતાં. પણ પછી બાળક કનક સુધ્ધાં તેમને સૌને મારા પિતાશ્રીએ સારવાર માટે ભાવનગર બોલાવી લીધાં અને ઘરમાં રસોઈની જવાબદારી મારા ચિત્રવિદ્યાર્થી વ્રજલાલે સંભાળી લીધી. વાંચનારને યાદ હશે તે પ્રમાણે વલભીપુરના દરબારી ઉતારામાં એક વાર રસોડું સંભાળતા અને પહેર્યે લૂગડે મારી પાસે ચિત્રકામ શીખવા અમદાવાદ આવેલા એ ભાઈએ તો ચિત્રકામમાં એવી પ્રગતિ સાધી કે નૃત્યકાર ઉદયશંકરના અલમોડાના સંસ્કૃતિ-કેન્દ્રમાં પહોંચી જઈ સર ચિનુભાઈની સહાયથી છ માસ ગાળ્યા. ત્યાંથી શાંતિનિકેતન નંદલાલ વસુ પાસે પહોંચ્યા અને ત્યાંથી આવી સરકારની પ્રવેશ-મર્યાદા સાચવતા ચિત્ર અન્વેષક અધિકારી પાસેથી અપવાદ મેળવી એક જાણીતા કન્યાવિદ્યાલયમાં ચિત્રશિક્ષક બન્યા. આજે તો તે એ જ વિદ્યાશાળાના એક ટ્રસ્ટી બન્યા છે ને એમણે અમદાવાદનાં શ્રીમંત કુટુંબોમાં ચિત્રશિક્ષણ આપતા એક પ્રતિષ્ઠિત નાગરિક તરીકે નામના મેળવી છે.

ચિત્રખંડની પ્રતિષ્ઠા

પહેલેથી જ મારા ચિત્રખંડના વિદ્યાર્થીઓનું માન અને સ્થાન સરકારી પરીક્ષામાં ઉત્તીર્ણ થએલા શિક્ષકોથી ચડિયાતું હતું. કલ્પના, ભાવના અને પૂર્ણતા માટે સિદ્ધ થએલા એ ચિત્રકારોની ખાનગી કલાનુયાયી સંસ્થાઓમાં માગણી થતી રહેતી અને સાંસ્કારિક પુનરુત્થાન માટે ઊભી થતી સંસ્થાઓમાં અમારી ગણના થતી. એ પ્રમાણે અમદાવાદમાં દેશની સંસ્કૃતિનું ઉચ્ચ સ્વરૂપ ગુજરાતની નવી પેઢી શીખે, સાચવે અને પ્રસારે તે માટે શ્રી કેશવપ્રસાદ દેસાઈ વગેરે ખાડિયાના સંસ્કારી પરિવારોએ સ્થાપેલી વનિતાવિશ્રામની શાળાના હેડમાસ્તર શ્રી ચંદુલાલ દવે, શ્રી ભોગીલાલ ઠાકર અને સવિતાબેન ત્રિવેદીની ત્રિપુટીએ સ્થાપેલા શારદામંદિરના વ્યવસ્થાપક મંડળમાં મને લઈ એમણે બાલમંદિરના મેળાવડામાં પ્રમુખ બનાવ્યો. તે વખતે મેં બાળકોને કલા-સ્વરૂપોનો આનંદ શી રીતે આપવો અને કલાના વિવિધ પ્રકારોથી જીવનને સંસ્કાર તથા સૌન્દર્ય-ભાન કેવી રીતે આપી શકાય તેની કેટલીક વાતો કરી. તે પરથી એવું શિક્ષણ આપી શકે એવા શિક્ષકની તેમણે માગણી કરી.

એ વખતે મારા આગળ વધેલા વિદ્યાર્થીઓમાં ભાઈ કૃષ્ણલાલ ભટ્ટ ઉપર મારી નજર ઠરી. એમના પિતાની જામનગરી મીઠાઈની દુકાન ફર્નાન્ડિઝ પુલ પાસે રીચીરોડ (હાલના ગાંધીરોડ) પર હતી. એમનું કુટુંબ બહોળું હોવાથી ઘરખર્ચમાં તાણ વર્તાતી એટલે કૃષ્ણલાલે થોડી આવક મેળવવા ઉપર્યુક્ત જગ્યા સ્વીકારવા સંમતિ આપી; અને તેમની લાયકાત માટે તો મેં ખાતરી આપેલી, એટલે તેમને શારદામંદિરના શિક્ષકમંડળમાં જોડી દીધા. આમ, મારા શ્રેષ્ઠ પંક્તિના વિદ્યાર્થીઓ સારી સંસ્થાઓમાં ગોઠવાઈ ચિત્રમાં પણ પ્રગતિ કરતા અને સાથેસાથે નવા વિદ્યાર્થીઓને પાઠ આપવા તથા સહાય કરવા તત્પર રહેતા.

બળવંત ભટ્ટ

આ જ ગાળામાં બાલુભાઈ ભટ્ટ ગુજરાત કૉલેજના વિજ્ઞાનવર્ગમાં હતા. તેમણે ફોટોગ્રાફીને અભ્યાસ-પ્રમાણિત કરી હતી અને પોતાની કૉલેજ ઉપર જ એક નાનો ચિત્રસંપુટ રચીને છપાવી કૉલેજની સ્મરણિકા બનાવેલી, એ જ અરસામાં 'ટાઈમ્સ ઑવ ઈંડિયા'ના 'ઈલસ્ટ્રેટેડ વીકલી'ની એક ફોટો-સ્પર્ધામાં 'ચાકડા પર કામ કરતા દેશી કુંભાર'નું સરસ ફોટો-ચિત્ર સર્જી એ બીજા નંબરનું ઈનામ જીતી લાવ્યા હતા અને મુંબાઈના ફોટો-ચિત્રકારોની મૈત્રી કરી આવ્યા હતા, જેમાં કલાવિવેચક બૅરિસ્ટર કાર્લ ખંડાલાવાળાની તે ખાસ મૈત્રી પામ્યા હતા.

જગન મહેતા

મારા મિત્ર રત્નમણિરાવે ગુજરાત સાહિત્ય સભા માટે 'અમદાવાદ' પર એક દળદાર ઐતિહાસિક ગ્રંથ તૈયાર કરેલો, તેને મારી ફોટોગ્રાફીથી સચિત્ર બનાવ્યો હતો. તે જોઈ ખંભાતથી ત્યાંના ઍડમિનિસ્ટ્રેટર સ્વ. નર્મદાશંકર મહેતાએ ખંભાતનું પણ એવું જ સવિસ્તર પુસ્તક કરવાનું કામ રાજ્ય તરફથી રત્નમણિરાવને સોંપ્યું. તેનું ફોટોકામ કરવા તેમણે મને સાથમાં લીધો, એટલે મેં ભાઈ જગન્નાથ (જગન મહેતા)ને મદદમાં લઈ તે કામ પાર ઉતાર્યું. એમાં સાધન તરીકે એક નાનો બૉક્સ કૅમેરા હતો અને તત્કાલ ડેવલપિંગ માટે પ્રવાસી અંધાર-કોટડી ઊભી કરી લીધી હતી. ભાઈ જગન્નાથે એ કામ ઉપરાંત કેટલાંક રોજ-બરોજનાં કલાપૂર્ણ ચિત્રો પણ લીધેલાં. એ પ્રસંગથી તેની યોગ્યતા બહાર આવી.

'ચિત્રકૂટ'ને સ્વાગત!
શનિવાર : ૨૫-૩-૧૯૮૯ : ૨૧-૧-૧૯૩૩.

[સોનેટ.
પૃથ્વી]

ભલે રવિ, ભલે ઉષા અરુણ કે બલકિયો કરો
ભલે નભતટે ભરા, કિરણ રેત-રીબા-શિરે:
ભલે દૃગ સુખી દુખી ઉર ઉતારતી રેખમાં,
સ્ફુરે કુસુમ સાગરાગ-વૈભવ નિચોવતી રંગમાં:
ઘડે તનમરોડ ત્યાં કથતિ ગુહ્ય ચારિત્ર્યનાં,
કરાંગુલિ ચિતરે ત્હેરાં પર ઉકેલતી હૈવનાં:
છબી જ નિરમે ત્હેરાં પ્રકૃતિ મૂકને અર્પતી
અશબ્દ પણ કારમી ગજબ ભાખનારી ગિરા.

પધાર સખિ! હેતને ઉમળકે વધાવું ત્હને
ઓ કુળ રતિ, ભાવ, ભેર, મુજ માજણી બ્હેનડી!
અને સદન આ ભલે કિરણ રેતરીઓ રહૂં:
ઝિલી કિરણ આભનાં, ગૂંથિયું બે ય સાથે રમે
સુકોમળ અનંગ ભાવ, મધુરા રસે સ્હેરતી,
ઉરો રિઝવતી, સુધાઘૂંટ પિવાડતી, રૂપસી.

પંક્તિ ૧૨મીમાં 'આભનાં' શબ્દ વિશેષણ છે; 'આભનાં કિરણ'= વ્યોમનાં કિરણ.

'ચિત્રકૂટ'ના વાસ્તુ પ્રસંગે શ્રી બલવંતરાય ઠાકોરે લખી મોકલેલું સૉનેટ. એમના જ હસ્તાક્ષરોમાં.

પૂનાના પ્રો. જયશંકર ત્રિવેદી

પૂના એન્જિનીઅરિંગ કૉલેજના પ્રોફેસર અને ચુસ્ત સ્વદેશી ખાદીધારી દેશસેવક શ્રી જયશંકર ત્રિવેદી ત્યાંના અગ્રણી ગુજરાતી દેશભક્ત હતા. ગાંધીજી તે વખતે યરવડા જેલમાં હતા, ને સાથે બીજા પણ ઘણા સત્યાગ્રહીઓ કારાગારવાસી બન્યા હતા. તેમને બધાને પદરના ખર્ચે તે જોઈતી સાધન-સામગ્રી જેલમાં પૂરી પાડતા, તેથી બ્રિટિશ સરકાર તેમના પર કરડી નજર રાખતી. પછીથી સર પ્રભાશંકર પટ્ટણીએ તેમની લોકપ્રિયતા અને સ્વદેશીપણાની નિષ્ઠા જોઈ સરકાર પાસેથી તેમને માગી લઈ ભાવનગરમાં ઈજનેરપદે લીધા હતા. પૂનામાં તેમણે સ્કાઉટ-પ્રવૃત્તિ ખૂબ જ જમાવી હતી, એટલે ભાવનગરમાં તે દિશામાં જાગ્રતિ લાવવા ભાવનગરના શ્રી ગજાનન ભટ્ટ, જે ત્યારે રાજકોટમાં સ્કાઉટ-પદ્ધતિના અગ્રણી હતા, તેમને ભાવનગરમાં ખેંચી તે પ્રવૃત્તિ રાજ્ય આખામાં પ્રસારી પોતે સ્કાઉટ-કમિશનર થયા હતા. તેમણે અનંતરાય પટ્ટણી અને બાળમહારાજા કૃષ્ણકુમારસિંહજીને પણ તેમાં આંતરી લીધા હતા. એ સ્કાઉટ-સંઘની પ્રથમ રૅલી (અધિવેશન) મહુવાના સમુદ્રકાંઠે મળી તે વખતે મને ખાસ નિમંત્રણ આપી બોલાવેલો. એ છાવણી વેળા ત્રિવેદી સાહેબે તથા ગજાનન ભટ્ટે સર પ્રભાશંકર પટ્ટણી સાથે મારો 'કુમાર'ના તંત્રી અને ભાવનગરના વતની તરીકે પરિચય કરાવ્યો. વાતચીત દરમિયાન મેં મારા વિદ્યાર્થીઓની પ્રવૃત્તિ અને આગળ વધવાની તેમની મુશ્કેલીઓની વાતમાં ભાઈ જગન્નાથની વાત મૂકી. હાજર રહેલા પ્રધાન મશ્નોરા સ્કાઉટોએ મારી વાતને ટેકો આપ્યો (જગન મહેતા મશ્નોરા છે) અને પરિણામે અનંતરાય પટ્ટણીએ તેને યુરોપની શ્રેષ્ઠ શાળામાં પ્રવેશ મેળવી સ્કૉલરશિપ માટે અરજી કરવા સૂચના કરી. અમદાવાદ આવીને તરત મેં જગન્નાથને હંગેરીના પાટનગર વીએનામાં (મારા પ્રમાણપત્ર સાથે) પ્રવેશ માટે અરજી કરાવી.

'ચિત્રકૂટ'

બીજી તરફ એલિસ બ્રિજ વિસ્તારમાં બ્રાહ્મણ મિત્રમંડળ સોસાએટીમાં મારાં અને બચુભાઈનાં મકાનોનું બાંધકામ ચાલતું હતું. મારા ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી (હાલ સ્વ.) આત્મારામ ગજ્જર જે હવે તો કુશળ સ્થપતિ બન્યા હતા તેમણે તથા તેમના કૉન્ટ્રૅક્ટર મોટા ભાઈ દલસુખરામ ગજ્જરે ખૂબ કરકસરથી તેનું રચનાવિધાન કરી આપ્યું હતું. બાજુમાં જ શ્રી મોરારજી અધ્યારુનું મકાન બંધાતું હતું તેનો નીચલો ભાગ મેં મારા ચિત્રવર્ગ માટે રૂ. ૫૦ના માસિક ભાડાથી આગોતરો રાખી લીધો.

ઈ. ૧૯૩૩ના જાન્યુઆરીમાં મેં મારા એ નવા મકાનનું વાસ્તુ કર્યું અને તેને 'ચિત્રકૂટ' નામ આપી કુમાર કાર્યાલયના સઘળા કાર્યકરો, મારા ચિત્રવિદ્યાર્થીઓ, બાંધકામના કાર્યવાહકો, અંગત મિત્રો વગેરે એ ભૂમિ ઉપર જમ્યા. જોકે રાયપુરમાંનું બાઉઆ પોળનું મકાન ખાલી કરી ખરેખર નિવાસ તો ૩જી એપ્રિલે કર્યો. આ દરમિયાન કૃષ્ણલાલના નાના ભાઈ સુદામા (શ્રીદામ ભટ્ટ) બચુભાઈના મદદનીશ તરીકે કુમાર પ્રેસમાં કામ કરતા હતા અને ફોટોગ્રાફીમાં દિલચસ્પી બતાવતા થયા હતા. વળી એ કુટુંબ પ્રત્યે મારી સહાનુભૂતિ હોઈ તેમને બાઉઆની પોળના મકાનનો નીચેનો ભાગ રહેવા આપ્યો હતો, તેમને હવે આખું ઘર ખાલી કરી આપ્યું.

'ચિત્રકૂટ'ના વાસ્તુ નિમિત્તે કાઢેલાં નિમંત્રણોના મને મળેલા બે પ્રતિભાવ ઉલ્લેખનીય છે. એક તો ગુજરાતના એ યુગના પીઢ સાક્ષરરત્ન શ્રી બલવંતરાય ઠાકોર તરફથી હતો. એમણે 'ચિત્રકૂટ'ને સ્વાગત કરતાં એક અર્થગર્ભ સૉનેટ નિમંત્રણપત્રિકાની પાછળ જ રચી મોકલ્યું હતું. એ કવિપ્રસાદી મને મળેલી અણમોલ ભેટ ગણું છું. એમાં એમણે ચિત્રકલાને કવિતાની 'મા-જણી બહેનડી' કહીને

'અશબ્દ પણ કારમી, ગજબ ભાખનારી ગિરા'

કહી બિરદાવી છે. આ સાથે એમના જ હસ્તાક્ષરમાં એ આપું છું. પાછળથી તેમણે ચિત્રકૂટની મુલાકાત પણ લીધેલી. તે વખતે તેમને જોવા અને મળવા મારા મુંબાઈના શ્રીમંત મિત્ર હીરાલાલ શાહ ખાસ આવેલા.

આવી જ બીજી હૃદયંગમ ભેટ મને મુંબાઈના મારી ચિત્રશાળાના પ્રમુખ વિદ્યાગુરુ (હેડમાસ્તર) શ્રી મહાદેવ વિશ્વનાથ ધુરંધર તરફથી મળેલી, જેમાં મારા માટે કસબી કોરવાળો ખેસ અને મારાં પત્ની માટે બ્લાઉઝ (કાપડું) બને તેટલો કિનખાબ મોકલ્યાં હતાં. એમનો મારા પ્રત્યેનો સદ્ભાવ વ્યક્ત કરતો ઉલ્લેખ એમણે પોતાની આત્મકથા 'ચિત્રમંદિરાંતીલ ૩૯ વર્ષ'માં છબિ સાથે કરી મને ગૌરવાન્વિત વિદ્યાર્થી તરીકે યાદ કરીને કર્યો છે. તેમના કેટલાક સ્કેચ તથા તેમનાં ચિત્રકાર પુત્રી અંબિકાના કામના કેટલાક નમૂના અગાઉ 'કુમાર'માં પ્રકટ થઈ ગયા છે.
(ચાલુ)


○○○ પ્રાચીન સિક્કા ૭

લેખક - ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

ટંક-આહત (અડી-છાપ) સિક્કા: ચિહ્નોનું અભિજ્ઞાન અને સિક્કાઓનું સમયાંકન

ભારતમાં જ્યારે સિક્કાનું ચલણ પ્રચલિત થયું ત્યારે એ સોનાના સિક્કાનું હતું. પરંતુ હજી સુધી ભારતીય સિક્કાઓના જે સહુથી પ્રાચીન નમૂના મળે છે તે ચાંદીના છે. સોનું ત્યારે ભારતમાં સસ્તું હતું અને વિદેશોમાં એની નિકાસ થતી, જ્યારે ચાંદીની પરદેશથી આયાત કરવી પડતી; તો પણ ચાંદીના સિક્કા અહીં ઈસ્વી પૂર્વે પહેલી સહસ્રાબ્દીમાં દેશભરમાં વિપુલ સંખ્યામાં પ્રચલિત હતા. આ સિક્કાઓ પર કેટલાંક ચિહ્ન અંકિત કરેલાં જોવા મળે છે. એ ચિહ્નો સિક્કાને તપાવી તેના પર વિવિધ અડી (punch) વડે પાડેલાં હોય છે. આથી આવા સિક્કાઓને 'આહત' અર્થાત્ 'ટંક-આહત' (punch-marked) કે 'અડી-છાપ' સિક્કાઓ તરીકે ઓળખવામાં આવે છે. આ સિક્કાઓ પર અક્ષરોમાં કે આંકડાઓમાં કંઈ લખાણ કોતરેલું કે છાપેલું જણાતું નથી. આથી એના પર પડેલાં ચિહ્નોનું મહત્ત્વ ઘણું રહેલું છે. આ ચિહ્નોનું કંઈ વિશિષ્ટ તાત્પર્ય હોવું જોઈએ. બૌદ્ધ સાહિત્યમાં 'મહાવગ્ગ'માં ઉપાલિ નામે છોકરાની વાતમાં જણાવ્યું છે કે એનાં માબાપ વિચારતાં હતાં કે જો એ લેખ(ન)નો વ્યવસાય લેશે તો તેની આંગળીઓ સૂઝી જશે, જો એ ગણના (હિસાબ)ના વ્યવસાયમાં પડશે તો છાતીમાં રોગ થશે અને જો એ રૂપ (સિક્કા)ને લગતો વ્યવસાય કરશે, તો તેની આંખો બગડશે. સિક્કા તપાસનાર રૂપદર્શક નામે અધિકારીને સિક્કા પરનાં ચિહ્નો વગેરે ઝીણવટથી તપાસ્યા કરવાનું રહે, તેથી ઘડિયાળ દુરસ્ત કરનાર કારીગરની જેમ તેની આંખોને અતિશ્રમ પડે ને નુકસાન થાય એ સ્વાભાવિક છે. વળી, બૌદ્ધ ગ્રંથ 'વિસુદ્ધિમગ્ગ' અનુસાર સિક્કા પર અંકિત કરેલાં ચિહ્ન એ સિક્કા કયા ગામ, નિગમ, નગર, પર્વત કે નદીતીર પર ને કયા શિલ્પીના હાથે બનાવાયા છે તે દર્શાવે છે. પરંતુ પ્રાચીન આહત સિક્કાઓ પર અંકિત કરેલાં ચિહ્નો પૈકી કયું ચિહ્ન કયા સ્થાનનું દ્યોતક છે તે દર્શાવતી કોઈ વિગત સાહિત્યમાં ક્યાંય મળી નથી. તો આ સિક્કા-ચિહ્નોનું તાત્પર્ય નક્કી કરવું કેવી રીતે? શરૂઆતમાં તો આ કાર્ય અશક્ય લાગતું. પરંતુ સમય જતાં સિક્કાશાસ્ત્રીઓએ આ સિક્કા-ચિહ્નોનું વિગતવાર અધ્યયન કરી તેનું વર્ગીકરણ કરવા માંડ્યું ત્યારે ચિહ્નોના વિવિધ પ્રકારો પરથી તે સિક્કાઓના સ્થળ તથા સમયનો ખયાલ આવતો ગયો.

સર ઍલેક્ઝાંડર કનિંઘમે પ્રતિપાદિત કર્યું કે આહત સિક્કાઓની ઉત્પત્તિ ભારતની આગવી છે; કોઈ વિદેશીઓ પાસેથી અપનાવેલી નથી. વળી, એમણે દર્શાવ્યું કે આ સિક્કા ૩૨ રતીનું ભારતીય તોલમાન ધરાવે છે. પ્રાચીન સાહિત્યમાં આ તોલના ચાંદીના સિક્કાને 'ધરણ' કે 'પુરાણ' કહેતા. વળી, એને 'કાર્ષાપણ' પણ કહેતા. કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં એને ટૂંકામાં 'પણ' કહ્યા છે. ચાંદીના એવા એક સિક્કાનું મૂલ્ય તાંબાના ૧૬ કાર્ષાપણ બરાબર ગણાતું. આથી તાંબાના ૧૬ કાર્ષાપણ મૂઠીમાં ધારણ કરવા જેવું આ એક 'ધરણ' દ્વારા પ્રાપ્ત થતું. આગળ જતાં ગ્રીક તોલ-માનના દ્રમ્મ અને અર્ધદ્રમ્મ પ્રચલિત થયા, ત્યારે આ પુરાણા ધરણ 'પુરાણ' તરીકે ઓળખાયા. એનું તોલ-માન ૧ કળંજુ (૧૦ મંજાડિ=૧ કળંજુ અને ૧૦ કળંજુ=૧ શતમાન) અર્થાત્ ૩૨ રતી (૫૬ ગ્રેઈન)નું હતું. કાર્ષાપણ મૂળમાં ૮૦ રતી અર્થાત્ ૧૬ માષનો તોલ ધરાવતો, પરંતુ ચાંદીની અછતને લઈને ચાંદીનો કાર્ષાપણ ૩૨ રતીનો રખાયો. તાંબાના કાર્ષાપણ ૮૦ રતી(૧૪૬ ગ્રેઈન)ના હોય છે. કનિંઘમે એ પણ દર્શાવ્યું



ભારતમાં લગભગ સર્વ પ્રદેશમાંથી 'ટંક આહત' (પંચ માર્ક્ડ) એટલે કે અડી વડે છાપ પાડીને બનાવેલા-અડીછાપ સિક્કાઓ મળતા રહ્યા છે. એમાંથી સૌથી પ્રાચીન સિક્કા નાનાં-મોટાં રાજ્યો—જનપદ કે મહાજનપદના વિસ્તારમાંથી મળ્યા છે. આ જનપદો ભારત યુદ્ધ પછીના કાળનાં છે. ઈ. સ. પૂર્વે પાંચમી સદીમાં મગધ સામ્રાજ્યના ઉદય સુધીમાં એમનું ચલણ ઘટી ગએલું જણાય છે. મુખ્યત્વે આ અડીછાપ સિક્કાઓ ચાંદીના ને ક્વચિત્ ત્રાંબાના મળ્યા છે. અહીં એવા ત્રણ સિક્કા આપ્યા છે. પહેલો સિક્કો અશ્મક એટલે કે મહારાષ્ટ્રમાં ગોદાવરી નદીની દક્ષિણના પ્રદેશનો, બીજો ગોમતી, સાઈ, ગંદક અને નેપાલની ટેકરીઓ વચ્ચેના કોશલ દેશનો અને ત્રીજો ગોદાવરી ને કૃષ્ણા નદીના મુખપ્રદેશ આંધ્રનો છે. એમના પર મોટી ગરગડી સાથે જોડેલી બે નાની ગરગડીઓ, 'S' આકારની સંજ્ઞાથી રચેલી ત્રિકોણ આકૃતિ, પાનનો આકાર, હાથી, વૃક્ષ અને વર્તુળોથી રચેલા ગોળાકાર વગેરેની અડી (પંચ) વડે પાડેલી છાપ જુઓ. —સં.

કે આ સિક્કાઓ પરનાં ચિહ્ન જુદીજુદી અડી વડે અંકિત થતાં. એમણે આ સિક્કાઓનો સમય ઈ. પૂ. ૬૦૦થી ઈ. પૂ. ૨૦૦નો આંક્યો.

પછી આ સિક્કા પરનાં ચિહ્નોનું વિગતવાર અધ્યયન, નિરૂપણ તથા વર્ગીકરણ કર્યું મિ. થિયોબાલ્ડે. એમણે ૩૦૦થી વધુ ચિહ્નો અલગ તારવ્યાં. એમાં ૯૬ ચિહ્ન સિક્કાઓના અગ્રભાગ પર, ૨૮ સિક્કાઓના પૃષ્ઠભાગ પર અને ૧૫ બંને બાજુ પર મળે છે. થિયોબાલ્ડે આ ચિહ્નોને છ વર્ગમાં વિભક્ત કર્યાં: (૧) મનુષ્ય-આકૃતિઓ, (૨) આયુધો, સ્તૂપ, ચૈત્ય વગેરે મનુષ્ય-કૃત ચીજો, (૩) પશુઓ વગેરે, (૪) વૃક્ષો-શાખાઓ ફળમૂળ વગેરે, (૫) સૂર્યબિંબ, નંદિ ઈત્યાદિ ઉપાસના-પ્રતીકો અને (૬) કેટલાંક અસ્પષ્ટ ચિહ્નો. એલન નોંધે છે કે પ્રાચીન સિક્કાઓ પર સૂર્ય, ચક્ર, પર્વત, હાથી, વૃષભ તથા શ્વાનની આકૃતિઓ વિશેષ પ્રમાણમાં મળે છે.

તાંબાના આહત કાર્ષાપણ ૮૦ રતીના ને નાના સિક્કા ૪૦, ૨૦, ૧૦ અને ૫ રતીના હતા એવું અગાઉ કનિંઘમે જણાવેલું તેને વિદિશામાંથી મળેલા તાંબાના આહત કાર્ષાપણોના તોલ વડે સમર્થન મળે છે એમ દર્શાવી ડૉ. દે. રા. ભાંડારકરે એનો સમય લગભગ ઈ. પૂ. ૩૩૦થી ઈ. સ. ૩૦૦ સુધીનો આંક્યો.

પ્રાચીન તક્ષશિલાનાં ખંડેરોમાંથી મળેલા ચાંદીના કેટલાક આહત સિક્કાઓનું વિગતે અધ્યયન કરી ડૉ. સ્પૂનરે એ સિક્કાઓ પરનાં ચિહ્નોના જુદાજુદા સમૂહોનું પદ્ધતિસર વર્ગીકરણ કર્યું, પરંતુ તેમણે આ સર્વ ચિહ્નો બૌદ્ધધર્મને લગતાં હોવાનું માની લીધું.

કલકત્તાના ઇંડિયન મ્યૂઝિયમમાંના સિક્કાઓના કૅટલૉગમાં મિ. વિન્સન્ટ સ્મિથે ચાંદીના આહત સિક્કાઓનું ચાર આકારના આધારે સમૂહોમાં વર્ગીકરણ કર્યું: (૧) ત્રણ બિંદુઓથી અંકિત નાની લગડીના ઘાટના સિક્કા, જે ઘણા પ્રાચીન લાગે છે (તોલમાં એ અર્ધ-ધરણનો તોલ ધરાવે છે); (૨) વાળેલી લગડીના ઘાટના સિક્કા, જેની અંતર્ગોળ બાજુ પર સાદાં ચિહ્ન અંકિત કરેલાં છે. આ સિક્કાઓને સ્મિથ ઈ. પૂ. ૫૦૦-૬૦૦ના ગણાવે છે. (એ તોલમાં ૯૬ કે ૧૦૦ રતીના છે ને કદાચ એ સિક્કા નહિ પણ કાટલાં હોય); (૩) સમ કે અસમ આકારના લંબચોરસ કે સમચોરસ સિક્કાઓ, જે વિપુલ સંખ્યામાં મળે છે. (એમાંના

આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર (શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા-ઉમરેઠ)) ની સલાહ

પાન ખાવાની ટેવ વિષે આપનું શું કહેવું છે?

* પાન એટલે કે કાથો-ચૂનો, સોપારી, ઈલાયચી, તમાકુ વગેરે સો વિધવિધ મસાલા સાથેનું પાન ખાવાથી મોંમાં થૂંકનું પ્રમાણ ઉત્તેજાય છે, તરસ છીપે છે, ચૂનામાં રહેલું કૅલ્શ્યમ હાડકાં માટે ઉપયોગી છે પણ તેનો સતત વપરાશ મોંની આંતરત્વચાની કુદરતી સ્થિતિ બગાડે છે; સોપારીનો વધુકો ઉપયોગ જ્ઞાનતંત્ર ઉપર માઠી અસર ઊપજાવે છે; તમાકુની શામક અને અંગસંકોચ વિરોધી અસરો છે, પણ વધુ પ્રમાણમાં લેવાથી એ ઝેરી અસર કરે છે. આમ, પાન અને એની સાથે વપરાતા પદાર્થો પ્રમાણસરનાં રહે ત્યાં સુધી ઠીક છે, પણ ગલોફામાં પાન ઠાંસી રાખવાની ટેવ ગાલમાં ચાંદી અને એમાંથી કૅન્સર થવા સુધી દોરી જાય છે. તમાકુ કે તમાકુવાળાં પાન ગાલ, અવાળાં અને ઓઠ ઉપર કૅન્સર થવાનું જોખમ વધારે છે.પાનના બંધાણથી હોઠ અને જીભનો ચિરકાળી દાહ થાય છે, ગાલની આંતરત્વચાની સચેતના મંદ પડે છે, અવાળાં ઘસાય છે, દાંત ઉપર ચૂનાની પથરી જામે છે અને થૂંકનો વધુ પડતો સ્રાવ થઈ એ વેડફાય છે.

સ્વપ્ન શું છે? શાથી આવે છે?

* જિંદગીના બનાવોનો ભ્રામક કે ભ્રમજનક અનુભવ એ સ્વપ્ન. ઊંઘતા માણસના મગજમાં સંવેદનાઓની માત્રા મર્યાદા ઉપર વધી પડે ત્યારે અને / અથવા માનસિક તાણ અને તંગદિલીથી મગજ વ્યસ્ત બની રહે ત્યારે સ્વપ્નાં આવે છે.

પુષ્કળ ખોરાક અને ઓછો પરિશ્રમ લેવા છતાં ઘણા માણસો જાડા થતા નથી એનું શું કારણ હશે? જાડા શરીરને કેમ વખોડાય છે?

* સામાન્યતઃ પુષ્કળ ખોરાક અને ઓછા શ્રમથી શરીરમાં ચરબી જમા થાય છે. પણ વધુ ખાવા છતાં ઘણા માણસો જાડા થતા નથી તેનું કારણ એ છે કે એમના ખોરાકનું બરાબર પાચન થતું ન હોય ને પાચન થએલો ખોરાક આંતરડામાં બરાબર શોષાતો ન હોય. સારું પાચન અને અને અભિશોષણ થવા છતાં ય કોઈ જાડું ન થાય તો એમની જીવનક્રિયામાં કોઈ ખામી હોઈ શકે અગર તો એમનામાં 'બાયોટિક' નામના વિટામિનની ન્યૂનતા હોઈ શકે.

મેદોવૃદ્ધિથી શરીર બેડોળ દેખાવા સાથે એમાં લોહીનું ઊંચું દબાણ, ડાયાબિટિસ, હૃદયના બગાડા વગેરે જેવી સ્થિતિ પેદા થઈ આયુષ્યની અવધ ટુંકાય છે. જાડા શરીરમાં ચરબીના કારણે ચામડીની ગડો પડે છે, તે એકબીજી સાથે ઘસાય છે અને ત્યાં ભીનાશ એકઠી થવાથી ચામડી પોચી પડે છે. એમાં સ્ટેફિલોકૉક્સ જીવાણુઓ કે ફૂગનો વાસ થવાથી ચામડીના રોગો થાય છે. જાડા માણસના શરીરમાં ચરબી વધારે હોવાથી ગરમી શોષાઈને પુષ્કળ પરસેવો વળે છે.

ઘણા માને છે તેમ જાડા શરીરને અને આછા વાળને કોઈ સંબંધ નથી, પણ કેટલાક જાડા શરીરમાં જાતીય હૉર્મોન ઘટવાથી વાળ ટૂંકા ને ઓછા થવા સંભવ ખરો. વળી, થાઈરૉઈડ કે પિચ્યુટરી ગ્રંથિઓના ખામી ભરેલા સ્રાવને કારણે શરીર જાડું થાય છે ખરું, એટલે જાતીય હૉર્મોન્સની ન્યૂનતાને જાડા થવાના કારણરૂપ ગણાય છે. પણ કેવળ જાડયને કારણે માણસની વિષયાસક્તિ ઘટવાની માન્યતા ખોટી છે. એનું ખરું કારણ તો છે જાતીય હૉર્મોન્સની ન્યૂનતા ને માનસિક કારણો.

બાળપણમાં 'બી.સી.જી.' રસી લીધા પછી ક્ષય થાય ખરો?

* હા. 'બી સી.જી.' રસી ક્ષય રોગ સામે સો ટકા રોગક્ષમતા આપતી નથી. પણ રસી લેવાથી ક્ષયના રોગીઓનું પ્રમાણ ઘટે છે ખરું. રસી લીધાના પાંચ વર્ષ બાદ રોગક્ષમતા ઘટતી જઈ ધીરેધીરે નહિવત્ બની જાય છે અને એવી વ્યક્તિને ચેપ લાગે તો ક્ષય લાગુ પડે પણ છે. એટલે બાળપણમાં 'બી.સી.જી.' રસી મુકાવ્યા પછી પાંચ છ વર્ષની ઉંમરે શાળામાં જતી વખતે અને પછી શાળા છોડતી વખતની વયે એમ કુલ ત્રણ વાર આ રસી લેવાની છે. વળી, રસીમાં અતિ અલ્પ સંખ્યામાં જીવાણુઓ હોય યા મૃત જીવાણુઓ હોય તો એ પ્રભાવક નથી રહેતી. ગરમી અને સૂર્યપ્રકાશથી રસી 'ઊતરી' ગએલી પણ ન હોવી જોઈએ. રસી ન મુકાવવા કરતાં રસી લઈને ક્ષય સામે રક્ષણ મેળવવું સલાહભર્યું છે.

કેટલાક ધરણનો તોલ ધરાવે છે.) એમાં એક બાજુ પર અનેક ચિહ્ન હોય છે, જ્યારે બીજી બાજુ (અ) કોરી અથવા (આ) એક ચિહ્નવાળી, (ઇ) બે ચિહ્નવાળી કે (ઈ) ત્રણ કે એથી વધુ ચિહ્નવાળી હોય છે; (૪) લગભગ ગોળ કે લંબગોળ સિક્કા. આ સિક્કાઓની પણ એક બાજુ પર અનેક ચિહ્ન હોય છે, જ્યારે એની બીજી બાજુ (અ) કોરી અથવા (આ) એક ચિહ્નવાળી, (ઇ) બે ચિહ્નવાળી કે (ઈ) ત્રણ કે વધુ ચિહ્નવાળી હોય છે. એવી રીતે તાંબાના આહત સિક્કા પણ સમ કે અસમ સમચોરસ કે લંબચોરસ અથવા ગોળ આકારના હોય છે ને એમાં પણ એક બાજુ પર અનેક ચિહ્ન હોય છે, જ્યારે બીજી બાજુ કોરી અથવા એક કે વધુ ચિહ્નવાળી હોય છે. આ સિક્કા ૮૦ રતીનું તોલમાન ધરાવે છે. સ્મિથે આ સિક્કા-ચિહ્નોનું નિરૂપણ કર્યું ને એના સાપેક્ષ કાલક્રમ વિષે સૂચવ્યું કે ગોળ સિક્કા ચોરસ સિક્કા કરતાં અનુકાલીન છે અને એ બંને પ્રકારના સિક્કાઓમાં કોરા પૃષ્ઠભાગવાળા સિક્કા સહુથી પ્રાચીન છે. પરંતુ ચિહ્નો પરથી કોઈ સિક્કા અમુક રાજ્ય કે સ્થાનના છે તેવું કહી શકાય નહિ.

આ આરંભિક સિક્કાશાસ્ત્રીઓની માન્યતા હતી કે આહત સિક્કા જુદીજુદી શ્રેણીઓએ શાસક સત્તાની મંજૂરીથી પડાવેલા છે; એના અગ્રભાગ પરનાં ચિહ્ન તે સિક્કાઓ સ્વીકારનાર જુદાજુદા શરાફોએ પાડેલાં છે, ને પૃષ્ઠભાગ પરનાં ચિહ્ન શાસક સત્તાની મંજૂરીનાં દ્યોતક છે. પરંતુ પછીનાં સંશોધન પરથી સિદ્ધ થયું છે કે આ સિક્કા જુદાંજુદાં રાજ્યોએ પડાવેલા છે, એના અગ્રભાગ પરનાં ચિહ્ન જુદીજુદી અડીથી એક સમયે જ પાડેલાં છે ને એ ચિહ્નો તે તે રાજ્ય કે રાજવંશનાં દ્યોતક છે. આ બાબત મિ વૉલ્શે સારું દિશાસૂચન કર્યું. એમણે બિહારમાં પટણાના ગોલખપુર મહોલ્લામાં મળેલા ૧૦૭ આહત સિક્કાઓના નિધિનું તથા ભાગલપુર જિલ્લાના ગોઢા-ઘાટમાંથી મળેલા ૫૮ સિક્કાઓના નિધિનું નિરીક્ષણ કરીને દર્શાવ્યું કે અગ્રભાગ પરનાં ચિહ્ન સિક્કાપર પહેલેથી પાડેલાં છે ને એમાંનાં કેટલાંક ચિહ્ન કેટલાક સમૂહોમાં ધ્રુવ રહે છે. સામાન્યતઃ અગ્રભાગ પર પાંચ ચિહ્ન હોય છે. પ્રાયઃ એક ચિહ્ન રાજ્યનું, એક ચિહ્ન રાજાનું, એક ચિહ્ન સ્થાનનું અને એક ચિહ્ન કદાચ અધિષ્ઠાતા દેવનું દ્યોતક હોય. વળી એક ચિહ્ન ટંકશાળના અધ્યક્ષનું હશે. વધારાનાં ચિહ્ન સિક્કાને રાજકોશ-પ્રાવેશ્ય તરીકે માન્ય કરતી વખતે તેના પર સ્થાનિક કર વસૂલ કરતી વેળા તે તે ગ્રામના સંઘોએ પાડચાં લાગે છે. પૃષ્ઠભાગ પરનાં ચિહ્ન સિક્કો જે જે શરાફના હાથમાં જાય તેના અનુમોદનનાં દ્યોતક લાગે છે. આ ચિહ્ન આછાં મુદ્રિત થયાં હોય છે ને અગ્રભાગ પરનાં ચિહ્નો જેવાં હોય ત્યારે ઘણા નાના કદનાં હોય છે. કેટલાંક સ્થાનોના સિક્કાઓના પૃષ્ઠભાગ પર તે તે સ્થાનનું વિશિષ્ટ ટંકશાળ-ચિહ્ન હોય છે. પટણાના નિધિ કરતાં બીજા નિધિના સિક્કા તદ્દન જુદા પ્રકારના અને પ્રાક્કાલીન હોવાનું જણાયું, પરંતુ એનો ચોક્કસ સમય આંકી શકાયો નહિ.

(ચાલુ)

[સૂર્યમાળાના ગ્રહો-૮]

પ્લૂટો અને દસમો ગ્રહ

લેખક • ડૉ. યશવંત ગુ. નાયક

નેપ્ચ્યુનની શોધ પછી એની અતિ ધીમી જણાતી ગતિના કારણે પચાસેક વર્ષ સુધી તો જણાયું નહિ કે આ ગ્રહ પણ યુરેનસની માફક એના અંદાજેલા માર્ગ પર દેખાતો નથી. પરંતુ છેવટ જ્યારે એ તરફ લક્ષ ગયું ત્યારે નિષ્ણાતોને નેપ્ચ્યુનની યે પાર વધુ એક ગ્રહ હોવાની શંકા ગઈ અને તેઓ એની શોધ માટે ગણતરીઓ કરવા મચી પડયા. બૉસ્ટન (અમેરિકા)ના એક શ્રીમંત ખગોળરસિયા નિષ્ણાત પર્સિવલ લૉવેલે આ શોધમાં ઘણો ઊંડો રસ દાખવ્યો એટલું જ નહિ, પણ અન્ય દેશના નિષ્ણાતોને પણ આ કાર્યમાં પ્રેર્યા. જો કે એની હયાતીમાં તો એ ગ્રહ મળ્યો નહિ, પરંતુ એમના અવસાન પછી પચ્ચીસ વર્ષે ઈ. ૧૯૩૦માં ક્લાઈડ ડબ્લ્યુ. ટૉમબો નામના એક ખગોળશાસ્ત્રીએ ફોટોગ્રાફીની મદદથી એ ગ્રહને શોધી કાઢ્યો. આ માટે ગાણિતિક રીતે એ ગ્રહના સંભવિત સ્થાનવાળા આકાશી વિસ્તારના થોડા થોડા દિવસના અંતરે ફોટોગ્રાફ લઈને પછી એમાંના એકએક તારાનાં સ્થાન એકબીજાના સંદર્ભમાં સરખાવીને એમણે કોઈ પિંડ ખસેલો લાગે છે કે નહિ એ તપાસવા માંડયું. આ ફોટોગ્રાફોમાં લઘુગ્રહો (એસ્ટેરોઈડ્સ—જેમના વિષે હવે પછી આપણે જોઈશું) નડતરરૂપ હતા, પણ સતત સાત માસ સુધી આ શોધકાર્યમાં લાગી રહી સાડેક લાખ જેટલા તારાઓને છબિઓમાં સરખાવતાં જઈ અંતે, નરી આંખે દેખી શકાતા ઝાંખામાં ઝાંખા તારા કરતાં ૧/૪૦૦૦ જેટલો આછો પીળાશ પડતો પિંડ પકડી પાડયો. સૂર્યની ગ્રહમાળાનો એ નવમો ગ્રહ. એની શોધથી દુનિયાભરમાં ઉત્તેજના પ્રસરી ગઈ. એની શોધમાં ઉત્કટ રસ દાખવનાર પર્સિવલ લૉવેલના માનમાં એમના જ બે પ્રથમાક્ષરો સાથેનું (Pluto) પ્લૂટો નામ આ નવમા ગ્રહને અપાયું અને એની ઓળખની સંજ્ઞા પણ 'P' અક્ષર જેવી નક્કી કરાઈ છે. આપણે પ્લૂટોને 'યમ' નામે પણ ઓળખીએ છીએ.

પ્લૂટો એટલો દૂર છે ને એનું કદ એટલું છે કે હજી સુધી એના વિષે માત્ર એટલું જ જાણીએ છીએ કે સૂર્યની આસપાસની એની ભ્રમણકક્ષા અન્ય ગ્રહોની કક્ષા કરતાં ૧૭° જેટલી વધુ ઢળતી છે. એનો લંબવર્તુળાકાર પરિભ્રમણમાર્ગ આપણા લગભગ ૨૪૮ વર્ષ જેટલો સમય લાગે છે.

વળી એની આ પ્રદક્ષિણા લંબવર્તુળાકારે થતી હોઈ લગભગ ૩૬ વર્ષ જેટલા સમય દરમિયાન પ્લૂટો જ્યારે સૂર્યની વધુ નજીક આવે છે ત્યારે તેનું ને સૂર્ય વચ્ચેનું અંતર નેપ્ચ્યુન અને સૂર્ય વચ્ચેના અંતર કરતાં યે ઓછું હોય છે, મતલબ કે એ વખતે નેપ્ચ્યુનની પરિભ્રમણકક્ષાની અંદર આવી જાય છે. ઈ. ૧૯૮૯માં એ આ રીતે સૂર્યથી વધુમાં વધુ નજીક આવશે અને ત્યારે એ નેપ્ચ્યુન કરતાં સૂર્યની વધુ નજીક હશે. ત્યાર બાદ ઈ. ૨૦૦૨ પછી એની કક્ષા નેપ્ચ્યુન કક્ષાની બહાર જવા લાગશે. અંદાજ છે કે સૂર્યથી એનું સરેરાશ અંતર ૫.૯૦૮૭ કરોડ કિ. મી. (૩.૬૭ કરોડ માઈલ) જેટલું છે. પ્લૂટોનો વ્યાસ આશરે ૫૭૯૯ કિ. મી. (૩૬૦૦ મા.)જેટલો હોવાનું મનાય છે. સૂર્યથી અતિ દૂર હોઈ તે તદ્દન અંધારિયો ને એટલો તો ઠંડો ગ્રહ હશે કે આપણી કલ્પના પણ ઠરી જાય.

ગુરુ, શનિ, યુરેનસ ને નેપ્ચ્યુન એ બાહ્ય ગ્રહોની લાક્ષણિકતાથી પ્લૂટો બાહ્ય ગ્રહ હોવા છતાં જુદો પડે છે. એનું કદ નાનું છે અને એનું દળ વાયુમય નહિ પણ ઘન લાગે છે. એની પરિભ્રમણકક્ષા તથા અન્ય કેટલીક આગવી લાક્ષણિકતાઓ પરથી કેટલાક ખગોળશાસ્ત્રીઓ એને નેપ્ચ્યુનની પકડમાંથી છટકી ગએલો ઉપગ્રહ માને છે.

વળી, પ્લૂટો ભલે ગમે તેવો હોય છતાં એટલું નિશ્ચિત છે કે નેપ્ચ્યુનને એના માર્ગમાંથી ચ્યુત કરી શકે એટલો મોટો તો એ નથી જ; એટલે પ્લૂટોની પાસે યા એનાથી યે આગળ હજી કોઈ એવો જ અન્ય આકાશી પિંડ હોવાની કલ્પના પ્રકટી. પણ જો એવો કોઈ પિંડ હોય તો સૂર્યથી એ એટલો તો દૂર હોય કે જ્યાંથી સૂર્યપ્રકાશ પરાવર્તિત થતો દેખાય નહિ. એટલે દૂરબીન દ્વારા તો એની શોધ કે દર્શન અશક્ય છે. પ્લૂટો માટે અજમાવાઈ એવી ફોટોગ્રાફીની યુક્તિ પણ કામ ન જ લાગે. એટલે ગાણિતિક રીતે એનું અસ્તિત્વ અને આકાશમાં એનું સ્થાન નિશ્ચિત કરવું રહ્યું. ટૉમબોએ ૧૪ વર્ષ સુધી ૩૩૮ ફોટોપ્લેટોમાં નવેક કરોડ જેટલા તારાઓ તપાસ્યા પછી અંતે થાકીને એની શોધનો પ્રયત્ન પડતો મૂક્યો હતો. રેડિયો-સંકેતો દ્વારા એની તપાસ થઈ શકે; પણ ત્યાં સુધી પહોંચતાં

(અનુસંધાન પૃષ્ઠ ૨૬૯)





જેના આધારે પ્લૂટોની શોધ થઈ એ ફોટોગ્રાફોમાંની એક જોડ. ઈ. ૧૯૩૦માં ત્રણેક દિવસના અંતરે લેવાએલી આ છબિઓમાં તીર વડે દર્શાવેલા આકાશીપિંડનું ખસેલું સ્થાન સ્પષ્ટપણે જોઈ શકાય છે. એ પ્લૂટો છે. છબિમાં ડાબી બાજુ નીચે ધ્યાન દોરતો તેજસ્વી તારો મિથુન તારામંડળનો છે. નરી આંખે માત્ર આકાશના આ ભાગમાં એ એક જ તારો દેખાય છે. છબિમાંના બાકીના કોઈ તારા નરી આંખે દેખી શકાતા નથી.

કલાવાર્તા

સ્વ. મધુરીબેન દેસાઇ

મુંબાઈમાં 'ભુલાભાઈ ઍન્ડ ધીરજલાલ દેસાઈ મેમોરીઅલ ટ્રસ્ટ' દ્વારા એક ઇન્સ્ટિટ્યૂટ ચાલે છે. ચિત્રકળા, શિલ્પકળા, નૃત્ય, નાટ્ય,સંગીત,ફોટોગ્રાફી,કઠપૂતળી, સ્થાપત્ય, સેરામિક્સ ને ચલચિત્રકળા જેવી અનેકવિધ કળાના ક્ષેત્રમાં પોતાની કારકિર્દી આરંભતા



સંખ્યાબંધ કલાકારોનું એ એક સહાયક આશ્રયસ્થાન છે. કંઈક પ્રતિભાઓએ અહીં પોતાનો વિકાસ સાધ્યો છે. જે દિવસે તેઓ કામ કરે એ જ દિવસ પૂરતા એક જ રૂપિયાના નજીવા ટોકન રૂપ ભાડામાં એમને અહીં જે સગવડ મળે છે એનાથી અનેક પ્રતિભાઓ મુરઝાતી બચી ગઈ છે 'નૅશનલ સેન્ટર ફૉર પર્ફોર્મિંગ આર્ટ્સ' જેવી સંસ્થાએ પણ પોતાનો આરંભ અહીંથી કરીને છ વર્ષ સુધી અહીં રહી વિકાસ સાધ્યો હતો.

કાયદાશાસ્ત્ર,રાજકારણ અને મુત્સદ્દીગીરીમાં સુખ્યાત સ્વ. ભુલાભાઈ દેસાઈ અને સ્વાતંત્ર્ય પછી સ્વિટ્ઝર્લૅન્ડ ને ઑસ્ટ્રીઆમાં ભારતના પ્રથમ એલચી એમના પુત્ર સ્વ. ધીરુભાઈ દેસાઈનાં પત્ની સ્વ. મધુરીબેન દેસાઇએ શ્વસુર અને પતિની સ્મૃતિમાં આ સંસ્થાની સ્થાપના કરીને દેસાઈ કુટુંબના રોશન નામને પોતાની કલારસિકતાથી અનોખો ઓપ આપ્યો હતો.

મધુરીબેનનો જન્મ ઈ. ૧૯૧૦ના સપ્ટેમ્બરમાં અમદાવાદના એક સુખ્યાત જૈન કુટુંબમાં મણિભાઈ શેઠને ત્યાં થએલો. અમદાવાદના શ્રેષ્ઠીશ્રી કસ્તૂરભાઈ લાલભાઈનું કુટુંબ એ એમનું મોસાળ. અમદાવાદ અને સિમલામાં મધુરીબેને અભ્યાસ કર્યો, ને અનાવિલ બ્રાહ્મણ ભુલાભાઈ દેસાઈના પુત્ર ધીરુભાઈ સાથે આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં ત્યારે જૈન જ્ઞાતિમાં એ અંગે અત્યંત ઉગ્ર ઊહાપોહ થએલો.

લગ્ન બાદ પણ મધુરીબેને અભ્યાસ જારી રાખી વિદ્વાન પ્રોફેસરો પાસેથી ઇતિહાસ,રાજકારણ, અર્થશાસ્ત્ર વગેરેના આગળ અભ્યાસ સાથે સુખ્યાત કલાકારો પાસેથી ચિત્રકળા અને હિંદી-પશ્ચિમી સંગીતની તાલીમ પણ લીધી.

ભુલાભાઈનું ઘર ત્યારે અનેક ક્ષેત્રની વિશિષ્ટ વ્યક્તિઓ તથા ગાંધીજી સહિત દેશના તત્કાલીન બધા અગ્રગણ્ય નેતાઓની આવનજાવનથી ગાજતું રહેતું. આ સૌ મહાનુભાવોનું આતિથ્ય પણ મધુરીબેનના પર જ હતું. અને એમાં તેઓ ત્યાં ચાલતી વિધવિધ ચર્ચા-વિચારણાઓનો લાભ પણ પામતાં. દેશની સ્વાતંત્ર્ય માટેની લડતોમાં પણ દેસાઈ કુટુંબના હિસ્સામાં મધુરીબેનનો ફાળો પણ હતો જ.

સ્વાતંત્ર્ય પછી ધીરુભાઈ પ્રથમ ભારતીય એલચી તરીકે સ્વિટ્ઝર્લૅન્ડ ગયા ત્યારે આ દંપતી એમની સંસ્કારિતા સાથે એમના ફ્રેંચ ભાષા પરના કાબૂને કારણે ત્યાં ખૂબ લોકપ્રિય બની રહેલાં. પરદેશમાં પણ મધુરીબેન આહારવિહારની પોતાની ભારતીય રસમ જાળવીને છેક સુધી નિરામિષાહારને ચુસ્તપણે વળગી રહેલાં. પોતાની સાથે પોતાનાં પાંચ-સાત હજાર પુસ્તકો પણ એ લઈ ગએલાં ને પોતાનું વૈવિધ્યસભર વાચન અને અભ્યાસ જારી રાખેલાં. બ્રિટિશ મ્યૂઝિયમના ક્યુરેટરના સાથમાં એમણે ભારતનાં પ્રાચીન મંદિરો, ગુફાઓ ને શિલ્પસ્થાપત્યો પર સુંદર માહિતીસભર પુસ્તકો પ્રકાશિત કરેલાં છે. ભારતનાં ઐતિહાસિક શિલ્પ-સ્થાપત્યો દર્શાવતો એક અત્યંત સુંદર માહિતીપ્રદ સચિત્ર નકશો એમણે તૈયાર કરેલો જેની ૪૦,૦૦૦ જેટલી પ્રતો વેચાઈ હતી. પણ એમાંથી એમણે એક રૂપિયા સુધ્ધાંનો અંગત લાભ લીધો નહોતો. નિઃસ્વાર્થ સંસ્કારસેવા એ એમનો મોટો ગુણ હતો. પોતે રચેલા ટ્રસ્ટ માટે એમણે સરકાર, મ્યુનિસિપાલિટી કે કોઇ પણ વ્યક્તિ પાસેથી બિલકુલ આર્થિક સહાય લીધી નથી. સદાય પર્દા પાછળ રહીને જ એમણે કામ કર્યું છે. યોગ્ય એ સૌ નવોદિત કલાકારોને એમણે ઉત્તેજન ને સહાય આપ્યાં છે. કોઈ સમારંભ કે જાહેર કાર્યક્રમમાં એમણે હમેશાં મોખરાની બેઠક ટાળી છે. સાંસ્કૃતિક ક્ષેત્રે એમણે તદ્દન નિઃસ્વાર્થ ભાવે આપેલાં પ્રોત્સાહન ને પુરસ્કાર કદી ભુલાય તેમ નથી. ગયા ડિસેમ્બરની ૨૮મીએ એમનું એકાએક અવસાન થતાં એમના પ્રોત્સાહનથી આગળ વધેલા એક વિસ્તૃત કલાકાર સમુદાયે શીળું છત્ર ગુમાવ્યાની દુઃખદ અનુભૂતિ કરી છે.

—જયંત સિદ્ધપુરા

દેશખ્યાત હાર્મોનિયમવાદક સ્વ. ગોસ્વામી દ્વારકેશલાલજી

હાર્મોનિયમ-વાદનને 'ઑલ ઈંડિયા રેડિયો'એ ભલે મહત્ત્વ ન આપ્યું, પણ દેશના સંખ્યાબંધ નામી સંગીતકારોએ એની સહાયથી પોતાની કલા સિદ્ધ કરી છે. વાદનકલાની સિદ્ધિમાં એનું આગવું મહત્ત્વ છે જ. પોરબંદરની વૈષ્ણવ હવેલીના



મહારાજ ગોસ્વામી દ્વારકેશલાલજી આવા એક નામી હાર્મોનિયમ-વાદક હતા. એમના પિતા ઘનસ્યામલાલજી પણ આ વાદનકલા ક્ષેત્રે દેશભરમાં જાણીતા હતા. હાર્મોનિયમ જેવા બાંધેલા સ્વરોના સંગીત-સાધનમાંથી તેઓ શ્રુતિ અને મીંડનો સુંદર ભાસ પ્રકટાવી શકતા. પિતા પાસેથી દ્વારકેશલાલજીએ વૈષ્ણવ તત્ત્વજ્ઞાનની સાથે સંગીત-કલાની ભક્તિ મેળવી હતી. તેઓ વ્રજભાષામાં સરળ કાવ્યો પણ રચતા અને એક અચ્છા સંગીતકાર તરીકે એની બંદિશો પણ બાંધતા. પોરબંદરની 'પથદીપ' કલાસંસ્થા દ્વારા પણ અવારનવાર પોતાની મધુર વાદનકલા તેઓ રજૂ કરતા. એમની કલાઆરાધના અને સ્વર-રચનાઓમાં એમના વૈષ્ણવ સંપ્રદાયનું માધુર્ય અને શુચિ-પ્રપત્તિ ટપકતાં. કલકત્તાની અખિલ ભારતીય સંગીત પરિષદે રૌપ્યશંખ અર્પણ કરીને એમનું બહુમાન કરેલું. અમદાવાદના ગાંધર્વ મહાવિદ્યાલયે પણ એમનું જાહેર સમ્માન કર્યું હતું ને 'પથદીપે' એમને પ્રશસ્તિ-અર્ઘ્ય અર્પીને એમની કલાને બિરદાવેલી.

'અગ્નિશિખા' નામે એક સામયિક દ્વારા તેઓ વૈષ્ણવ ધર્મનો ખરો મર્મ પણ સમજાવતા. મિતભાષીપણું, ઋજુતા અને વિનય વગેરે સદ્ગુણોના કારણે ધર્માચાર્ય તરીકેનો આડંબરી દોરદમામ એમના વ્યક્તિત્વમાં પ્રગટતો નહિ. પાકશાસ્ત્રના પણ નિષ્ણાત હતા. કલાકાર મિત્ર સ્વ. જગન્નાથ અહિવાસી પાસેથી ચિત્રકામના પાઠ પણ લીધેલા. હિંદુસ્તાની સંગીત પરંપરામાં હવેલી સંગીતનું વિશિષ્ઠ સ્થાન સ્થાપિત કરવામાં એમનો પણ ફાળો છે.

પિતાએ સ્થાપેલી અને પોતે સંવર્ધેલી હાર્મોનિયમવાદનની કલાને એમના પરિવારમાં પુત્રોએ ઉમદા રીતે જાળવી રાખી છે. પુત્ર માધવરાયજી હિન્દી સાહિત્ય, સાંપ્રદાયિક પત્રકારત્વ અને કાવ્યરચનામાં કુશળ છે તો પુત્ર રસિકરાયજીએ પિતાની કળા અપનાવા ઉપરાંત પં. રવિશંકર પાસેથી સિતારવાદનની દીક્ષા લીધી છે.

આમ, પોરબંદરની એમની હવેલી સંગીત, કલા ને સાહિત્ય તથા સંસ્કારના પ્રસારનું એક વિનમ્ર ધર્મસાધન બની રહી છે. એમના લીલા વિસ્તાર પછી પુત્રોએ 'શ્રી દ્વારકેશ સ્મારક સમિતિ' રચી તેના દ્વારા પોરબંદર અને મથુરામાં જ્ઞાનસત્રો ને સંગીત સત્રોનાં આયોજનો કરતા રહી એમની સ્મૃતિને ચિરંજીવ સ્વરૂપ આપ્યું છે.

—રતિલાલ છાયા

રાગ તથા તાલનાં મૂળ તત્ત્વો અને અભિનવ સ્વરલિપિ પદ્ધતિ

ભારતીય સંગીત પરાપૂર્વથી ગુરુશિષ્ય પરંપરામાં જ સવિશેષ જળવાતું આવ્યું છે અને એથી એની અભિવ્યક્તિ લિપિ દ્વારા બહુ ઓછા પ્રમાણમાં થઈ છે. વળી, એમાં ચિકારી, તારની છેડ, ગજસંચાલન ઈત્યાદિ વાદન-ક્રિયાઓ તેમજ ગમક, વિરામ, લય, કંપન, લઘુ દીર્ઘ સ્વર, માત્રાના વિવિધ અંશો વગેરે જેવી ઘણી અભિવ્યક્તિને લિપિબદ્ધ કરવી અત્યંત મુશ્કેલ છે. પણ હવે જ્યારે સંગીતમાં સમૂહશિક્ષણ જરૂરી બન્યું છે તથા ઘણા વિદ્યાર્થીઓ તો માત્ર અંગત શોખ ખાતર જ સંગીત શીખવા ઇચ્છે છે તેવી સ્થિતિમાં ગુરુ પાસે રહીને વર્ષો સુધીની દીર્ઘ સાધના વ્યવહારુ નથી લાગતી.

બીજી બાજુ પશ્ચિમી સંગીતશાસ્ત્રીઓએ સૈકાઓના પ્રયોગોને અંતે એક એવી પ્રમાણબદ્ધ સ્વરલિપિ વિકસાવી છે કે જેમાં લખાએલું સંગીત દુનિયાના કોઈપણ સ્થળે એકસરખી રીતે ગાઈવગાડી શકાય. આપણે ત્યાં ભાતખંડેજીએ સ્વરલિપિ યોજી છે, દ્વિજેન્દ્રનાથ ને જ્યોતીન્દ્રનાથ એ બે ટાગોર બંધુઓએ પણ 'આકાર–માત્રિક' નામક લિપિ બનાવી છે. કેન્દ્રીય સંગીત નાટક અકાદમીએ પણ એક સ્વરલિપિ અપનાવી છે. છતાં આ દિશામાં વધુ વિકાસ જરૂરી છે.

આવો એક પ્રયાસ શ્રી નિખિલ ઘોષે એમના આ 'રાગ તથા તાલનાં મૂળ તત્ત્વો અને અભિનવ સ્વરલિપિ પદ્ધતિ'માં રજૂ કર્યો છે. લેખક બહુમુખી કલાકાર હોવા સાથે સંગીતશિક્ષણનો એમને બહોળો અનુભવ છે, અને હિંદુસ્તાની સંગીતના ઇતિહાસ અને અન્ય અનેક જટિલ અંગોના તેઓ સારા અભ્યાસી પણ હોઈ એમણે રજૂ કરેલી સ્વરલિપિ એ અંગેનાં અનેક પાસાંઓના વિચાર સાથે યોજાઈ છે, એટલે એ અજમાવવા યોગ્ય છે જ. વળી, વૈદિક કાળથી આજ સુધીનો સંગીતનો ક્રમબદ્ધ ઇતિહાસ તેમજ રાગ અને તાલના ઉદ્‌ગમની પૃષ્ઠભૂમિ સમજાવવા સાથે એના મૂળભૂત સિદ્ધાંતો અને લક્ષણનું અભ્યસનીય પૃથક્કરણ પણ આ પુસ્તકની ઉપયોગિતા વધારે છે. સાથે કેટલીક ઐતિહાસિક તસવીરો તથા તંતુ, સુષિર, ઘન અને અવનદ્ધ વાદ્યોનાં પચાસ જેટલાં ચિત્રો તથા વિભિન્ન સ્વરલિપિની તુલના, સ્વર સોપાન નિર્માણ, ૨૨ શ્રુતિઓની કંપન-સંખ્યાની સરખામણી વગેરેનાં પરિશિષ્ટો પણ આ ગ્રંથનાં આકર્ષણ ને ઉપયોગિતાનાં વર્ધક છે. સંગીતના અભ્યાસી વિદ્યાર્થીઓ માટે આ એક અગત્યનું પ્રકાશન છે. મૂળ લેખક અને પ્રકાશક: નિખિલ ઘોષ, આચાર્ય:સંગીત મહાભારતી, પ્રશાંત ૭૦, ૧૨મો રસ્તો, ખાર, મુંબાઈ–૫૨; પાકું પૂઠું. કિ. ૨૦ રૂપિયા, અનુવાદક: રાજીવ મ. વો¨

ટિકિટસંગ્રહ





ભારતીય યંગ વીમેન્સ ક્રિશ્ચિયન એસોસીએશન (વાય. ડબ્લ્યુ. સી. એ.)ની આ વર્ષે શતાબ્દી મનાવાઈ રહી છે. ઈ.૧૮૭૫માં મુંબાઈમાં એની સ્થાપના થએલી. ત્યારથી આ સંસ્થાએ સમાજની બદલાતી જતી આવશ્યકતાઓની પૂર્તિ અર્થે નારીક્ષેત્રે વિભિન્ન કાર્યો કરતી રહી ઉત્તરોત્તર વિકાસ સાધ્યો છે. આજે દેશભરમાં એની ૫૮ જેટલી શાખાઓ છે. એ.. શતાબ્દી નિમિત્તે ૨૦મી જૂને બહાર પડેલી ખાસ ટિકિટ પર સંસ્થાની સંજ્ઞા સાથેનું સૂચક આલેખન આપ્યું છે.

બહુરંગી છપાઈની સુવિધા થયા બાદ ભારતની ટપાલટિકિટોએ અવનવાં આકર્ષણ પ્રકટાવવા માંડયાં છે. ભારતીય મહોરાં, વિવિધ ભારતીય ચિત્રશૈલીનાં લઘુચિત્રો, ભારતીય પક્ષીઓ વગેરેને રજૂ કરતી બહુરંગી ખાસ ટિકિટો ઘણો સારો આવકાર પામી હતી. પણ હમણાં જગવિખ્યાત શિલ્પી-ચિત્રકાર માઇકેલૅન્જેલોની ૫૦૦મી જન્મજયંતી નિમિત્તે ૨૮મા જૂન બહાર પડેલી ચતુષ્ખંડ–ક્વાડ્રુપલ ટિકિટ સાથે આપણે એક નવા પ્રયોગ તરફ આગળ ડગલું ભર્યું છે. ૫૦–૫૦ પૈસાની ચાર–કુલ બે રૂપિયાની આ ટિકિટ પર માઇકેલૅન્જેલોનાં બે વિખ્યાત ચિત્રો આપ્યાં છે. એમાં ઉપરનું ચિત્ર છે સૂર્ય, ચંદ્ર ને વનસ્પતિસૃષ્ટિના સર્જનનું, અને નીચેના ભાગમાં આદિ પુરુષ આદમના સર્જનનું. વૅટિકન સિટીના સિસ્ટાઈન ચૅપલમાં આ બંને ચિત્રો છે. બંને ચિત્રોને નાનામોટા બબ્બે વિભાગમાં યોગ્ય રીતે વિભાજિત કર્યાં છે. આવી સરસ છપાઈ સાથે અજંતાનાં ચિત્રો જોવાની સહેજે આ પ્રસંગે અપેક્ષા પ્રકટે છે. (પ્રેષક: ડાહ્યાભાઈ સી. પરમાર)

'ગુજપેક્સ-૭૫'ના પ્રદર્શનમાં રાજ્યના પોસ્ટ ખાતાને સારો સહયોગ આપનાર અને પ્રદર્શનમાં ભાગ લઈ આઠ ચંદ્રકો મેળવી જનાર 'ગુજરાત ફિલાટેલિક એસોસીએશન અમદાવાદ' આ શૉખવિષય અંગે વિવિધ રીતે સારું કાર્ય કરી રહ્યું છે. એમાં સૌ કોઈ ટિકિટ-રસિયા જોડાઈ શકે છે. હાલમાં અમદાવાદ ઉપરાંત મુંબાઈ, વલસાડ, ભરૂચ, અમરેલી, ધ્રાંગધ્રા, દાંતા, ગાંધીનગર, સેવાલિયા, શિહોર, ભાવનગર, જામનગર વગેરે સ્થળોના સભ્યો તેમાં છે. દર મહિનાના બીજા અને છેલ્લા રવિવારે સવારે સાડાનવથી અગિયાર દરમિયાન અમદાવાદમાં (પાના મીઠાના ડહેલામાં, વાઘણપોળના નાકે ઝવેરીવાડ એ સ્થળે) આ મંડળના સભ્યો એકઠા થાય છે. વધુ વિગત માટે લખો: શ્રી સી. એસ. પરીખ, ૩૬ ન્યૂ ક્લૉથ માર્કેટ, અમદાવાદ.

પચ્ચીસમી શિષ્ટવાચન પરીક્ષા

વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ તરફથી પચીસમી શિષ્ટવાચન પરીક્ષા ઑક્ટોબર ૧૯૭૫ની તા. ૧૨ ને રવિવારના રોજ જે તે કેન્દ્રોમાં લેવાશે. આ પરીક્ષા માટે ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરાએ પ્રસિદ્ધ કરેલું પુસ્તક 'સરદાર વલ્લભભાઈ પટેલ' રાખવામાં આવ્યું છે. કિંમત પોસ્ટેજ સાથે રૂ. ૧–૫૦. જે ગામેથી નિદાન ૧૦ ઉમેદવારો ઊભા થશે ત્યાં આ પરીક્ષાનું કેન્દ્ર અપાશે. પરીક્ષાર્થી દીઠ પરીક્ષા ફી ૦–૫૦ પૈસા છે. ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર તથા ઉપલા નંબરોને ઈનામ આપવાની પણ યોજના છે. કેન્દ્ર ખોલવા તથા વિશેષ હકીકત જાણવા તા. ૧૦-૯-૭૫ સુધીમાં શ્રી મંત્રી, વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ, ડે. સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા એ સરનામે પત્રવ્યવહાર કરવો.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'આકરું'–'આકરમણ'

ગુજરાતીમાં 'આકરું' શબ્દ ખૂબ જ વ્યાપક છે અને (૧) વધારે પકવેલું, ખરું; (૨) સખત, કઠણ; (૩) મુશ્કેલ, અઘરું; (૪) મોંઘું, વધારેપડતી કિંમતનું; (૫) ગરમ સ્વભાવનું; (૬) ઉતાવળું, અધીરું; (૭) ન ખમાય તેવું, અસહ્ય; (૮) પ્રચંડ—આ આઠ અર્થ તો આપે જ છે. એનો વધુ વિકાસ 'આકરમણ'(સ્ત્રી., '-ણ્ય' યશ્રુતિ)માં જોવા મળે છે: 'વધુ પડતો તાવ ચડતાં જે બેચેની અનુભવાય છે તે.' ભગવદ્ગોમંડળમાં આના 'મુશ્કેલી' ને 'સખ્તાઈ' બે અર્થ નોંધ્યા છે તે મારા અનુભવમાં નથી આવ્યા. બંગાળીમાં 'આકર' 'મુશ્કેલ' અર્થ આપે છે તે અને 'આકરું'-નું મૂળ સમાન હોવા વિષે શંકા નથી, પરંતુ એ કયું મૂળ? સં. 'આકુલ-ક' 'આકળું' શબ્દ આપે છે, પણ એ તો 'વ્યાકુળ' 'મૂંઝાએલું' અર્થ આપે છે; એ બે એક નથી. મને હજી તો એનું મૂળ શોધવું આકરું લાગ્યું છે.

કે. કા. શાસ્ત્રી

વ્યુત્પન્ન વાચના*

શ્રી રાધેશ્યામ શર્માનો આ પ્રથમ અવલોકન-સંચય* અવલોકનકારમાં જોઈતાં તાટસ્થ્ય, સજ્જતા અને નિર્ભીકતા જેવા ગુણોનો પરિચય આપી રહે છે. અહીં સંગૃહીત ૨૭ નાનાં-મોટાં અવલોકનો નવલકથા, ટૂંકી વાર્તા, કવિતા, વિવેચન આદિ વિવિધ કૃતિ-પ્રકારોને સ્પર્શતાં હોઈ તેનો વ્યાપ વિશાળ છે.

સામાન્યરીતે જે કૃતિનું અવલોકન કરવાનું હોય તેનો સાર આપી પછી તેના ગુણદોષ વિષે ચર્ચા કરવાની રૂઢ પદ્ધતિનો અહીં એમણે ત્યાગ કર્યો છે. કૃતિના રસાસ્વાદની સાથેસાથે જરૂરી સારાંશો ઉદ્ધૃત કરતા જવા અને યથાસ્થાને ગુણદોષની ચર્ચા કરવી એ છે એમની અવલોકન પદ્ધતિ. વચ્ચેવચ્ચે અંગત અનુભવોના ઈશારા કર્યા છે તેથી તે અવલોકનોમાં સજીવતા પણ આવેલી જણાય છે. શૈલી મોટે ભાગે રોમૅન્ટિક વલણની હોઈને અવલોકન-વિવેચનની પરિભાષામાં બહુ તણાયા વગર કથયિતવ્યને પોતીકી રીતે અભિવ્યક્ત થવા દીધું છે. આમ કરવા જતાં કયાંક ભાષાકીય દોષો કે કઢંગી વાક્યરચનાઓ આવી જવા પામ્યાં છે.

એમણે અહીં આપેલાં અવલોકનોમાં 'સરસ્વતીચંદ્ર'નાં વિવેચનો, કાકાસાહેબનું ચિંતન, 'દગ્ધદૃષ્ટિ કવિ'ની કવિતા, સમતોલ સ્વસ્થ વિવેચના, 'સદેવંત-સાવળિંગા', પરીક્ષકોને પડકારતી કવિતા, નિર્વિરામ કવિતા, 'વિસ્મૃતિ', 'એક', 'આકાર જય કે પ્રકારનો?' આદિ નોંધપાત્ર છે. આ અવલોકનોમાંની કેટલીક કૃતિઓના સર્જકો અવલોકનકારના મિત્રો છે, છતાં યે જ્યાં કહેવા જેવું લાગ્યું છે ત્યાં તેમણે સ્પષ્ટપણે કહ્યું છે એ સચ્ચાઈ પ્રશંસનીય છે. શ્રી મધુ કોઠારીનાં બે નાટકો વિષે છેલ્લા લેખમાં અવલોકન કરતાં આરંભમાં જ તેઓ ઍબ્સર્ડ નાટકને નામે ચાલતા તૂત વિષે સ્પષ્ટપણે પોતાનું મંતવ્ય પ્રકટ કરે છે. એવી જ રીતે શ્રીકાન્ત શાહના કાવ્યસંગ્રહનું અવલોકન કરતાં લખે છે : 'વિષાદ અને વિરતિ (ennui) રચનાના અંગીભૂત અંશ તરીકે આવવાને બદલે સમાનતા ને કારીગીરી જોવા મળતાં ક્લેશ થાય છે.' (પૃ. ૨૫૩) વાર્તામાં ઘટનાલોપના ગાંડા ઝનૂન વિષે એઓ 'વિસ્મૃત' નામના અવલોકનમાં લખે છે : 'ઘટનાને વારતાના દેશમાથી નિકાલ કરવાનું ઝનૂન જે કૃતિઓમાં પ્રધાનપણે દેખાઈ આવતું ત્યાં બળાત્કાર અને આયાસના ઢસરડા, જોનારને ભળાયા વગર રહેતા નહોતા.' તો બીજી તરફથી નવસર્જકોની સર્જનપ્રવૃત્તિમાંથી આવકાર્ય અંશોને સત્કારતું સહાનુભૂતિશીલ વલણ પણ યોગ્ય રીતે જ દાખવાયું છે.

આ અવલોકનોમાં એક બીજી વાત આગળ તરી આવે છે તે એ કે જ્યાં ને ત્યાં પરદેશી સર્જકો અને સર્જનોના સંદર્ભો ટાંકવા. આવા ઉલ્લેખો કરવા એ કંઈ નિંદ્ય પ્રવૃત્તિ નથી, પરંતુ જ્યારે એ કથયિતવ્યમાં અનિવાર્ય તથા ઉપયોગી ન હોય ત્યારે આવી ચડે તો બહુશ્રુતતાના પ્રદર્શનનો વ્યામોહ બની ગયા વગર રહેતા નથી. દા. ત. પૃ. ૨૫૫ પર ક્રાન્ઝ કાફકાની વાર્તાનો ઉલ્લેખ કે પૃ. ૨૫૦ પર અંતે બેકેટનું સ્મરણ આવી છાપ ઊભી કર્યા વગર રહેતાં નથી. એવી જ રીતે પૃ. ૨૫૩ પર 'વિરતિ' પછી કૌંસમાં અંગ્રેજી શબ્દ 'ennui' કે એ જ પૃષ્ઠ પર પછીના પરિચ્છેદમાં 'વિરોધાભાસી રીતે' પછી કૌંસમાં 'paradoxically' શબ્દ મૂકયો છે તે અનાવશ્યક લાગ્યા કરે છે. આ જ પ્રમાણે પૃ. ૨૪૩ પર હિંદી શબ્દ 'ઈસ્તેમાલ'ને સ્થાને 'ઉપયોગ' શબ્દ સહેલાઈથી મૂકી શકાયો હોત.

આ બધું હોવા છતાં એમણે જ એક અવલોકનનું શીર્ષક 'સમતોલ સ્વસ્થ વિવેચના' બાંધ્યું છે તેમાંનાં બન્ને વિશેષણો આ સંગ્રહનાં તેમનાં લગભગ મોટા ભાગનાં અવલોકનોને લાગુ પાડી શકાય તેમ છે તે આનંદ અને સંતોષની વાત છે. શ્રી શર્માની સાહિત્યસૂઝ અને અભ્યાસે આ 'વાચના'ને સર્વથા વ્યુત્પન્ન બનાવી છે. અંતમાં, સંગ્રહના પૂઠા પર છાપેલા ચિત્રની સુસંગતતા બે પૂઠાં વચ્ચેની સામગ્રી સાથે કઈ રીતે હશે તે પ્રશ્ન થયા વગર રહેતો નથી. હા, એ નિર્હેતુક સુશોભન હોય તો અમને લાગે છે કે આવા સમતોલ સ્વસ્થ વિવેચકને એવી ફૅશનપરસ્તી છાજે નહિ.

—ધીરુ પરીખ

* 'વાચના' : રૂપાલી પ્રકાશન, ૮૦ ગિરધરનગર અમદાવાદ-૪, પાકું પૂઠું, પૃ. ૨૬૦, રૂ. ૮–૫૦.

નવાં પ્રકાશનો

ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ
રાજ્ય શિક્ષણભવન • રાયખડ • અમદાવાદ-૧

લોકગુર્જરી અંક ૭ : 'લોકગુર્જરી'ના આ સાતમા વાર્ષિક અંકમાં લોકસાહિત્ય ઉપરના અનેક અભ્યાસપૂર્ણ નાનામોટા લેખો ઉપરાંત લોકભરત, મોતીભરત, ભીંતચિત્રો, કાષ્ઠશિલ્પ, મંત્રવિદ્યા, ટુચકા, લોકવિદ્યા, બાઉલ ને ભરરી જેવી લોકજાતિઓ, પિતૃપૂજા જેવાં સાંસ્કૃતિક મૂલ્યોથી ખચિત ધર્મ-સંસ્કારો, ભવાઈ અને લોકનૃત્ય વિષેની સામગ્રી શકય હોય ત્યાં સચિત્ર રીતે આપવામાં આવી છે. આવા અભ્યાસ-લેખો અને સચિત્ર સામગ્રીમાંથી રસ ધરાવનાર અભ્યાસીઓને સંશોધનની કોઈ નવી દિશાનું સૂચન પ્રાપ્ત થઈ શકે એ પણ મોટો લાભ છે.(સંપા. મનુભાઈ જોધાણી, જોરાવરસિંહ જાદવ; પાકું પૂઠું, પૃ. ૧૬૪, રૂ. ૮.).

લોકવાર્તાઓ : ગુજરાતના લોકજીવનમાં અત્રતત્ર પડેલી ૧૪ લોકવાર્તાઓને એકઠી કરીને સર્વશ્રી પુરુષોત્તમ સોલંકી, દિલીપ રાણપુરા, દેવેન્દ્રકુમાર પંડિત અને મહીપતરામ જોષીએ અહીં ગ્રંથસ્થ કરી છે. લોકહૃદયનાં ને લોકજીવનનાં સાચાં ભાવમૂલ્યોને પ્રકટ કરતી આ લોકવાર્તાઓ સંતર્પક વાચન પૂરું પાડે છે. (પાકું પૂઠું, પૃ. ૧૭૨, રૂ. ૨–૭૫.)

કચ્છી પીરોલી : 'પીરોલી' એ કચ્છીમાં ઉખાણાને માટે વપરાતો શબ્દ છે. આ સંગ્રહમાં કચ્છી ભાષામાં પદ્યબદ્ધ રસમય ઉખાણાં આપવા ઉપરાંત દરેકની નીચે એનો ગુજરાતી પદ્યાનુવાદ પણ મુકાયો છે. સામાન્ય વાચકથી માંડી સહુ કોઈ ને રસપ્રદ થઈ પડે તેવી પીરોલીઓનું આ પુસ્તક સંપાદિત કર્યું છે દુલેરાય કારાણીએ. (પાકું પૂઠું, પૃ. ૨૧૬, રૂ. ૨–૭૫.)

ધોળમંગળ : સૌરાષ્ટ્રના ભિન્નભિન્ન પ્રદેશોમાં જૈન તેમજ જૈનેતર કોમોમાં ગવાતાં ધોળમાંથી ૪૫ જેટલાં ધોળ સંશોધિત કરીને તેની પ્રાસ્તાવિક માહિતી સાથે અહીં ખોડીદાસ ભા. પરમારે સંપાદિત કર્યાં છે, જે અભ્યાસીઓ અને જિજ્ઞાસુઓને ઉપયોગી થશે. (પાકું પૂઠું, પૃ. ૧૯૦, રૂ. ૩)

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૩૮૦૦૧૪

વૈકુંઠભાઈ : સમાજસેવાના ભગીરથ કાર્યમાં પાયાના પથ્થર સમાન રહી મૂગા મૂગા પણ મહત્ત્વની કામગીરી બજાવી જનાર વૈકુંઠભાઈ મહેતાના આ ચરિત્રને પૂર્વજીવન, સહકારી પ્રવૃત્તિમાં, નાણાંમંત્રી, ખાદી અને ગ્રામોદ્યોગો, દલિતોના મિત્ર અને વ્યક્તિત્વદર્શન એમ છ પ્રકરણમાં મૂળ અંગ્રેજીમાં શ્રી રે હિત દવેએ શ્રદ્ધેય રીતે આલેખ્યું છે, જેનો ગુજરાતી અનુવાદ શ્રી રતિલાલ મહેતાએ આપ્યો છે. ચરિત્રનાયક વૈકુંઠભાઈની નિષ્ઠાપૂર્વકની કાર્યપદ્ધતિ, નિખાલસ નિરાડંબરી જીવનરીતિ, આમ જનતા માટેની અસીમ પ્રીતિ ને વહીવટીય દક્ષ નીતિ વગેરેનો આ પુસ્તકમાં ઠીકઠીક પરિચય થઈ રહે છે અને આઝાદી પછી દેશને–સમાજને ઉચ્ચ શિખરે લઈ જવા કેવા સેવકો–સૈનિકોની જરૂર છે તેનું વૈકુંઠભાઈનું સાદું સરળ જીવન સચોટ ઉદાહરણ પૂરું પાડી રહે છે. આવાં ઉત્તમ ચરિત્રોનું વાચન આપણી ઊગતી પેઢીને જીવનઘડતરમાં તથા સમાજ–રાષ્ટ્રઘડતરમાં રાહબર બની રહેશે. જોકે અનુવાદમાં અંગ્રેજી લઢણોનો તરજુમિયો પ્રયાસ–પ્રથમ પ્રકરણના પ્રથમ વાક્ય જેવો–ગુજરાતી શૈલી-લઢણોના અભાવની ખટક લગાડયા કરે છે. (કાચું પૂઠું, પૃ. ૧૫૦, રૂ. ૮)

સેતાનની સોબતી : કલ્યાણરાજ્યની ભાવના પર મંડાએલી ભારતની આઝાદીની મજલ એ માર્ગે આગળ વધી રહી છે તેમાં વિઘ્ન જેવાં દારૂ, કેફી પીણાં અને જુગારને ગાંધીજી આઝાદી પહેલાં પામી ગયા હતા. આ પુસ્તકના બન્ને ખંડમાં આઝાદી પહેલાં અને પછી રાજકીય અને સામાજિક રીતે પ્રસ્તુત બદીઓને હટાવવા માટે શા શા પ્રયત્નો થયા તેનો ચિતાર મુખ્યત્વે ગાંધીજીનાં અને થોડા અન્ય લેખકોનાં આ વિષય પરનાં લખાણો—વક્તવ્યોનું ભારતન કુમારપ્પાએ કરેલું આ સંપાદન ઉક્ત બદીઓ વ્યક્તિ તેમજ રાષ્ટ્રજીવનને કેટલી વિઘાતક છે તેનો સ્પષ્ટ ખ્યાલ આપી રહે છે. (કાચું પૂઠું, પૃ. ૨૧૧, રૂ. ૫)

ભજનાંજલિ : 'આશ્રમ ભજનાવલિ' મહાત્મા ગાંધીજીનું એક મહામૂલું કાર્ય છે. એમાંનાં ભજનો પર કાકાસાહેબ કાલેલકર જેવા અંતેવાસી સાહિત્યકારે વ્યાખ્યાનો આપેલાં તે ૪૨ વ્યાખ્યાનો, ભજનો સહિત, અહીં આપવામાં આવ્યાં છે. આ વ્યાખ્યાનો તે તે ભજનનો મર્મ તો છણે જ છે, પણ સાથે સાથે તેની પાછળ રહેલી ગાંધી-દષ્ટિને પણ વણી લે છે. સરળ અને રોચક શૈલીમાં અપાએલાં આ વ્યાખ્યાનો તે તે કવિના વક્તવ્યને સદષ્ટાંત ચર્ચે છે અને સામાન્ય વાચકને પણ તેમાં રસ લેતો કરી દે છે. 'આશ્રમભજનાવલિ'નું કાકાસાહેબ દ્વારા થયેલું આ એક ઉત્તમ તર્પણ છે. (કાચું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૫)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



જી. એન. તલવલકર

જન્મ : તા. ૨૨-૭-૧૯૨૫, ડોમ્બીવલી (થાણા)માં. અભ્યાસ : બી.એ. : મુંબાઈના 'લોકસત્તા' પત્રમાં ઈ. ૧૯૫૦થી '૬૨ સુધી ઉપતંત્રી રહ્યા બાદ 'મહારાષ્ટ્ર ટાઈમ્સ'માં ૧૯૬૭ સુધી સહાયક સંપાદક અને પછી તંત્રી. 'લોકમાન્ય ટિળક દર્શન' અને 'ફ્રૉમ નવરોજજી ટુ નેહરુ'ના લેખક. સંપાદક તરીકે એમની નોંધોમાં 'પૃથક્કરણ' અને 'વિવેચના' કરવામાં એમની કલમ વિશિષ્ટ તાકાત બતાવતી રહી છે. પત્રકારત્વમાં એમની ઉજ્જવળ કામગીરી બદલ ઈ. ૧૯૭૪નો 'દુર્ગા-રત્ન' ઍવૉર્ડ એમને અપાયો છે.

૧. આપને ૧૯૭૪નું 'દુર્ગા-રત્ન પારિતોષિક' મળ્યું, એ ખાસ કરીને શા કારણે ધારો છો?

ઉ. કારણ કે મેં મરાઠવાડા યુનિવર્સિટીમાં ચાલતી ગેરરીતિઓ અને એમાં વ્યાપક બનેલાં પોલાણો ને પ્રપંચો પ્રકાશમાં આણ્યાં ને તપાસપંચને પણ લાગ્યું કે મારા તહોમતનામાં યથાર્થપણે વાજબી હતાં.

૨. દુર્ગાપ્રસાદ તંત્રી તરીકે કેવા હતા?

ઉ. શક્તિશાળી, સફળ ને સર્વસમન્વયી સમગ્રીકરણ કરનારા. પ્રજાજીવનની નાડને બરાબર પારખનારા.

૩. કયા બે તંત્રીઓ અને કયાં બે વૃત્તપત્રો આપને વધુ ગમ્યાં?

ઉ. તંત્રીઓમાં : લોકમાન્ય તિલક અને સી. વાય. ચિંતામણિ. વૃત્તપત્રોમાં 'લંડન ટાઈમ્સ' અને 'ધી ઇકૉનૉમિસ્ટ'. એ તટસ્થપણે નિષ્પક્ષપાત રીતે વૃત્તાંતો આલેખે છે. પોતાનાં મંતવ્યો સ્પષ્ટપણે નીડરતાથી દાખવે છે.

૪. કયા વ્યક્તિવિશેષના આપ વધુ ચાહક છો કે હતા?

ઉ. સ્વ. એન. જી. રાનડે. વિવિધ ક્ષેત્રે એ અગ્રેસર ને દ્રષ્ટા હતા. વળી એ ઉદાર ને પ્રજ્ઞાપ્રેમી હતા.

૫. આપના ખાસ પ્રિય લેખક કોણ? ને એમની કઈ કૃતિઓ સવિશેષ ગમી?

ઉ. શેક્સપીઅર. એનાં કરુણ પર્યવસાયી નાટકો મને ગમે છે.

૬. મહારાષ્ટ્રના વર્તમાન સાહિત્ય વિષે આપનો અભિપ્રાય?

ઉ. એ સાહિત્યનો દષ્ટિફલક વિસ્તૃત થઈ એની અસર હૃદયંગમ રીતે વ્યાપક બનતી જાય છે.

૭. 'મહારાષ્ટ્ર ટાઈમ્સ'ના તંત્રી તરીકે આપનો દષ્ટિકોણ કહેશો?

ઉ. વાચકોને રસપૂર્વક જીવનપંથ દાખવી જ્ઞાનનું પ્રદાન કરવું ને એમના જીવનપ્રશ્નોનું યથાશક્તિ ન્યાયપૂર્વક નિરાકરણ કરવા પ્રયત્ન કરવો.

૮. મહારાષ્ટ્રના મહાસંતો તુકારામ ને જ્ઞાનેશ્વર સંબંધી આપનું મંતવ્ય કહેશો?

ઉ. એમણે ધાર્મિક જીવનને પ્રેરક ને સર્વવ્યાપક બનાવ્યું છે, પ્રભુપંથ દાખવ્યો છે ને એ રીતે જનતાના મનને ઊર્ધ્વગામી બનાવ્યું છે.

૯. સ્વ. તિલકના 'ગીતારહસ્ય' અંગે આપનું શું કહેવું છે?

ઉ. ખરેખર પ્રેરક, પ્રોત્સાહક ને પ્રજ્ઞાસભર પુસ્તક. દુઃખી ને કલેશી જીવનને એ સચોટ માર્ગદર્શન દાખવે છે. 'ફળની જરા પણ આસક્તિ વગરનાં શુભ કર્મો કર્યે જા' એ સૂત્રનું રહસ્ય એ યોગ્ય રીતે સમજાવે છે.

૧૦. વર્તમાન રાજકીય પરિસ્થિતિ આપને કેવી લાગે છે?

ઉ. કટોકટીભરી. પણ આપણે તો આશાવાદી બની રાષ્ટ્રને ઉન્નત કરવા પ્રયાસ કરવો જોઈએ.

૧૧. તમે પ્રયાસ પુરુષાર્થમાં માનો છો કે પ્રારબ્ધમાં?

ઉ. અલબત્ત પુરુષાર્થમાં. આખરે વિજયી તો પુરુષાર્થ જ બને છે.

જી. એન. તલવલકર

તરણકળા : તરવાનો શોખ આજકાલ યુવક–યુવતીઓમાં વધતો જાય છે ત્યારે તરણની શાસ્ત્રીયતા, એની ઉપયોગિતા વગેરેને આ પુસ્તકમાં શ્રદ્ધેય રીતે ચર્ચવામાં આવ્યાં છે. જરૂર જણાઈ છે ત્યાં ચિત્રો દ્વારા વક્તવ્યને વધુ સ્પષ્ટ કરી લેખક હર્ષદ દવેએ વિષયને વિશદ બનાવવાનો સમુચિત પ્રયાસ કર્યો છે. એક સર્વાંગી કસરત તરીકે તરણનું મૂલ્ય કેટલું બધું મહત્ત્વનું છે તે આ પુસ્તક પ્રતીત કરાવી આપે છે. તરણમાં રસ ધરાવનાર પ્રત્યેક વ્યક્તિને વાંચવાલાયક. (કાચું પૂંઠું, પૃ. ૧૧૬, રૂ. ૫)

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૬૪] — કરાવનાર · જલન માતરી



'સાલિક' પોપટિયા

શામળદાસ કૉલેજમાં ઈન્ટર આર્ટ્સ સુધીનું શિક્ષણ લઈને પાકિસ્તાન ચાલ્યા ગએલા અલારખા ઉસ્માન પોપટિયા ગુજરાતી ગઝલ-સાહિત્યમાં 'સાલિક' પોપટિયાના નામે જાણીતા છે. 'નયનધારા' અને 'ખંડિત શમણાં' નામના એમના બે ગઝલ-સંગ્રહો પ્રસિદ્ધ થઈ ચૂકયા છે. ભારતના ભાગલા પડયા પછી પાકિસ્તાનવાસી થએલા 'સાલિક' મૂળ ભાવનગરના વતની. જન્મ તા. ૨૧–૮–૧૯૨૭.

ભાવનગરના પીઢ શાયર શ્રી કિસ્મત કુરૈશી સાથે એક રૂબાઈ-સંગ્રહ પણ પ્રસિદ્ધ કર્યો છે. પાકિસ્તાનમાં ગુજરાતી ભણતા વિદ્યાર્થીઓ માટેના પાઠય પુસ્તક 'સાહિત્ય-સિંધુ' ભાગ ૧, ૨, ૩નું સંપાદનકાર્ય પણ સાલિકે કરીને ગુજરાતી ભાષાની ન ભુલાય એવી સેવા કરી છે.

કરાચીમાં રહીને ગુજરાતી ગઝલને વિકસાવવા માટેનો સાલિકનો ફાળો નાનોસૂનો નથી. તા. ૨૪-૪-'૬૨ના રોજ એમનું અકાળ અવસાન થતાં કરાચીમાંથી એક સારા શાયરે વિદાય લીધી.

નભના આંગણામાં કયારેક તારલો બનીને રમનાર, કદી વાદળ બનીને રેતના રણમાં નિર્ઝરનાર, તો કદી કવિ હોવાને નાતે રાતરાણીમાં પરિમલ બનીને વસનાર આ સ્વર્ગસ્થ શાયરના શે'રોને વાંચીને એની યાદને તાજી કરીએ :

મળ્યું છે હાસ્ય ઉપવનમાં સુમનને,
મળ્યા હસતા સિતારાઓ ગગનને,
ઘણાં ખુશ છે ખુદા તારા જગતમાં,
રુદન શાને મળ્યું મારા જીવનને ?

∞

વદન પરથી પરદો હટાવીને થોડો,
પીવાડી રહ્યાં છે સુરા થોડીથોડી;
હમેશાં જીવનમાં ન ઉલ્લાસ માગું
મને આપજે તું વ્યથા થોડીથોડી.

∞

રમું છું તારલો થઈને કદી હું નભના આંગણમાં,
કદી હું વાદળું થઈ નિર્ઝરું છું રેતના રણમાં,
કવિ છું રાતરાણીમાં વસું કો'દી પરિમલ થઈ,
સમાઈ જાઉં છું કયારેક હું નરગિસની પાંપણમાં.

∞

કદી મેં કલ્પનાઓમાં તમારાં ચિત્ર આલેખ્યાં,
નથી છૂટી શકી કો'દી તમારા રૂપની માયા;
કદી ઘેલા થઈ મેં દોટ મૂકી છે પકડવાને,
અરે અંધકારમાં જોયા તમારા ફરતા પડછાયા :
અને એમ જ મેં ભીંતોસાથ પણ ટકરાઈ લીધું છે.

∞

કહું છું કયાં તમારા ચંદ્ર-મુખની ચાંદની આપો,
કહું છું કયાં તમારા ઉર-કમળની પાંદડી આપો,
કહું છું કયાં તમારા કેશ લટની છાંયડી આપો
તમારાં ગીત લખવાની ફક્ત પરવાનગી આપો.

∞

કો'એ કીધું'તું થવું છે દર્દની તારા દવા,
ઓથ તારી થઈ જશે મુજ કેશની ઘેરી ઘટા;
ને તને પાવી છે મારે નેણની માદક સુરા,
જાય તું ભૂલી થયા છે જખ્મ જે કંઈ આકરા :
છેહ આપીને, પરંતુ કોઈએ કીધું ગમન.

આ મદિરા-જામ ને તૂટેલ દિલ
જિંદગીને બે જ સંગાથી મળ્યા.

∞

મને સમજાયું છે ગફલત હતી મંઝિલ સમજવામાં,
ઘડીભર પણ નહિ થોભું, ઉતારાને ખુદા હાફિઝ;
હવે મઝધાર છે હું છું અને તોફાન ને આંધી
મને રોકી નહિ શકશે, કિનારાને ખુદા હાફિઝ;
અરેજુગ્નુના ચમકારાને હું તો વીજ સમજ્યો'તો,
તમારી આંખના ઝમતા ઈશારાને ખુદા હાફિઝ,
જીવનને પંથ સથવારો લઈ 'સાલિક' નો ચાલ્યા'તા
હવે મધરાહથી ચાલ્યા જનારાને ખુદા હાફિઝ.

∞

'સાલિક' ન યાદ કોઈની આવે ફરી ફરી,
છેલ્લા જીવનના શ્વાસ નિરાંતે ભરી શકું.

∞

ઝંખું મટીને બિન્દુ સિન્ધુનું રૂપ થાવા,
ઝાકળ બની સવિતા-રશ્મિ ઉરે સમાવા;
કયારેક નેણ-છીપોથી મૌક્તિકો બના'વા,
આતમના તેજ પુંજે જીવનને ઝગમગા'વા.
'સાલિક' બનીને સતના પંથે હું સંચરું છું.

∞

મને કોઈ વાતે ન ફાવ્યું જગતમાં,
જીવનની સમીક્ષા કરીને હું થાકયો;
અને એક ટકરાઈ તૂટી ગએલા
જિગરની પરીક્ષા કરીને હું થાકયો.
ફક્ત એક શ્રદ્ધાના બળ પર જીવ્યો'તો,
પરંતુ મળી ઘોર અંતે હતાશા;
હવે શ્વાસ જીવનના રૂંધાઈ રહ્યા છે,
તમારી પ્રતીક્ષા કરીને હું થાકયો.

અને છેલ્લે

જીવંત કરિયાવર

આજથી લગભગ સાડા ત્રણ દાયકા પહેલાં ગુરુકુલ કાંગડીમાં ભણેલ-ગણેલ વિદ્યાર્થી શંકરને તેના જ એક સહાધ્યાયીએ પોતાના ભાવિ બનેવી તરીકે મનોમન કલ્પી, પસંદ કરી, કન્યા જોવા માટે બર્મા મોકલી આપ્યા. શંકરદેવ તો પોતાનાં બેનબનેવી ને બે ભાણુજાં સાથે ખભે બગલથેલો ભરાવી ઊપડયા, લગ્ન કરવા : જેમ પાર્વતીને પરણવા માટે ભગવાન શંકર હિમાલય પહોંચ્યા હતા તેમ ! સાસુ-સસરા સાથે ચાર સાળાઓ અને ચાર સાળીઓના વિશાળ ભર્યાભાદર્યા કુટુંબે ભારતથી આવેલા શંકરદેવની 'જાન'નો આદરસત્કાર કર્યો. બનેવીએ વેવાઈ સમક્ષ પ્રસ્તાવ મૂકયો કે પહેલાં છોકરો-છોકરી એકમેકને જોઈ લે તો સારું. શંકરે પાર્વતીને જોયાં, ગમ્યાં. આધુનિક પાર્વતીનું નામ હતું સુરેન્દ્રબાલા.

આખરે વેવાઈએ બેનબનેવીને પૂછયું : 'શું અમારી કન્યા પસંદ છે ?' જાનના અગ્રણીએ પ્રત્યુત્તર વાળ્યો : 'અમને તો પસંદ છે, પણ તમે વધુ વિચાર કરવા મુક્ત છો !'

આ પ્રત્યુત્તરનો એટલો તો સુંદર પ્રભાવ પડયો કે કન્યાના પિતા પુષ્કળ દહેજ આપી લગ્ન કરવા તૈયાર થઈ ગયા. ત્યારે બેનબનેવીએ કહ્યું: 'અમારા શંકરને કશું જ ન જોઇએ. તેની પાસે બધું જ છે, સિવાય કે આપની કન્યા— સુરેન્દ્રબાલા ! ભવિષ્યમાં જ્યારે તેને કોઈ વસ્તુની ખોટ પડે ત્યારે આપ ખુશીથી તે તેને આપજો; તે સહર્ષ સ્વીકારશે.'

અત્યંત સાદાઈથી લગ્ન કર્યાં બાદ જ્યારે જાનને વિદાય આપવામાં આવી ત્યારે તેમાં જીવંત કરિયાવર ઉમેરાઈ ગયો હતો. કન્યા અને કરિયાવર વચ્ચે અભેદ જોનાર તે આપણા જાણીતા લેખક પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર.

—હરજીવન થાનકી

ક્રાંતિકથામાં ગુજરાત-૧૩

ક્રાંતિનું પત્રકારત્વ

'ઇન્ડિયન સૉશિયોલૉજિસ્ટ' · 'વંદેમાતરમ્' · 'તલવાર' અને અનેકભાષી 'ગદર'

લેખક · વિષ્ણુ પંડ્યા

કોઈ પણ લડાઈને માટે આંદોલનનું કાર્યાન્વિત હોવું જેટલું અનિવાર્ય છે, એટલું જ એ લડાઈનાં શસ્ત્રનું શાસ્ત્ર પણ જરૂરી બની જતું હોય છે. જગતખ્યાત યુદ્ધો બંદૂક અને કલમ બંનેના સહયોગથી જ લડાયાં છે. ભારતીય સ્વતંત્રતા-સંગ્રામમાં સશસ્ત્ર ક્રાંતિકારોએ આ બંને બાબતો તરફ પૂરતું ધ્યાન આપવાનો પુરુષાર્થ ખેલ્યો હતો, અને તેમાં આપણા ગુજરાતી ક્રાંતિકારોનું પ્રદાન મહત્ત્વનું છે.

જેમની સંઘર્ષરત જીવનરેખા અગાઉ જોઈ ગયા તે પં૦ શ્યામજી કૃષ્ણ વર્માનું 'ઈન્ડિયન સૉશિયોલૉજિસ્ટ' આપણી ક્રાંતિકથાનું પહેલું, વિદેશમાંથી પ્રકાશિત પત્ર. ત્યાર પછી શ્રીમતી કામાનું 'વન્દેમાતરમ્' અને 'તલવાર', અમેરિકન ગદર પાર્ટીનું 'ગદર' ને અબ્દુલ રહીમના તંત્રીપદે પ્રગટ થતી તેની ગુજરાતી આવૃત્તિ તેમાં મુખ્ય છે.

આ પત્રોનું પત્રકારત્વ કેવું હતું? કેવી પરિસ્થિતિઓ વચ્ચે તેના સંપાદક-પ્રકાશકોએ પત્રો ચલાવ્યાં? સુદૂર પરદેશમાંથી આ પત્રો કઈ રીતે ભારત પહોંચતાં? અને, તેમાંના સમાચાર-વિચારોના સંપુટે ભારતીય નવયુવકોને ક્રાંતિપથે અગ્રેસર થવા કેવી પ્રેરણા આપી? આ પ્રશ્નોના પ્રત્યુત્તરો મેળવવા જેવા છે.

ભારતમાં સૌ પ્રથમ પરદેશથી ક્રાંતિપત્રિકાઓ આવતી થઈ તે 'ઈન્ડિયન સોશિયોલૉજિસ્ટ'ની. તેની સાથોસાથ ન્યૂ યૉર્કથી 'ગૅલિક અમેરિકન'ની પ્રતો પણ આવી; અને ટૂંકા ગાળામાં 'વન્દેમાતરમ્' પણ આવતું થયું. પછીથી સાન ફ્રાન્સિસ્કોથી 'ગદર' પત્રોનો પ્રવાહ શરૂ થયો. 'ભારતનાં તમામ મુખ્ય ક્રાંતિકેન્દ્રોમાં આ પત્રિકાઓ વહેંચાઈ અને તેણે ક્રાંતિકોને પ્રેરણા આપી.' આટલા વિધાનમાં તત્કાલીન ગુપ્તચર વડા શ્રી ક્રૅરે પ્રકાશનોની મિતાક્ષરી આપી દીધી છે.

પ્રથમ આપણે 'ઇન્ડિયન સૉશિયોલૉજિસ્ટ' વિષે વિગતો પ્રાપ્ત કરીશું. તેનો પ્રારંભ લંડનમાં જાન્યુઆરી ૧૯૦૫થી થયો અને નિયમિત રીતે દેખાવા માંડ્યું તે છેક ૧૯૧૪ના જુલાઈ સુધી ચાલ્યું. લગભગ એક દાયકાની લાંબી સંઘર્ષમય યાત્રા તેણે કરી. શ્યામજી કૃષ્ણ વર્મા તેના તંત્રી હતા. ભારતમાં તેની પ્રતોએ હલચલ જગવી. પરિણામે ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૦૭થી 'સામુદ્રિક આયાત કાનૂન' હેઠળ તેને પ્રતિબંધિત જાહેર કરવામાં આવ્યું. પરંતુ કાનૂની સરહદ પાર કરીને ય તે ભારતનાં ક્રાંતિમથકોએ પહોંચી જતું! હા, તેના મોકલનારનું સરનામું વારંવાર બદલાયે રહેતું, એટલે અધિકારીઓ ભ્રમણામાં અટવાઈ જતા. ઈ. સ. ૧૯૦૮ના ફેબ્રુઆરીના અંકમાં શ્યામજીએ લખ્યું છે: 'હાઉસ ઑવ કૉમન્સમાં મિ. મોર્લેની જાહેરાતથી અમારા પત્રના પ્રચારને પ્રમાણપત્ર મળ્યું છે. ભારતમાં ગમે તેવા પ્રતિબંધ છતાં તે બધે પહોંચતું રહેશે.'

'ઇન્ડિયન સૉશિયોલૉજિસ્ટ'ના અંકોમાંનાં લખાણો આપણને તત્કાલીન ઘટનાઓ અને તેના સ્વતંત્રતાજંગ સાથેના સંદર્ભથી પરિચિત કરાવે છે. ઈ. ૧૯૦૭ના ડિસેંબરના અંકમાં પંડિત શ્યામજી ભારતીય સ્વાતંત્ર્ય માટે 'રશિયન પદ્ધતિ'નો પણ ઉપયોગ વિચારે છે અને સ્પષ્ટ કરે છે કે તે ભારતીય અધિકારીઓ (રજવાડાંઓ?)ના સહયોગથી થઈ શકે તેમ છે.' ફેબ્રુઆરી, ૧૯૦૮ના અંકમાં મિ. સ્વિન્નીની ખુમારી 'અમારા હાથમાં લશ્કર છે ને તેના બળે હિન્દુસ્તાન પર રાજ કરીશું'નો જવાબ પંડિતજી આમ આપે છે: 'મિ. સ્વિન્ની એ વાત ભૂલી જાય છે કે તેમના લશ્કરમાં મોટો ભાગ ભારતીયોનો છે. એ લોકો જાગશે અને બીજાઓના હાથમાં રમકડું થવું પસંદ નહિ કરે ત્યારે ભારત મુક્ત થશે—બહુ ઝડપથી અને નિશ્ચિતપણે!' એ જ વર્ષના ઑગસ્ટના અંકમાં: 'પણ પ્રજા જ્યારે રાજકીય અને લશ્કરી રીતે રક્ષાવિહોણી હોય ત્યારે તે બૉમ્બ બનાવે કે શસ્ત્ર હાથમાં લે તેમાં ખોટું શું છે?' ઈ. ૧૯૦૮ના ડિસેંબરના અંકમાં પ્રફુલ્લ ચાકી, ખુદીરામ બોઝ, કન્હાઈ દત્ત અને સત્યેન્દ્રનાથ બસુને અપાએલી ફાંસીને શહીદી તરીકે નવાજીને 'ભારતીય શહીદોના સ્મારક'ની ઘોષણા કરાઈ છે. જુલાઈ ૧૯૦૯નો અંક વૈયક્તિક અને રાષ્ટ્રીય કર્તવ્ય રૂપે ગુલામી સામે લડી લેવાના માનવીય અધિકારનો સ્વીકાર કરે છે. ઈ. ૧૯૦૯ના ઑગસ્ટનો અંક આ પત્ર પર ઇંગ્લૅન્ડની ખફા નજરનો નમૂનો છે. 'ઈંડિયા હાઉસ'થી પ્રકાશિત અંકનું હવે પછીનું પ્રકાશન-સ્થાન આ અંકથી બદલાઈ જાય છે. સ્થાન આ મુજબ છે: 'ગાય દ એલ્ડ્રેડ, ૩૫ સ્ટૅનલેક રોડ, શેફર્ડ્સ બુશ, લંડન-વેસ્ટ'. અંકનાં પાનાં આઠ છે. ચાર પાનાંમાં ગાય દ એલ્ડ્રેડના જ બે લેખો: 'Passing Reflections (વહેતા વિચારો) અને 'Sedition' (રાજદ્રોહ) નામે છે. પછીના પાને એક અહેવાલ છે: 'શ્યામજી કૃષ્ણ વર્મા જો લંડન આવશે તો તેને પકડી લેવામાં આવશે. ભારતમાં આ પત્ર પર પ્રતિબંધ છે, હવે અહીં ઘર-આંગણે પણ તવાઈ ઊતરી છે. અલબત્ત, હું આ પત્રના પ્રચાર અને આદર્શો સાથે સંમત નથી, પણ 'મુક્ત પત્રકારત્વ'ને માટે તેનું પ્રકાશન માથે લીધું છે. મારા પર પણ મુકદ્દમો ચાલશે તો યે સ્વતંત્રતા-પ્રાપ્તિ સુધી આ પત્ર ચાલુ રહેશે.'

અને ૨૫મી ઑગસ્ટે એ જ પરિણામ આવ્યું. ગાય દ એલ્ડ્રેડ પર વૉરન્ટ નીકળ્યું અને એ જ સાંજે તેની ધરપકડ થઈ. તેના નિવાસ-સ્થાનની જડતી લેવામાં આવી, પણ ત્યાં કોઈ મુદ્રણસામગ્રી નહોતી. પોલીસતંત્રે પૂછપરછ કરી પણ પેલાએ જવાબ ન આપ્યો તે ન જ આપ્યો! દસમી સપ્ટેમ્બરે તેને સજા થઈ—એક વર્ષની જેલની.

પરિણામે ઈ. ૧૯૦૯નો સપ્ટેમ્બરનો અંક લંડનને બદલે પારી(સ)થી પ્રકાશિત થએલો વાંચી શકાય છે. સરનામું આમ છે: Printed at L'Imprimerie Special du, by Georges Pagnir, 25 Boulevard Magenta, Paris. આ અંકમાં ભારતીયોને સ્વાતંત્ર્ય-યુદ્ધ માટે શસ્ત્રો પૂરાં પાડવાના ઉદ્દેશને સ્પષ્ટ કરાયો છે, એટલું જ નહિ પણ ગેરીલા પદ્ધતિથી લડાઈની અનિવાર્યતા પર ભાર મુકાયો છે.

ઈ. ૧૯૧૦ના નવેમ્બરનો અંક 'લંડન ટાઈમ્સ'ના અગાઉના વિધાન—'તલવારના બળે ભારત જીત્યું છે અને એ જ બળે ટકાવી રાખીશું'—ને બદલે હવે કરેલા નવા વિધાનની નોંધ લે છે. બે વર્ષ પર આ વિધાન કરનારું એ અખબાર હવે એમ જણાવે છે કે 'કેવળ લશ્કરી બળથી ભારતમાં રાજ્ય કરવું અશક્ય છે! આખરે કોઈ પણ પ્રજાના મૂળભૂત સ્વાતંત્ર્યાધિકારને લાંબા વખત સુધી છીનવી શકાય નહિ.'

ઈ. ૧૯૧૧ના માર્ચનો અંક: વળી સ્થળાંતર-સ્થાન અને પ્રકાશકો: Hoube and G/ R. Dunning; 23, rue Poissonnieve Paris. છેલ્લા પાને આ સ્થળાન્તરનું કારણ અપાયું છે. એ જ કાનૂની કારવાઈ. પણ 'અમારા રાજકીય દુશ્મનોને લીધે સાત વર્ષમાં અમારે સાત સાત પ્રકાશકો બદલાવવા પડ્યા, પણ તેનાથી અમારા પ્રચાર અને કાર્યને જરા યે અસર થઈ નથી. આ અંક સમયસર પ્રકાશિત થઈ રહ્યો છે એ તેનો જડબેસલાક પુરાવો છે.'

ફેબ્રુઆરી ૧૯૧૨ના અંકમાં 'ઈસાઈ દયા'ના નમૂના તરીકે ભારતમાં દર સપ્તાહે મરકીના રોગથી મૃત્યુ પામતા ૪૨,૦૦૦ ભારતીયોની વિગત નોંધવામાં આવી છે. ઑક્ટોબરના અંકમાં ભારતમાં ચાલતા હત્યાકાંડોમાં હજારો હિન્દુઓની અંગ્રેજોએ કરેલી કત્લેઆમ કૉંગોના હત્યાકાંડને ય શરમાવે તેવી છે એમ જણાવ્યું છે અને 'જગત સમક્ષ આ વિગતો જાહેર થાય તો જગત કાંપી ઊઠે એમ છે' એમ કહી વર્ણન કરાયું છે: 'કરવેરાનો અતિશય બોજ ગરીબાઈ જન્માવે છે, ગરીબાઈ ગુના તરફ ધકેલે છે, અને ગુનાઓનું પરિણામ જેલની યાતનામાં આવે છે. ભૂખમરો અને દુકાળ પણ ગરીબાઇને લીધે છે; ને તેમાંથી જ જન્મે છે ભીષણ રોગચાળો, મરકી ગરીબ વસતિમાં ઝડપથી ફેલાઈ છે. ભારતમાં અંગ્રેજો ત્યાંની પ્રજાને વૈજ્ઞાનિક તરીકાથી—કોઇને ય ગોળીથી માર્યા વિના—મૃત્યુ તરફ ધકેલી રહ્યા છે.'

નવેમ્બર ૧૯૧૨નો અંક ભારતમાં જાગ્રતિ લાવવાના બે રસ્તા—યેનકેન પ્રકારેણ પોલીસ-લશ્કરમાં ઘૂસી જવું અને રજવાડાંઓમાં ક્રાંતિપ્રચાર કરીને તેની સહાય લેવી—સૂચવાયા છે. (પંડિત શ્યામજી પોતે ઘણાં વર્ષો સુધી ભારતમાં જુદાંજુદાં રાજ્યોમાં દીવાનપદે રહ્યા હતા, તેના નિરીક્ષણનું આ પરિણામ હશે એમ અનુમાની શકાય છે.) આ જ અખબારે મદનલાલ ધીંગરાની શહીદીને સ્પષ્ટ શબ્દોમાં 'ભારત-ભક્તિ' તરીકે વર્ણવેલી.

બીજું પત્ર શ્રીમતી કામાની કલમના તણખા વેરતું 'વંદેમાતરમ્.' તે જિનીવાથી પ્રકાશિત થતું. તેનો પહેલો અંક ૧૦ સપ્ટેમ્બર ૧૯૦૯ના રોજ પ્રકાશિત થયો હતો. એ અંકમાં આગળ જ લખાયું છે: 'ભારતીય સ્વાધીનતાનું મુખપત્ર.' સ્થાન છપાયું છે: Madame Cama, Poste Restante, Geneva, Switzerland. પ્રથમ જ અંકમાં જણાવાયું છે: 'બંગાળના ક્રાંતિકારોએ પ્રકાશિત કરેલા પત્ર 'વંદેમાતરમ્'ના માર્ગે અમે આ પત્ર પ્રકટ કર્યું છે. અમે માનીએ છીએ કે ભારતીય સ્વતંત્રતા-જંગના ત્રણ તબક્કા છે: પહેલો લોકોને શિક્ષિત કરવાનો, બીજો યુદ્ધનો ને ત્રીજો નવનિર્માણનો.' બીજો લેખ 'ધીંગરા—અમર હુતાત્મા' શીર્ષક તળે છે.

ઈ. ૧૯૧૦ના ફેબ્રુઆરીનો અંક 'તલવાર' નામના નવા પત્રનો નિર્દેશ આપે છે, જેનું પ્રકાશન-સ્થાન બર્લિન હતું, મુદ્રણ હૉલૅન્ડમાં થતું હતું અને લંડન-પારી(સ)થી વિતરણ થતું હતું! ઈ. ૧૯૧૦ના જુલાઈ અંકમાં ભાવભરી બાનીમાં કહેવાયું છે: 'ગુલામીમાં તરફડતું ભારત વિદેશી તાકાતને નષ્ટભ્રષ્ટ બનાવી મૂકનાર દશમા અવતાર કલ્કીના અવતરણની રાહ જોઈ રહ્યું છે!' ઑગસ્ટનો અંક ખુદીરામ બોઝને યાદ કરે છે; મદનલાલને ય સ્મરે છે. 'વંદેમાતરમ્'ના આ જાન્યુઆરીથી ઑગસ્ટ ૧૯૧૦ સુધીના અંકોનું પ્રકાશન કરનાર છે: Mr. Koch, at the Imprimerie Moderne, 52 rue de Rhone, Geneva. દરેક અંકની ૧૦૦૦ પ્રતો છપાતી. પછીથી આ પત્રનું પ્રકાશન Art Printing Company Haringvliet, Rotterdamથી થતું અને ૧૯૧૦ના અંત સુધી આ પત્રની ૧,૨૦૦ જેટલી પ્રતો છપાતી.

ડિસેમ્બર ૧૯૧૦નો અંક સુરેન્દ્રનાથ બૅનરજીના ભાષણની ટીકા કરે છે અને જણાવે છે: 'વેદોએ યુદ્ધગાથા ગાઈ છે, પુરાણોમાં લડાઈનાં ભરપૂર વર્ણનો છે, ભગવાન ને રાક્ષસ વચ્ચેનાં યુદ્ધોની આપણી પરંપરા છે. આપણા અવતારોની કથાઓ શું સૂચવે છે? કૃષ્ણે કંસને, રામે રાવણને નૃસિંહે હિરણ્યકશિપુને શાને મારેલા? પુરાણો ઊંચેરું સ્થાન રૌદ્ર સ્વરૂપવાળા શિવને આપે છે, જે તાંડવ નૃત્ય કરે છે. તેમાં કામ, વિષ્ણુ યા ગણેશને એટલું ઊંચું સ્થાન અપાયું નથી. ભારત દુર્ગાની પૂજા કરે છે જેણે રાક્ષસનો સંહાર કર્યો હતો... શું સુરેન્દ્રનાથ આ બધું ભૂલીને ભારતને કાયરતાના પાઠ ભણાવવા માગે છે?'

એપ્રિલ ૧૯૧૧નો અંક ૧૯ એપ્રિલ ૧૯૧૧ના દિવસે ફાંસીના તખ્તા પર ચડી ગએલા કાન્હેરે, કર્વે અને દેશપાન્ડેની સ્મૃતિમાં અપાયો છે, તો ૧૯૧૧ના સપ્ટેમ્બરના અંકમાં શ્રીમતી કામાની એક નોંધ આ પ્રમાણે છે: 'વંદેમાતરમ્ આ અંકથી તેના ત્રીજા વર્ષમાં પ્રવેશે છે હું એ જણાવતાં આનંદું છું કે આ પત્રની પ્રગતિ બહુ ઝડપી છે. તેની અનેકગણી પ્રતો છપાય છે અને વિતરિત થાય છે.' આ જ લેખમાં તેમણે યુરોપમાં વસતા હિન્દુઓને ઉદ્દેશીને લખ્યું છે: 'હું તમારી સૌની દેશભાવનાને લલકારું છું. તમે સૌ દરેક પ્રકારની શારીરિક તાલીમ મેળવો, જેને ભારતમાં પરવાનગી નથી અપાતી. તમે સીધું નિશાન શીખી લો કેમ કે એ દિવસ હવે દૂર નથી કે જ્યારે સ્વદેશ ને સ્વરાજ માટે આપણે સૌએ આ ભૂમિ પર અંગ્રેજને ઠાર કરવા પડશે!' આ જ અંકમાં ભારતમાંથી હદપાર થઇને યુરોપ આવતા સરદાર અજિતસિંધનું સ્વાગત કરાયું છે. ૧૯૧૩ના જાન્યુઆરીનો અંક દિલ્હીમા લૉર્ડ હાર્ડિંજ પર પડેલા બૉમ્બના સમાચાર ઉત્સાહથી આપે છે.

અમેરિકામાંથી 'ગદર' પત્રનું પ્રકાશન અનેકભાષી હતું. તેમાં ગુજરાતી પત્રનું તંત્રીપદ છગન ખેરાજ વર્મા ઉર્ફે અબ્દુલ રહીમે સંભાળેલું. 'ગદર'નો પહેલો અંક અંગ્રેજીમાં ૧ નવેમ્બર ૧૯૧૩ના રોજ યુગાન્તર આશ્રમ, સાનફ્રાન્સિસ્કોથી પ્રકાશિત થયો. પત્રના મથાળે 'બ્રિટિશ રાજનું દુશ્મન પત્ર' એમ છપાતું. આ અંકમાં જ ટૂંક સમયમાં ગુરુમુખી અને ઉર્દૂમાં પણ 'ગદર'ના પ્રકાશનની જાહેરાત કરાઈ.

'ગદર' પત્રોના તંત્રી લાલા હરદયાળ હતા. મોટા પ્રમાણમાં તેની પ્રતો ભારતમાં જતી. બ્રિટિશ દસ્તાવેજોએ નોંધ્યું છે કે એકલા ૩૦ જાન્યુ, ૧૯૧૪ના દિવસે જ મુંબઈમાં ૨૧૫ પારસલ આવ્યાં હતાં! ઈ. ૧૯૧૩ના ડિસેમ્બરમાં ભારતમાં વિતરણ પર પ્રતિબંધ મુકાયો. ઈ. ૧૯૧૪ની ૧૩મી જાન્યુઆરીથી 'ગદર'ની ઉર્દૂ આવૃત્તિના તંત્રી રામચંદ્ર પેશાવરી થયા. ૧૯૧૪ના મે માસથી તેની ગુજરાતી આવૃત્તિનું પ્રકાશન શરૂ થયું. તેનો પહેલો અંક ૧૦ મે ૧૯૧૪નો છે. પીળા કાગળ પર છપાએલા આ અંકમાં એવી જાહેરાત છે કે ભારતમાં આ અંક મેળવવા જે ઈચ્છા રાખતા હોય તે પત્રવ્યવહાર કરે અમે તેમને વિના મૂલ્યે અંકો મોકલીશું.

ત્યાર પછી 'ગદર'નું હિન્દી સ્વરૂપ પણ ભારતીયોએ જોએલું. પરંતુ ગુજરાતી આવૃત્તિનો એકાદ નમૂનો કમનસીબે જોવા મળ્યો નથી. સમયના ઝંઝાવાતમાં ન જાણે તેનું ક્યાંય અસ્તિત્વ હશે કે કેમ? પણ ગુજરાતી વીરોની આ વિદેશોમાં પત્રકારત્વની પુરુષાર્થકથા ગૌરવ આપે તેવી છે જરૂર!

(ક્રમશ:)

'પિંજરે પડ્યું પંખી'નો ઉકેલ (પૃ. ૨૮૪)

રૂકલેસની દીકરી પરણી જાય તો એના ભાગની સંપત્તિ પોતાના હાથમાંથી સરી જાય, એથી કોઈ લખત પર એની સહી કરાવી લેવાનો એમનો પેંતરો હશે. દીકરી માની નહિ હોય, એટલે એને ઘરમાં પૂરી રાખીને એના 'મુરતિયા'ને મળતી અટકાવી હશે. પેલી બાજુ એ છોકરાને ઠંડો રાખવા રૂકલેસે વાયે લેટ દ્વારા પોતાની દીકરીનો પાઠ ભજવાવ્યો હશે પણ ટૉલરની વહુએ બાજી ઊંધી વાળી દીધી. કદાચ એ માટે એણે પેલા યુવાન પાસેથી પૈસા યે પડાવ્યા હશે જ.

[સર આર્થર કૉનન ડૉઈલ લિખિત શેરલૉક હોમ્સની એક કથા 'ધ કૉપર બીચિઝ'ના આધારે અદ્રીશ વર્ધને બંગાળીમાં રચેલી કોયડારૂપ રહસ્ય-કથા પરથી]

કેવળ કૉલેજિયનોને જ નહિ, પણ સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકોને સુધ્ધાં આકર્ષી રહેલી ડૉ. **મધુસૂદન પારેખની** લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૪થો · પ્રકરણ ૫ મું

શેક્સ્પીઅરનાં કરુણાંત નાટકો

ઓથેલો

'હૅમ્લેટ' પછી શેક્સ્પીઅરની બીજી એક સમર્થ ટ્રૅજિક કૃતિ 'ઓથેલો' ઈ. ૧૬૦૩–૪ના અરસામાં રચાઈ. એની સંકલના 'હૅમ્લેટ'નીતુલનાએ સુશ્લિષ્ટ છે. અહીં પણ સત ને અસત વચ્ચેનો ગજ-ગ્રાહ શેક્સ્પીઅરે કુશળતાપૂર્વક નિરૂપ્યો છે, આ કૃતિમાં ગૃહજીવનનો પ્રશ્ન ધ્યાન પર લીધો છે. 'હૅમ્લેટ' નાટકમાં રાજકુમાર હૅમ્લેટના ચિત્તમાં પોતાના પિતાના ખૂની ક્લૉડિયસ અને પોતાની માતાનાં એ જ હત્યારા કાકા સાથેના લગ્ન અંગે રોષ અને દુ:ખની ઉત્કટ લાગણીઓ હતી એનું નૈતિક વિશ્વ હચમચી ઊઠયું હતું. 'ઓથેલો'માં શઠ ઇયાગો ઓથેલોના ચિત્તમાં એની પત્ની ડેઝડિમોનાના ચારિત્ર્ય વિષે શંકાનું વિષ રેડી સુખી દામ્પત્યને બરબાદ કરી નાખે છે, ઓથેલોના નૈતિક વિશ્વને ખંડિત કરી મૂકે છે. ડેઝડિમોના, યુવાની લગભગ વટાવી ચૂકેલા, શ્યામ અને પાકટ મૂર સેનાપતિ ઓથેલોને, એનાં સાહસોની કથા સાંભળી મુગ્ધ થઈ, પોતાના પિતાને અંધારામાં રાખીને પરણી જાય છે. ઓથેલોના સુખનો પાર નથી. એ અત્યંત કુશળ સેનાપતિ છે, વેનિસને દુશ્મનોના પંજામાંથી ઉગારનારો શૂર નાયક છે; પણ વેનિસના લોકોની રીતરસમથી તે સાવ અજાણ છે અને એનું એ અજ્ઞાન અથવા તો ભોળપણ તેના વિનાશનું મહત્ત્વનું કારણ બની રહે છે.

ઈઆગો ખંધો, જમાનાનો ખાધેલ અને દુષ્ટતાનો પ્રતિનિધિ છે, નક્કર વાસ્તવદર્શી છે. કોલરિજે એનામાં motiveless malignity–નિરુદ્દેશ દુષ્ટતા–નિહાળી છે. મૂળમાં વાત એમ છે કે ઓથેલોએ પોતાના લેફ્ટેનન્ટ તરીકે તેને નીમવાને બદલે બીજા એક અધિકારી કેસિયોને તે પદવી આપી હતી. ઈઆગોને આ વાત ખૂબ ખટકી. ઓથેલોની પદવી અને પ્રતિષ્ઠા તેને આંખના કણાની જેમ ખૂંચવા માંડી. ઓથેલોના સ્વભાવનું ભોળપણ તે બરાબર જાણતો હતો. તેણે તેના સ્વભાવની આ મર્યાદાનો લાભ લઈ તેના અત્યંત સુખી દામ્પત્યમાં ચિનગારી ચાંપવાનો પ્રપંચ ખેલ્યો. ડેઝડિમોના કેસિયોના પ્રેમમાં છે, વેનિસની મહિલા વિલાસી હોય છે, એ વિશ્વાસુ હોય જ નહિ, સગા બાપને છેતરનારી ડેઝડિમોના પતિને કેમ ના છેતરે?—આ બધી વાતનું વિષ ટીપે ટીપે ઈઆગોએ ઓથેલોના કાનમાં રેડવા માંડયું. ઈઆગોના પ્રપંચમાં, ડેઝ-ડિમોનાની ગફલતમાં પડી ગએલો રૂમાલ પણ ખૂબ ખપ લાગ્યો. એ રૂમાલ તે કેસિયોના આવાસમાં નાખી આવ્યો; અને વિધાતા પણ એના પ્રપંચને અનુકૂળ બની રહ્યો.

ઓથેલોનો આત્મવિશ્વાસ ડગી ગયો. ઈઆગોને એ જ વસ્તુ ઈષ્ટ હતી. ઓથેલોનું ભાવનાજગત તૂટી પડે, એની શ્રદ્ધા હચમચી ઊઠે અને એનું દામ્પત્ય બરબાદ બની જાય એ તેની નેમ હતી. ઓથેલો તેની જાળમાં બરબર સપડાયો. ડેઝડિમોનાના ચારિત્ર્ય વિષેની આશંકાએ તેના ચિત્તમાં તુમુલ તોફાન જગાવ્યું. ડેઝડિમોના વેનિસની મહિલા, પોતે કાળો પ્રૌઢ વયનો મૂર...નહિ રૂપ નહિ રસ

હૅમ્લેટ ફિલસૂફ હતો. પિતાના ખૂનનું વેર લેવામાં તે to be or not to beની દ્વિધા અનુભવી રહ્યો. પણ ઓથેલો તો સેનાપતિ–man of action–હતો. પ્રચંડ આઘાતથી તેની ભાવનાસૃષ્ટિ હચમચી ઊઠી હતી. એની બુદ્ધિ, એના ચિત્તની શાંતિ લોપાઈ ગયાં હતાં–'chaos is come again'. એની નિરાશામાં તેનું કર્તવ્ય શું? પણ 'Othello's occupation is gone.' પરિસ્થિતિનો તગાદો છે કે તેણે કંઈક પગલાં લેવાં જ ઘટે. ડેઝડિમોનાને મારી નાખવી એ જ કર્તવ્ય તેને સૂઝી રહ્યું. તેમ છતાં ડેઝડિમોનાને તે ઈર્ષાના ઝનૂનથી મારતો નથી. એને તો પોતાની પ્રેમસૃષ્ટિ ખંડિત થઈ ગઈ તેનો વિષાદ છે: 'It is the cause, it is the cause, my soul.'

પણ ડેઝડિમોનાના મૃત્યુ પછી ઈઆગોનો પ્રપંચ એની પત્ની એમિલિયા દ્વારા જ પ્રગટ થાય છે. ઓથેલોને ડેઝડિમોનાની શુદ્ધતા અને નિર્દોષતાની પ્રતીતિ થાય છે. એની ભાવનાસૃષ્ટિ ફરી તે પ્રાપ્ત કરે છે અને ગૌરવપૂર્વક અને આનંદપૂર્વક તે આત્મહત્યા કરે છે.

ડેઝડિમોના તો સર્વથા નિર્દોષ છે. ઈઆગોના કાવાદાવાની લેશમાત્ર ગંધ તેને નથી. પોતે પિતાને પણ છેતરીને ઓથેલો સાથે લગ્ન કર્યાં છે; એ જ પતિ જ્યારે તેનું ગળું દૂંપે છે, તેના પર બેવફાઈનો આક્ષેપ મૂકે છે ત્યારે તે મૂંઝાય છે, તેનું હૃદય આઘાત પામે છે. તેમ છતાં પતિ પરની શ્રદ્ધા તે ગુમાવતી નથી. બહારની દુનિયાના પ્રપંચથી સાવ અજાણ સ્થિતિમાં જ તે મૃત્યુ પામે છે, અને એ જ વસ્તુ સૌથી વિશેષ કરુણ બની રહે છે. ફરી વાર અહીં પણ માનવશક્તિના દુર્ગ્રંથની કરુણ પ્રતીતિ થાય છે. અલબત્ત હૅમ્લેટની ઘોર નિરાશા અને તીવ્ર વ્યથા, ઊંડી દયાની જે વૃત્તિ જગાડે છે તેવી ઓથેલોના અસ્વસ્થ આક્રમક વર્તાવથી જાગતી નથી. તેમ છતાં તત્કાળ ગાઢી કરુણ અસર નિપજાવવામાં તખ્તાની દૃષ્ટિએ આ નાટક વધુ લોકપ્રિય બને.

કિંગ લીઅર

'ઓથેલો' કરતાં પણ વધુ ગાઢ કરુણ નાટક 'કિંગ લીઅર' ઈ. ૧૬૦૫-૬ના ગાળામાં રચાયું હતું. માનવ સ્વભાવની દુષ્ટતાની ઉત્કટ માત્રા પ્રકટ કરતું, વિભાવના અને અભિવ્યક્તિ (conception and expression) બંને દૃષ્ટિએ વિશિષ્ટતા દાખવતું, સમગ્ર અસરની દૃષ્ટિએ હૃદયને હલાવી મૂકે તેવું આ નાટક તખ્તા પર રજૂ કરવું અશક્ય, એવો મત ચાર્લ્સ લૅમ્બે પ્રગટ કર્યો હતો પણ વીસમી સદીમાં તેના સફળ પ્રયોગો લંડનમાં થઈ ચૂક્યા છે અને તેની તખ્તાલાયકી વિષે હવે શંકા રહેતી નથી. સ્વિનબર્ને આ નાટકને 'The most elemental and primeval' તરીકે ગણાવ્યું હતું તેની મૂળ કથા બ્રિટનની પ્રાચીન લોકકથાઓમાં પડેલી છે. જ્યૉફ્રેએ એ કથા બારમી સદીમાં પ્રકટ કરેલી અને તે પછી પણ કેટલી યે વાર 'કિંગ લીઅર'ની રચના અગાઉ, તે અંગ્રેજી સાહિત્યમાં વિવિધરીતે પ્રકટ થઈ ચૂકી હતી. એ વિષેનું એક જૂનું નાટક પણ રચાએલું હતું. શેક્સ્પીઅરે એનો ઠીક લાભ મેળવ્યો હોવાનો વિવેચકોનો મત છે.

શેક્સ્પીઅરે પોતાના નાટકમાં રાજા લીઅરની મુખ્ય કથા સાથે ગ્લોસ્ટર અને તેના બે પુત્રોની કથાનો ગૌણ પ્રવાહ ભેળવ્યો છે. એ ગૌણ કથા સિડની કૃત આર્કેડિયા (Arcadia)માંથી તેને મળી અને તેનો તેણે કલાત્મક ઉપયોગ કરી લીધો. આ ગૌણ કથા મુખ્ય વસ્તુનો પડઘો પાડવા ઉપરાંત તે વિષે ટીકાટીપ્પણી (comment) પણ કરે છે.

શેક્સ્પીઅરે મૂળના સામાન્ય કથાનકને પોતાની આગવી સર્જક પ્રતિભાના બળે એક સમર્થ કરુણાંત નાટ્યકૃતિમાં પલટી નાખ્યું છે. ડેવિડ ડેચીઝના મતે તો 'It is a poetic drama heightened to a grand symbolic level.' શેક્સ્પીઅરે આ નાટકમાં માનવ ચિત્તની લીલા પ્રગટ કરવામાં અપ્રતિમ કૌશલ દાખવ્યું છે અને પોતાની

લઘુકથા

બાર વર્ષે

જયંત મોઢા

શ્રીમતી કરુણા દેસાઈના બાર વર્ષના લગ્નજીવનના આછરીને સ્થિર થએલા જળમાં આજે એક નાનીશી કાંકરીએ ફરી આંદોલનો સર્જ્યાં. પિયરના સરનામે આવેલો વિમલ મહેતાનો એ પત્ર ફાડી નાખતાં પહેલાં એણે એટલી બધી વાર વાંચ્યો કે પત્રનો શબ્દે-શબ્દ તેને મોઢે થઈ ગયો હતો.

'પ્રિય કરુણા,

તારો પ્રેમભીનો પત્ર કલાક પહેલાં જ મળ્યો. તને બપોર પછીની ટપાલમાં રવાના કરી શકું તે માટે આ પત્ર ઑફિસમાં જ લખવા બેસી ગયો છું. તારા બાપુજીને આપણી પેટાજ્ઞાતિ જુદી હોવાનો કોઈ બાધ નથી તે તેં આડકતરી રીતે જાણી લીધું છે તે જાણી, કરુણા, હું કેટલો ખુશ થયો! મારા પક્ષે તો બધાંની મંજૂરી છે જ. પહેલી તારીખ પછી મારા બાપુજીને આપણા લગ્ન વિષેની વાતચીત કરવા મોકલીશ. પણ તે પહેલાં મને તું એ જણાવજે કે આમ વધુપડતી ઉતાવળ દર્શાવવાથી તારાં માતપિતા પર કોઈ વિપરીત અસર તો નહિ પડે ને?

જો કરુણા! આ પત્ર તને આજે રવાના થઈ આવતી કાલે અથવા તો પરમ દિવસે તો મળી જ જશે અને તે જ દિવસે તું પ્રત્યુત્તર લખે તો મોડામાં મોડો મને પાંચમે દિવસે મળે જ. તારો પત્ર મળ્યા પછી જ હું બાપુજીને તમારે ત્યાં આવવા અંગે વાત કરીશ. જુદાઈના દિવસો હવે વસમા લાગે છે.

હવે તો તારો જ વિમલ.

આ પત્ર લખાયા બાદ બરાબર ત્રીજે મહિને કુમારી કરુણા જોશી શ્રીમતી કરુણા દેસાઈ બની ગઈ, કારણ જેની એ રાહ જોતી હતી એ વિમલ મહેતાનો આ પત્ર તેમાં જણાવ્યા પ્રમાણે 'પરમ દિવસે' ન મળ્યો પણ પોસ્ટ ખાતામાં આટલાં વર્ષો સુધી ક્યાંક અટવાઈ રહ્યા પછી હવે આજ બરાબર બાર વર્ષે મળ્યો હતો. □

માનસશાસ્ત્રીયસૂઝનો આનંદદાયક પરિચય કરાવ્યો છે.એ કાળે ચિત્તવૃત્તિનું આવું સૂક્ષ્મ આલેખન વિરલ ગણાય. પ્રાચીન કથાનાં પાત્રો અહીં નૈતિક ને માનસશાસ્ત્રીય અર્થ પ્રકટ કરનારાં જીવંત પાત્રો બની ગયાં છે.

આ નાટકના કેન્દ્રમાં ઝંઝાવાત છે. રાજા લીઅરે ઊર્મિના આવેગમાં અને પોતાના અહમ સંતોષવા-પોષવામાં ત્રણે પુત્રીઓને પોતાને માટે કેટલો પ્રેમ છે તે જાણવાની–માણવાની ઈચ્છા દર્શાવી, અને ગૅાનરિલ તથા રીગન એ બે દીકરીઓએ એના અહંને તૃપ્ત કરે તેવી લાડભરી વાણીનાં [illegible] પ્રે[illegible] પ્રગટ કર્યો. નાની દીકરી કોર્ડિલિયાને આવો દંભ, આવી ચતુરાઈ હોઠે ચડી નહિ. તેણે નિખાલસપણે સંયમપૂર્વક પોતાના પિતા પ્રત્યેના પ્રેમની વાત કરી. લીઅરને એની વાતમાં ઉદ્ધતાઈ લાગી, તુમાખી દેખાઈ. તેણે કોર્ડિલિયાને હડધૂત કરી પોતાનું રાજ્ય મોટી બે દીકરીઓને વહેંચી દીધું. એ પછી એ બંને દીકરીઓનો દંભ છતો થયો, રાજા લીઅર પાર વિનાનું અપમાન પામી નિરાધાર બની ગયો અને મોડી રાતે બહાર પ્રકૃતિના તોફાનમાં નીકળી પડયો. બહારનો ઝંઝાવાત એના ચિત્તમાં ચાલતા તોફાનનું પ્રતીક બની રહ્યો. એના દિલ-દિમાગમાં પણ આંધી ઊછળી હતી. આ સમગ્ર દશ્ય શેક્સપીઅરની મહાન સર્જક પ્રતિભાની પ્રતીતિ કરાવનારું છે.

દુનિયાના કટુ અનુભવોમાંથી પાઠ શીખીને લીઅર ઠરેલ બને છે. કોર્ડિલિયાનું સાચું મૂલ્ય તેને સમજાય છે. પણ અંતે તો લીઅરને મરવું જ પડે છે. કોર્ડિલિયા પણ મૃત્યુ પામે છે. કોર્ડિલિયા સાવ નિર્દોષ છે; વિના કસૂર એને મરવું પડે છે. કેટલાક વિવેચકોને કોર્ડિલિયાનો આવો કરુણાંત રુચ્યો નથી, કારણ એમાં કાવ્યન્યાય નથી.

આ નાટકમાં શેક્સપીઅરે મનુષ્યસ્વભાવની મૂર્ખાઈ અને દુષ્ટતાને સમર્થરીતે પ્રગટ કર્યાં છે. રાજા લીઅર એની ઊર્મિલ પ્રકૃતિ ને મિથ્યાપણાને લીધે પાયમાલ થયો. ગોનરીલ-રીગન, ગ્લોસ્ટરનો દીકરો એડમંડ ઈત્યાદિ સત્તાકાંક્ષા અને સ્વાર્થમાં ખુવાર થયાં. સ્વભાવ જ ઘણી વાર મનુષ્યના વિનાશનું કારણ બને છે એવી પ્રતીતિ અહીં થાય છે.

મૅકબેથ

'મૅકબેથ' નાટકમાં (ઈ. ૧૬૦૬) પણ પ્રકૃતિગત મર્યાદા—સત્તાકાંક્ષા માનવીના વિનાશનું કારણ બને છે. જીવનનું એ આસુરી તત્ત્વ મુખ્ય પાત્રો દ્વારા રજૂ થયું છે. મૅકબેથ વિજય કરીને પાછો ફરતો હતો ત્યાં ચુડેલોએ તેના રાજાપદ માટેની આગાહી કરી. આ ચુડેલ એ જ તેની મહત્ત્વાકાંક્ષા નહિ તો? એ મહત્ત્વાકાંક્ષાને ફૂંકીફૂંકીને સતેજ કરી લેડી મૅકબેથે, અને એની એ સત્તાલાલસા એને ખૂબ ઊંડે ખેંચી ગઈ. પત્નીના સંકલ્પથી, એની પ્રેરણાથી રાજા ડંકનનું તેણે ખૂન તો કર્યું, પણ ત્યારથી તેની નિંદર હરામ થઈ ગઈ; અને છતાં એક પાપને ઢાંકવા તેને બીજાં પાપ કરવાની ફરજ પડતી જ રહી, અને એ પાપમાં રગદોળાતો જ રહ્યો. એનાં પાપ પોકારી પોકારીને એને સતત પૂછતાં રહ્યાં, મૅકબેથ પણ જાતને પ્રશ્ન કરતો જ રહ્યો:

> Will all great Neptune's oceans wash this blood
> Clean from my hand?

અને લેડી મૅકબેથ પણ ક્યાં સુખી છે? એનાં પાપ એનો પીછો કરે છે. અજંપો એને ફોલી ખાય છે. ઉન્મત્ત અવસ્થામાં તે પ્રલાપ કરતી રઝળે છે: 'ઓહ, આ નાજુક હાથ! અરબસ્તાનનું તમામ અત્તર પણ મારા ખૂની હાથોની દુર્ગંધ મિટાવી નહિ શકે. પતિને સત્તાલાલસા માટે પ્રેરનારી આ સન્નારી છેવટે ભાંગી પડે છે ને કરુણ રીતે મૃત્યુ પામે છે. મૅકબેથને જીવનમાં પ્રાપ્ત થએલી સિદ્ધિની વ્યર્થતા સમજાય છે ને જીવનમાં હવે કશો જ અર્થ તેને દેખાતો નથી. એક તરફ આંતરિક સંઘર્ષ છે, બીજી તરફ બાહ્ય આક્રમણ છે. મૅકબેથ પૂરી મક્કમતાથી આ બંને પરિસ્થિતિનો મુકાબલો કરે છે. શેક્સપીઅરે તે ખલપાત્રમાંથી વિકસીને કરુણાંત નાટકનો નાયક બની રહે તેવી તેના ચિત્તની ક્રિયા–પ્રક્રિયા નિરૂપી છે.

'જુલિયસ સીઝર' કે 'ઓથેલો' કરતાં આ જુદા પ્રકારનું કરુણાંત નાટક છે. પેલાં બેમાં નિર્દોષતા સ્વયં દુષ્ટતાના ઉદ્ભવમાં સહાયક બને છે; 'મૅકબેથ'માં મૅકબેથ દંપતી નિર્દોષ નથી, તેમ છતાં પોતાના જીવનના ધ્યેય વિષે અજ્ઞાન છે. પોતે શું ઈચ્છે છે, તેનાં કેવાં પરિણામ હોઈ શકે તે બાબત તેમનાં ચિત્ત જાગ્રત નથી. મૅકબેથ પોતે સંવેદનશીલ છે, એ સ્વભાવદુષ્ટ નથી. પરંતુ તેની મહત્ત્વાકાંક્ષા તેની પ્રકૃતિગત મર્યાદા તેને ખૂબ ઊંડા પાણીમાં ખેંચી જાય છે અને છેવટે તે અસહાય બને છે. પોતાની મહત્ત્વાકાંક્ષા કેવી અર્થહીન હતી તેની તેને પ્રતીતિ થાય છે. તેના જીવનની એ જ કરુણતા છે. □

પિંજરે પડ્યું પંખી

અનુ૦: સુકન્યા ઝવેરી

નામ એનું મિસ વાયોલેટ હન્ટર. એ ગવર્નેસ હતી–એટલે કે મોટા ઘરનાં બાળકોને સાચવવા-ભણાવવાનું કામ કરતી. હાલમાં એ નોકરી વિનાની હતી. ત્યાં એન એક જગ્યાએ નોકરી માટે કહેણ આવ્યું. પગાર ત્રણ ગણો પણ કામ જરા વિચિત્ર. જોકે ત્યાં યે એક છોકરાને જ સાચવવાનો હતો. પણ નોકરીમાં શિક્ષિકાને માથાના વાળ શા માટે કપાવવાના? અને કહેવામાં આવે ત્યારે શેઠની દીકરીનાં કપડાં પહેરી અમુકતમુક જગ્યાએ શા સારુ બેસવા-ઊઠવાનુ?

'ભાડમાં જાય એવી નોકરી' કહી એ તો શેઠને મળીને ચાલી આવી હતી. વાળ વધારે કે નોકરી? પણ ઘેર આવીન ખાલી હાંડલાં જોતાં લાગ્યું કે નોકરી જ વધારે હતી. એટલે હવે શેરલૉક હોમ્સની સલાહ લેવા આવી હતી કે નોકરી લે ા કે નહિ. 'જરાય જરૂર નથી' હોમ્સે કહ્યું.

'મને પણ એમ જ લાગે છે.' વાયોલેટે કહ્યું. અને પછી જરા ખચકાતાં બોલી: 'પણ ઘરખર્ચ માટે કંઈક તો કરવું પડશે ને? ખેર, મને જો ત્યાં કંઈ દાળમાં કાળું લાગે ને હું આપને મદદ માટે બોલાવું તો આવશો ને?'

હોમ્સે હા પાડી. પંદરેક દિવસ પછી એના તરફથી તેડું આવ્યું. અમુક દિવસે ૧૧ વાગ્યે બ્લૅક સ્વૉન પાંથશાળામાં મળવા માટે કહેવડાવેલું.

ડૉક્ટર વૉટસનને સાથે લઈને શેરલૉક હૉમ્સ ત્યાં પહોંચી ગયા. વાયોલેટે ખરેખર પોતાના વાળ કપાવી નાખ્યા હતા. એના કહેવા પ્રમાણે એનો શેઠ રૂકલેસ જરા જડસુ હતો ખરો, પણ વાયોલેટ સાથે અયોગ્ય રીતે વર્ત્યો નહોતો. શેઠાણી શેઠની બીજી વારની પત્ની હતી અને યુવાન હતી. પહેલી પત્નીની દીકરીને નવી મા સાથે ન બનતાં અમેરિકા ચાલી ગઈ હતી. નવી મા આઠે પહોર વિષાદગ્રસ્ત રહેતી. 'કૉપર બીચિઝ' નામનું એમનું મકાન વિશાળ હતું અને એક ભયંકર મોટો ડાલ્મેશીઅન કૂતરો રાતે એની ચોકી કરવા છૂટો ફરતો. આ કૂતરાના રખેવાળ ટૉલર પક્કો દારૂડિયો હતો. જેને સાચવવા માટે એને રાખવામાં આવી હતી એ છોકરો બે વર્ષનો હતો: વાંદરા જેવો, ને બૂટ વડે પટાકપટાક વાંદા મારવામાં ઉસ્તાદ! પેલી વિચિત્ર શરતો સિવાય અન્ય કંઈ મુશ્કેલી નહોતી.

પણ નોકરીએ ચડયા પછી બેએક દિવસ બાદ સૌ બેઠાં હતાં ત્યાં મિસિસ રૂકલેસે એકાએક શેઠને કંઈક ઈશારત કરી અને તુરત શેઠે વાયોલેટને કહ્યું: 'ઊઠ તો જરા. પેલુ ભૂરું ફ્રૉક પહેરી આવ. જોઉં તો કેવું લાગે છે!'

વાયોલેટે શેઠની આજ્ઞા પ્રમાણે કર્યું. નક્કી એ ફ્રૉક રૂકલેસની પુત્રીનું જ હશે. પહેરીને એ આવી ત્યારે શેઠે એને બારી પાસે પીઠ કરીને ખુરશી પર બેસવા કહ્યું. એ બેઠી. સામે ઊભા રહી રૂકલેસે કંઈક અવનવી વાતો ઉખેળીને સૌને પેટ પકડીને હસાવ્યાં. બીજા દિવસે પણ એમ જ બન્યું. રૂકલેસની પુત્રીનાં કપડાં પહેરીને વાયોલેટને બારી તરફ પીઠ રાખી બેસવું પડ્યું અને શેઠને કંઈ ને કંઈ વાંચી સંભળાવવું પડ્યું. પણ વાયોલેટને લાગતું હતું કે પોતાની પીઠ પાછળ બારી બહાર કંઇક બની રહ્યું હતું, જે શેઠ–શેઠાણી જોઈ શકતાં હતાં. વાયોલેટ પણ કમ નહોતી. ત્રીજે દિવસે એ હાથરૂમાલમાં એક નાનું દર્પણ છુપાવીને બેઠી અને મોં લૂછવાને બહાને એણે જોયું તો બહાર રસ્તા પર કોઈ એક બટકો યુવાન બારી તરફ અને કદાચ એની તરફ એકીટશે તાકી રહ્યો હતો.

મિસિસ રૂકલેસે વાયોલેટની ચાલાકી પકડી પાડી. ઊઠીને એ બારી પાસે ગઈ અને પછી પતિને કહ્યું: 'જુઓ તો, પેલો કોઈ માણસ રસ્તા પરથી મિસ હંટર ભણી આંખો ફાડીને જોઈ રહ્યો છે.'

'એમ કે?' અને પછી શેઠે વાયોલેટને કહ્યું: 'તુ જ એને હાથનો ઈશારો કરીને ત્યાંથી ચાલ્યા જવાનું કહે.' વાયોલેટે હાથ હલાવ્યો ને તુરત શેઠાણીએ બારીનો પર્દો પાડી દીધો.

રહસ્ય ઘેરાતું ગયું. મકાનનો એક ભાગ હમેશાં બંધ જ રાખી તેના પર તાળું લગાડાતું હતું. એક વાર એ ભાગની પાછલી બાજુની બારી પરનો ચક ખુલ્લો જોઈ વાયોલેટને આશ્ચર્ય થયું. બહાર તો તાળું છે, તો પછી ચક ખુલ્લો કેમ? ત્યાર બાદ એક દિવસ મકાનના એ નિષિદ્ધ ભાગમાંથી ચોર પગલે રૂકલેસને બહાર આવતા એ જોઈ ગઈ ને શેઠને એ પૂછી બેઠી: 'ત્યાં બહારથી બધું બંધ હોવા છતાં બારીનો ચક કોણે ખોલ્યો હશે?'

શેઠ ચમકી ગયો. બોલ્યો: 'એમ ત્યારે તારી નજર બધે ફરતી રહે છે કેમ? ત્યાં મારો ડાર્કરૂમ છે, સમજી?'

રૂકલેસની દીકરી જે કમરામાં રહેતી હતી તેમાં જ વાયોલેટને રાખવામાં આવી હતી. એક વાર અચાનક એક ખાનું ખોલતાં એણે એમાં વાળનો એક લચ્છો જોયો—પોતાના જ કપાવી નાખેલા વાળ જાણે! પણ એણે તો એ વાળ ત્યાં નહોતા રાખ્યા. પોતાની પેટી ખોલી એણે ખાતરી કરી. તો પછી આ વાળ કોના?

એ ગૂંચવાઈ ગઈ, એના મનમાં સતત ઊથલપાથલ ચાલવા લાગી. એવામાં એકવાર એણે મકાનના પેલા નિષિદ્ધ ખંડના બારણામાં ચાવીઓ લટકતી જોઇ. શેઠ તાળુ વાસવાનું ભૂલી ગયા લાગતા હતા. પોતે એકલી જ હતી ને પેલું વાનરબાળક એનાં માતપિતા પાસે અંદર ઘરમાં હતું. તક સાધી એ ત્યાં પેસી ગઈ. પરસાળ વટાવી એ એક ખંડ પાસે પહોંચી દ્વાર પર આગળો હતો, પણ તિરાડમાંથી લાગ્યું કે અંદર કોઈ હરીફરી રહ્યું છે.

વાયોલેટ ગભરાઈ ગઈ ને પાછી નાસતાં બારણામાં જ એ રૂકલેસ સાથે અથડાઈ પડી! શેઠે એને અહીં જોઈ દાંત પીસીને સંભળાવ્યુ: 'જો હવે ફરી આ ઊંબરો વટીશ તો પેલો કૂતરો જ તારા પર છોડી મૂકીશ.'

વાયોલેટ સમજી ગઈ. આ ઘરમાં આવી ત્યારે જ રૂકલેસે ખૂબ મીઠી જબાનમાં એને પેલા ક્રૂર કૂતરાથી ચેતવી દીધી હતી. રાતે એ છૂટો ફરતો એટલે ત્યારે તો ઘર બહાર નીકળાય તેમ જ નહોતું, પણ આજ તક સાધી એણે હોમ્સને મળવા બોલાવેલા. શેઠ–શેઠાણી બહાર જવાનાં હતાં, ટૉલર દારૂના નશાનાં ચૂર રહેવાનો અને કૂતરો સાંકળે બાંધેલો હતો.

વાયોલેટની વાત સાંભળી હોમ્સ કૂદી પડયો. 'બરાબર આજે જ લાગ છે. તું ઘેર જા અને કોઈ પણ રીતે ટૉલરની વહુને એકાદ ઓરડામાં પૂરી દે. અમે પાછળથી ત્યાં આવીએ છીએ.'

સાતેક વાગ્યે બંને મિત્રો ત્યાં પહોંચ્યા. પેલા રહસ્યમય ભાગમાં જઈ એમણે બંધ ખંડના બારણાને ખભો ભિડાવીને ખોલી નાખ્યું. પણ...

'પંખી ઊડી ગયું.' હોમ્સ બોલી ઊઠયો. ખંડને એક છેડે અજવાળિયું હતું એ ખુલ્લું હતું અને બહાર એક નીસરણી ટેકવી હતી!

એકાએક રૂકલેસ આવી ચડયો. ભાંગેલું બારણું અને આ અજાણ્યા લોકોને બહાર કંઈ ફંફોસતા જોઈ એનો મિજાજ કાબૂ બહાર છટકી ગયો. દોડીને એણે પેલા ભયાનક ડાલ કૂતરાની સાંકળ ખોલી નાખી.

પણ પરિણામ ઊલટું આવ્યું. ડાંસ જેવા કૂતરાએ રૂકલેસની જ ગરદનમાં દાઢ ભરાવી. વૉટસને શેઠને બચાવવા તુરત કૂતરા પર ગોળી છોડી. શેઠાણી દાક્તરને બોલાવવા દોડયાં.

હોમ્સે ટૉલરની વહુને બહાર કાઢી. તાડ જેવી એ ગુસ્સાથી ધ્રૂજી રહી હતી: 'આટલી બધી ધમાચકડીની શી જરૂર હતી? મને સીધું પૂછ્યું હોત તો હું કહી દેત.'

'હા જ તો,' હોમ્સે કહ્યું: 'તું જ તો છે આજના આ નાટકની સૂત્રધાર. ધણીને દારૂમાં ચકચૂર કરી, અજવાળિયા પાસે નિસરણી મૂકીને તેં જ તો એને ભાગવાની સગવડ કરી આપી છે ને?'

એને? કોને?... (ન સમજાય તો જુઓ પૃ. ૨૮૧)

પચ્ચીસ વર્ષ પહેલાં



જુલાઈ ૧૯૫૦·સળંગઅંક ૩૧૯

ડાકોર, ગળતેશ્વર અને મહી પછી, આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં સાબરકાંઠા જિલ્લાના એક અણુઓળખાએલા પ્રદેશ પોળો વિષે દેવશંકર મોતીરામ રાવળ (જે ઈડર રાજ્યના માજી આર્કીઑલૉજી-ઈન્સ્પેક્ટર હતા તે)નો એક ટૂંકો લેખ આવેલો તે રસ પડે એવો છે:

જાણે કોઈ યોગી પદ્માસન વાળીને બેઠેલો હોય તેવી આકૃતિવાળા ઈડર પ્રદેશના હ.થમાં નાના ઉઘાડેલા પુસ્તક જેવા ઘાટનો આ 'પોળો'નો પ્રાચીન પ્રદેશ સાબરકાંઠા જિલ્લામાં એક વણુઓળખાએલો પણ સુંદર પ્રદેશ છે.

લગભગ ૪૦૦ ચોરસ માઈલ વિસ્તારનો આ પ્રદેશ ઈડર રાજ્યના ઈશાન ખૂણામાં, ઈડર અને મેવાડની વચ્ચે આવેલો છે. બહુધા તે ડુંગરાળ હોવા છતાં તેમાં થઈને વહેતી હરણાવ (હરિણાક્ષી) અને કોસંબી (કૌસામ્બી) નામની નદીઓની ખીણુનો કેટલોક ભાગ રસાળ ને ફળદ્રુપ છે, અને પ્રાચીન કાળમાં તે નદીઓને કિનારે ફેલેલી પ્રાચીન આર્ય વસાહતોની સંસ્કૃતિના અવશેષો રૂપ શિલ્પ ને સ્થાપત્યના ઉત્તમ નમૂના અહીં હજી જોવામાં આવે છે.

ઈડર રાજ્યનાં પ્રાચીન સ્થાનો તથા તેનાં શિલ્પસ્થાપત્ય વિષે કેટલાક વખત પહેલાંના ત્યાંના કેળવણી અને પુરાતત્ત્વ ખાતાના અધિકારી શ્રી પંઢરીનાથ ઈનામદારે એક સચિત્ર પુસ્તિકા દ્વારા તેમાંની પુરાતત્ત્વ વિષયક સમૃદ્ધિ ઉપર સારો પ્રકાશ પાડેલો છે; પરંતુ તેની જોડે જ ઐતિહાસિક રીતે સંકળાએલા આ 'પોળો'ના પ્રદેશ વિષે હજી કશો પરિચય અપાયો ન હોવાથી આ પ્રયત્ન કર્યો છે.

આ પ્રદેશ અત્યંત ડુંગરાળ તથા ગાઢ જંગલવાળો હોવાથી પુરાણુકાલીન આર્ય વસાહતોનો પ્રવેશ અહીં નહિ થયો હોય એમ લાગે છે; કેમ કે આજે પણ અહીંની વસતિ મુખ્યત્વે આદિવાસીઓની જ છે. આર્યવસાહતોનાં જે કંઈ પ્રાચીન નિશાન મળે છે તે દસમા સૈકા પછીના સમયનાં જ જોવામાં આવે છે. ત્યાર પછી તેરમા સૈકાથી માંડી સોળમા સૈકા સુધી અહીં ઘણી સારી આબાદી થઈ હશે, અને તે અઢારમા સૈકા સુધી ટકી રહી હશે એમ જણાય છે.

શાહબુદ્દીન ઘોરીના સમયથી મેવાડ ઉપર વિધર્મીઓનાં આક્રમણો શરૂ થયાં તેને પરિણામે, ખાસ કરીને સામાન્ય વસતિએ, ત્યાંથી નાસી આવી આ પોળોના ડુંગરાળ અને ગાઢ જંગલવાળા પ્રદેશમાં આશ્રય લીધે; અને એ આક્રમણો ઉત્તરોત્તર અલાઉદ્દીન ખિલજી તથા છેક મુઘલ સમય સુધી ચાલુ રહેવાથી, આ રક્ષણકારી પ્રદેશ આબાદ થઈને ત્યાં નગરો વગેરે પણ વસ્યાં. તેની જાહોજલાલી કેવી હશે તે સ્થાપત્યના શણગારરૂપ અહીંનાં હિંદુ ને જૈન મંદિરો પરથી જણાય છે. અભાપુર પાસેનું લાખેણું દહેરું; અભાપુર ને આતરસુંબા વચ્ચેનું સારણેશ્વરનું વિશાળ શિવાલય; આતરસુંબા પાસેના એક રાજકુંવર સદેવંત તથા એક નગરશેઠની કુમારિકા સાવળીંગાના સ્મરણ રૂપ

'નગર વચ્ચે નદી વહે એ અમારો દેશ'

એ ઉક્તિમાંનું નદી પરનું નવ દેરીનું સ્થળ;– આવાં ઘણાં સ્થાનો આપણને મુગ્ધ કરી પ્રાચીનકાળના પેટાળમાં વિચરતા કરી મૂકે છે. એ પ્રેમકહાણીને અનુરૂપ, ત્યાં ઊગી નીકળેલાં મોટાં વડનાં ઝાડ, એ નવ દેરીના પથ્થરોને જમીન પરથી ઊંચકી પોતાની ડાળીઓમાં અધ્ધર ધારી રહ્યાં છે! મંદિરોના સ્થાપત્યમાં ગુપ્ત તથા ચાલુક્ય કાળની અસર જોવામાં આવે છે.

આમ લગભગ ૮૦૦ વર્ષ સુધી કાયમ રહેલી આ પ્રદેશની આબાદી. પાછળથી મેવાડના પ્રદેશમાં સલામતી પ્રવર્તતાં કેટલાક લોકો પાછા ત્યાં ચાલ્યા જવાથી, તેમજ અહીં વિકાસનાં સાધન ઓછાં હોઈને ઘણા લોકો ઈડરના પ્રદેશમાં ઊતરી પડવાથી, ધીમેધીમે ઘટી ગઈ. વળી ઈડર પ્રદેશ ઉપરનાં અમદાવાદના સુલતાનોનાં આક્રમણોમાંથી આ પ્રદેશ પણ બચી શક્યો નથી, તે મંદિરોનાં ખંડિયેરોથી સાબિત થાય છે; અને તે પણ આબાદી ઘટવાનું કારણ હશે. ઉપરાંત, આ પ્રદેશ ઘણો ડુંગરાળ તથા ઘાડાં જંગલવાળો હોઈ, અહીંનાં હવાપાણી, આદિવાસીઓ તથા મહેનતુ પાટીદારો સિવાય બહારની પ્રજાને માફક આવે તેવાં નથી; ને તેથી આ તરફ એવી કહેવત ચાલે છે કે


'પાલા, પહાડા, પાનરવા,
પોસીના ને પોળો;
પાંચે પખા પ્રાણ હરે,
જેમ વાગે તોપનો ગોળો!'

વળી અહીંનાં વિકૃત હવાપાણીને લીધે આ તરફના રહેવાસીઓને પેટનું દર્દ બહુ થાય છે, અને તેથી પેટ ઉપર ડામ દેવાની પ્રથા અહીં બહુ હોવાથી બીજી પણ એક કહેવત પડી છે કે

'પાલા, પહાડા ને પાનરવા ગામ,
એક એક આડિયું ને સોળ સોળ ડામ!'

જોકે હાલમાં મોટાં શહેરો માટે કોલસા પાડવામાં અહીંનાં જંગલો લગભગ કપાઈ જવાથી તેમજ નદીઓમાં બંધ બાંધીને ઘણી જમીન હવે ખેતી માટે ખુલ્લી કરેલી હોવાથી હવાપાણી થોડાં સુધર્યાં છે ખરાં.

પોળોના આ પ્રદેશમાં ઈડરથી મોટર બસ દ્વારા જઈ શકાય છે. ત્યાંથી ૧૨ માઈલ ઉપર પોળોની સરહદ શરૂ થાય છે ને પહેલું કાલવણનું થાણું આવે છે. ત્યાં એક પ્રાચીન કુંડ છે. ત્યાંથી આગળ ચાર માઈલ ઉપર વીરેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર આવે છે. આ સ્થળ તો એટલું રમણીય છે કે ત્યાં ગયા પછી તે છોડવું ગમતું નથી. ભર ઉનાળામાં પણ ત્યાં સુખદાયક ઠંડક રહે છે, ને ડુંગરની તળેટીમાંના એક વિશાળ ઊમરાના ઝાડ પાસેથી નીકળતું પાણીનું ઝરણુ આ સ્થળની વસતિ તથા બાગબગીચાને અખૂટ પાણી પૂરું પાડે છે. અહીં કેટલાક પ્રાચીન શિલાલેખો પણ છે.



વીરેશ્વરથી સાત માઈલ ઉપર આતરસુંબાનાં પ્રાચીન સ્મારકો આવે છે, અને ત્યાંથી આગળ ચાલતાં સારણેશ્વર અને પછી બે માઈલ પર અભાપુરનું લાખેણા દહેરાવાળું સ્થળ આવે છે. પોળોની રાજધાની વિજયનગર ત્યાંથી સાત માઈલ થાય છે. મુસાફરોએ પોતાનો મુકામ વીરેશ્વર અગર વિજયનગર રાખવો પડે છે. વીરેશ્વર મુકામ રાખનારને ત્યાં સીધું-સામાન પણ મળી શકે છે.

ઉપર જણાવ્યા મુજબ જંગલોનો કેટલાંક ભાગ કપાઇ જવા છતાં અહીં એટલી અખૂટ વનશ્રી ભરી પડી છે કે સૃષ્ટિસૌંદર્ય જોવાની ઈચ્છાવાળાને, તથા અમદાવાદ જેવાં મોટાં શહેરોની ધમાલમાંથી શાન્તિ માટે નાસી છૂટવા ઈચ્છનારને વીરેશ્વરના કુદરતી વાતાવરણથી આનંદ, આરામ અને ઉપયોગી જ્ઞાન પણ મળી રહે તેમ છે. □

શતરંજના બેતાજ બાદશાહ પોલ કૅરસ

છેલ્લાં ત્રીસેક વર્ષથી વિશ્વના સૌથી સારા ખેલાડીઓમાં જેમની ગણના થતી હતી એ પોલ કૅરસનું ગઈ પાંચમી જૂને ૫૯ વર્ષની વયે હૃદય



બંધ પડતાં અવસાન થયું. બીજા વિશ્વયુદ્ધ પછી સાત વિશ્વવિજેતાઓ થયા. તે દરમિયાન એ પદથી વંચિત રહેનારાઓમાં નિર્વિવાદ-પણે તેઓ સૌથી મહાન ખેલાડી હતા.

એસ્ટોનિયામાં નાર્વા ખાતે ઈ. ૧૯૧૬માં એમનો જન્મ થયો હતો. હજી તો શાળામાં અભ્યાસ કરતા હતા ત્યારે નાનપણમાં જ તેઓ એસ્ટોનિયાના ચૅમ્પીઅન બન્યા હતા. વૉર્સો ટીમ ટુર્નામેન્ટમાં તેમની સુંદર રમતથી ઈ. ૧૯૩૫માં તેમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી.

તે પછી તેઓ બેત્રણ વર્ષમાં સારી સારી ટુર્નામેન્ટ જીત્યા. ઈ. ૧૯૩૮ની 'એવરો' ટુર્નામેન્ટમાં આલેખાઈન અને કાપાબ્લાન્કા જેવા વિશ્વ-વિજેતા તેમજ બીજા મહારથીઓથી આગળ ફાઈનની ભાગીદારીમાં પ્રથમ ઈનામ મેળવ્યું ત્યારથી તો તેમની ગણના વિશ્વના સારામાં સારા ખેલાડીઓમાં થવા લાગી.

આલેખાઈનના અવસાન બાદ વિશ્વવિજેતા-પદનું ખાલી પડેલું સ્થાન પૂરવા જે પાંચ ખેલાડીની ટુર્નામેન્ટ રમાઈ હતી તેમાં તેમણે ત્રીજું સ્થાન મેળવ્યું હતું. ત્યારથી ૧૯૬૫ સુધી તેમનું સ્થાન અચ્યુત રહ્યું હતું. ઈ. ૧૯૫૩, '૫૬, '૫૯ અને '૬૨ની એક પછી એક, ચારેય Candidate Tournamentsમાં તેમને બીજું સ્થાન મળ્યું હતું. વિજેતાઓ બદલાતા રહ્યા પણ તેમનો બીજો નંબર કાયમ રહ્યો. તેમના આ એકધારા પરિણામને લીધે તેઓ 'શતરંજના બેતાજ બાદશાહ' તરીકે ઓળખાતા.

તેઓ શતરંજ ઉપરાંત ટેનિસ તેમજ બિલિયર્ડ રમતા. તેમની સુંદર રીતભાત અને ખેલદિલીથી તેઓ ઘણા લોકપ્રિય થયા હતા. તેમની શૈલી આક્રમક હતી અને તેથી તેમની રમતોના સંગ્રહમાં ઘણી આકર્ષક રમતો જોવા મળે છે. ઈ. ૧૯૫૪ની આંતરરાષ્ટ્રીય ટીમ ટુર્નામેન્ટ-માંની તેમની એક આકર્ષક રમત અહીં જોઈએ.

1 P-K4, P-QB4; 2 N-KB3, P-Q3; 3 P-Q4, P×P; 4 N×P, N-KB3; 5 N-QB3, P-QR3; 6 B-KN5, QN-Q2; 7 B-QB4, P-K3; 8 O-O, Q-B2. હવે સફેદ (કૅરસ) બે પ્યાદાંના બદલામાં ઊંટના ભોગે આક્રમણ આરંભે છે.

9 B×KP, P×B; 10 N×P, Q-B5; 11 N-Q5! હવે 12 N-B7ch.ની ધમકી છે. 11..., N×N; 12 P×N પછી રાજાની ખુલ્લી પંક્તિ પરથી સફેદનો જોરદાર હુમલો આવે તેમ છે, માટે—

11..., K-B2; 12 B×N, K×N; 13 B-B3! N-B3; (14 Q-N4ch.થી બચવા) 14 B×N, P×B; 15 N-N6, Q-B3; 16 N×R. કાળાએ હાથી ગુમાવ્યો, પણ જો બદલામાં તેને ઘોડો મળે તો તેની બાજી રમી શકાય તેવી રહે. ઘોડાને નીકળવાની જગ્યા નથી અને કાળાના બે ઊંટ ચાલે એટલે ઘોડો ખૂણામાં ફસાઈ જાય. 16..., B-K2; 17 P-QR4! P-N3; 18 Q-Q5ch., K-Q2. અહીં 18..., Q×Q; 19 P×Q ch, K×P; 20 N×Pch, પછી 21 N×B, R×N પછી સફેદ જીતે છે. (વજીર ઘોડાનું પાછળથી રક્ષણ કરે છે એ જોશો!)

19 R-R3, B-Q1.

અહીં ઘોડાને જીતવા 19..., B-N2 રમાય તેમ નથી; કારણ 20 R-QB3, Q×Q; 21 N×Pch, K-K3; 22 P×Qch, B×P; 23 R-K1ch, અને 24 N×B.

20 N × Pch.

હવે 20..., B×N; પછી 21 Q-B7ch, K-Q1; 22 Q×BP ch. પછી કાળો હાથી અને 20..., Q×N; પછી 21 Q-B5ch, K-B2; 22 R-QB3ch બાદ કાળો ઊંટ જાય છે માટે—

20..., Resigns.

કૅરસની આગવી આક્રમક શૈલીની આ એક સુંદર રમત છે.

સુરેશ મોદી

વૃક્ષ-વેલ-પરિચય (૭૫) નગોડ



નગોડ એ ઘરવૈદામાં બહુ જાણીતી ઔષધીય વનસ્પતિ છે. ભારતભરમાં એ ઊગે છે. એનું ઝાડ ત્રણથી પાંચેક મીટર ઊંચું વધે છે. નગોડની છાલ પાતળી, રાખોડી; ડાળીઓ ચોરસ જેવી, સફેદ અને બારીક રુંવાટીવાળી; પાન દાંડીવાળાં સંયુક્ત, આકારમાં બંને છેડે અણિયાળાં ને વચ્ચેથી પહોળાં. દરેક સંયુક્ત પાનમાં બાજુની હાર કરતાં ટોચનું પાન વધુ મોટું. નાનાં પાનની ઉપરની સપાટી લગભગ લીસી ને નીચેની બારીક સફેદ રુંવાટીવાળી.

નગોડનાં પાનની એક આગવી સુવાસ આવે છે. માથાના દુખાવામાં આ પાન ભરેલું ઓશિકું વાપરવાથી આરામ મળે છે. સળેખમ અને તાવમાં પીપર સાથે આ પાનનો ઉકાળો અપાય છે. પાનના રસથી ચાંદાંમાં પડેલા કીડા દૂર થાય છે. સૂકાં પાનની બીડી ખાંસી ને શિરદર્દ માટે ગુણકારી ગણાય છે.

નગોડને લગભગ બારે માસ ફૂલ આવે છે. ડાળીઓને છેડે એક મોટી ચતુષ્કોણી ને રુંવાટીવાળી શાખા ઉપર ફૂટેલી નાની શાખા અને એને ફૂટેલી વધુ નાની શાખાઓ પર ભૂરી જાંબુડી પાંખડીઓવાળાં ફૂલોનાં ઝૂમખાં ઊગે છે.

નગોડનાં ફળ ટચૂકડાં, વટાણાના દાણા જેવડાં ને પાકે ત્યારે કાળાં હોય છે. એના ઢાંકણનો છેક અંદરનો ભાગ લાકડા જેવો કઠણ હોય છે. આ ફળ કૃમિનાશક મનાય છે. □



માધુકરી

મધવા કેરો હાથિયો ગાજે ગગનમાં અનિવાર,
સુરબાલાની મેખલા સોડે વીજતણો ચમકાર;
વાયરો શો ઉન્મત્ત !–વીણામાં રણકી રહે મેઘમલારા.
રેણુથી ઝાંઝો દિન ગમે ને દિનથી ઝાઝી રાત,
સાંજને સમય આવતું આભે રંગધનુ રળિયાત :
લ્હેરિયાં લેતું ઉર છલોછલ, આજ મણા નવ સુખને મારા.
ઝરે નભ જલની ધારા. —રાજેન્દ્ર શાહ

બાબુભાઈ જશભાઈ પટેલ

'You are a determined young man...' (તું કૃતનિશ્ચયી યુવાન છે...). લગભગ ઈ. સ. ૧૯૩૨ના અંતમાં પૂનાની ફર્ગ્યુસન કૉલેજના પ્રિન્સિપલ મૅકેન્ઝીએ, ભારતની આઝાદી માટે અભ્યાસને તિલાંજલિ આપવાના પોતાનો અફર નિર્ધાર એક વિદ્યાર્થીએ જણાવ્યો ત્યારે તેને પ્રસ્તુત વાક્યથી નવાજેલો. એ યુવાન તે ગુજરાત રાજ્યના વર્તમાન મુખ્ય પ્રધાન બાબુભાઈ જશભાઈ પટેલ. ઈ. ૧૯૧૧ના ફેબ્રુઆરીની ૯મી તારીખે ધર્મનિષ્ઠ પિતા જશભાઈ અને માતા ચંચળબેનને ત્યાં નડિયાદમાં એમનો જન્મ. એમનો પ્રાથમિક અભ્યાસ નડિયાદ અને સ્વામીનારાયણ સંપ્રદાયના તીર્થધામ વડતાલમાં. પછી નડિયાદમાં મોગલકોટમાં આવેલી સરકારી હાઈસ્કૂલમાં એમણે અંગ્રેજી સાત ધોરણ પૂરાં કરી ઈ. ૧૯૨૮માં મૅટ્રિકની પરીક્ષા ઉત્તીર્ણ કરી. એમની શૈક્ષણિક કારકિર્દી સામાન્ય કક્ષાની. પોતે જ લખે છે : 'પહેલી ચોપડીમાં નાપાસ થયો ને પછી છેલ્લે એલએલ બી.માં નાપાસ થયો બાકી હમેશાં પાસ. વર્ગમાં કશી નોંધપાત્ર તેજસ્વિતા બતાવ્યા વગર બીજા અનેકની જેમ હું પાસ થતો રહ્યો.' આમ, ભલે એમણે વર્ગમાં તેજસ્વિતા ન બતાવી હોય, પરન્તુ જાહેર જીવનમાં તો 'નોંધપાત્ર તેજસ્વિતા' દાખવી જ છે.

છેક વિદ્યાર્થીકાળથી આઝાદી માટે થનગની રહેલા બાબુભાઈમાં પ્રજાસેવાની સન્નિષ્ઠ ભાવના કૉળવા લાગી હતી. ઘરના ધાર્મિક વાતાવરણે સહિષ્ણુતા અને સદાચાર બક્ષ્યાં હતાં, તો નડિયાદમાં જ ચાલી રહેલી અંબુભાઈ પુરાણીની વ્યાયામપ્રવૃત્તિએ શિસ્ત અને સેવાના સંસ્કાર બક્ષ્યા હતા. ઈ. ૧૯૩૫માં મુંબાઈના વિલ્સન કૉલેજમાથી બી. એ. થયા તે પહેલાં જ એમણે રાજકીય જીવનમા ઝંપલાવી દીધું હતું. ચાર-ચાર વાર જેલયાત્રાઓ ભોગવી ચૂક્યા હતા. જીવનનિભાવ માટે દરમિયાનમાં બેએક સ્થળે નોકરી સ્વીકારી, પણ એમાં લાંબું ટક્યા નહિ. બન્ને સ્થળે થઈને ભાગ્યે જ ત્રણચાર માસ નોકરી કરી હશે ! ત્યાર પછી કદાપિ નોકરી નહિ કરીને એમણે આજદિન સુધી જાહેર જીવનમાં સેવાનાં વિવિધ કાર્યો જ કર્યે રાખ્યાં છે.



૨૬ વર્ષની નાની ઉંમરે એઓ ઈ. ૧૯૩૭ના ફેબ્રુઆરીમાં તે વખતના મુંબાઈ રાજ્યની ધારાસભામાં પ્રથમ વાર ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા. એ જ વર્ષે નવેમ્બર માસમાં એલએલ. બી. પાસ થયા. ૧૯૪૬માં એઓ તે જ ધારાસભામાં બીજી વાર ધારાસભ્ય ચૂંટાઈ આવેલા. વચમાં ૧૯૪૦ ને '૪૨માં સ્વાતંત્ર્ય સંગ્રામ નિમિત્તે વળી પાછી બે વાર ટૂંકી લાંબી જેલયાત્રાઓ ભોગવી. ૧૯૪૯માં તો મુંબાઈ રાજ્યના મુખ્ય મંત્રીશ્રીના સંસદીયસચિવ તરીકેનો હોદ્દો સોંપવામાં આવ્યો અને દેશી રાજ્યોના વિલીનીકરણ જેવા મહત્ત્વના ખાતાની એમને સોંપણી કરવામાં આવી. ઈ. ૧૯૫૨માં એઓ એ ધારાસભામાં ત્રીજી વાર ચૂંટાઈ આ-

વ્યા ત્યારે એમને મુંબઈ રાજ્યના મંત્રીમંડળમાં જાહેર બાંધકામ અને વાહનવ્યવહાર ખાતાનું નાયબમંત્રી પદ સોંપાયું, અને ૧૯૫૬માં દ્વિભાષી મુંબાઈ રાજ્યના મંત્રીમંડળમાં આયોજન, વિકાસ, વીજળી અને ગૃહનિર્માણ ખાતાના મંત્રી બન્યા. પછીથી મહાગુજરાતના આંદોલનમાં એમના રાજકીય પક્ષ પ્રત્યે પ્રજાનો રોષ ઊછળતાં એઓ ધારાસભાની ચૂંટણીમાં ઈ. ૧૯૫૯માં પ્રથમ વાર અને ૧૯૬૨માં બીજી વાર પરાજિત થયા. આમ છતાં ય, એમનાં પ્રજાકીય સેવાકાર્યોમાં કદી ઓટ આવી નહોતી. સક્રિય રાજ્યવહીવટથી બહાર રહીને પણ એઓ પ્રજાહિતનાં વિવિધ કાર્યોમાં એવા સક્રિય રહેલા કે પ્રજા એમના પ્રત્યે સદા માન અને મમતાની નજરથી જોતી આવી છે. એમનાં કાર્યોની સુવાસે જ એઓ ફરી પાછા ૧૯૬૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વિજયી બન્યા, અને જાહેરબાંધકામ, વીજળી તથા નાગરિક પુરવઠા ખાતાના મંત્રીપદે વરાયા, ને ૧૯૭૧માં ગુજરાત રાજ્યના નાણાંમંત્રી પણ બન્યા. ધારાસભ્ય તથા ઉપમંત્રી મંત્રી તરીકે એમણે પોતાની વહીવટી કુનેહ અને અભ્યાસવૃત્તિનો પરિચય કરાવી આપ્યો છે અને પોતાને હસ્તક સોંપાએલાં કામો સફળતાથી પાર પાડી આપ્યાં છે.

આ ઉપરાંત સમાજસેવાનાં બીજાં અનેક કાર્યોમાં એમણે પ્રશસ્ય કામગીરી બજાવી છે. પછી તે હરિજન કામદાર મંડળ હોય કે ખાદી-ગ્રામોદ્યોગ બોર્ડ હોય, શિક્ષણનું ક્ષેત્ર હોય કે સંસ્કારનું ક્ષેત્ર હોય. નડિયાદમાં સંસ્કારસભાની સ્થાપના થઈ અને તેના અધ્યક્ષ બન્યા તે એમનો સંસ્કારક્ષેત્રનો પ્રેમ સૂચવે છે, તો નડિયાદ કેળવણી મંડળના પ્રમુખ વરાયા તેમાં એમની શિક્ષણપ્રીતિ જણાઈ આવે છે. આથી જ ઈ. ૧૯૫૮માં સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિપદે એમની નિયુક્તિ થઈ હશે. આમ, રાજ્ય, સમાજ, સંસ્કાર, શિક્ષણ આદિ વિવિધ ક્ષેત્રે એમણે પોતાની પ્રતિભાનો પરિચય સહુને કરાવી આપ્યો છે. પિસ્તાલીસ વર્ષની સુદીર્ઘ જાહેર કારકિર્દીમાં એમણે ક્યાંય કટુતા કે કલેશનું વાતાવરણ સર્જ્યું નથી.

એમના આવા સફળ જાહેર જીવન પાછળ એમના વ્યક્તિત્વની નિર્દોષતા, નિરાડંબરીપણું, નિખાલસતા અને સ્વભાવની નિઃસ્વાર્થતા, સેવાપરાયણતા અને સંયમશીલતાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. જાહેર જીવનના આરંભકાળથી જ પદની લાલસાથી પર રહી, પુરુષાર્થની કડી પર ચાલી, શિસ્તબદ્ધ સૈનિક બનવાનું જ એમણે પસંદ કર્યું છે. આથી જ જ્યારે જ્યારે પદ મળી આવ્યું છે ત્યારે ત્યારે એનો મદ એમને સ્પર્શી શક્યો નથી. ઓછું બોલવું અને વધુ કરવું એ એમનો જીવનમંત્ર છે. સાથીઓ સાથે સુમેળથી કામ લેવાની એમની બાહોશી ભાગ્યે જ કોઈથી અજાણ હશે. પોતાને સોંપવામાં આવેલું નાનામાં નાનું કાર્ય પણ પૂર્ણ વફાદારીપૂર્વક અને ભારે પરિશ્રમથી પાર પાડવું એ એમની લગની હોય છે. આમ છતાં એઓ ભારેખમ સ્વભાવના થી. વ્યક્તિગત જીવનવ્યવહારમાં કે જાહેર જીવનવ્યવહારમાં એમની વિનોદવૃત્તિ ધ્યાન ખેંચ્યા વગર રહેતી નથી. ગંભીર તેમજ હળવી બાબતોમાં એમની બુદ્ધિની તેજસ્વિતા સતત ચમક્યા કરતી હોય છે.

આમ, પરમ દેશભક્ત અને પ્રજાવત્સલ બાબુભાઈની નિષ્કામ કર્તવ્યનિષ્ઠા, અવિરત ઉદ્યમશીલતા, પદનિરપેક્ષ સેવાવૃત્તિ, વહીવટી દક્ષતા, પરમ સંતોષ અને સાદગી, મક્કમ નિર્ધારશક્તિ. આદર્શને આંબતી વ્યવહારપટુતા, ચીવટ ને ચોકસાઈ જાહેરજીવનમાં ઝંપલાવનાર કોઈ પણ વ્યક્તિ માટે અનુકરણીય અને અનુસરણીય છે. —ધીરુ પરીખ

જાંબુ

વર્ષા ઋતુમાં જાંબુ પુષ્કળ પ્રમાણમાં થાય છે. ખાસ કરીને રસાળ ભૂમિમાં આનો પાક સારો થાય છે. ભારતમાં નદીકિનારાવાળા પ્રદેશોમાં જાંબુનાં વન જોવા મળે છે.

જાંબુનું કાયમ લીલું રહેતું મોટું વૃક્ષ થાય છે. પાન લાંબાં, પુષ્પ શ્વેત, સુવર્ણ જેવા રંગનાં, ફળ નાનાં તથા ગોળાકાર, કાચાં હોય ત્યારે લીલાં અર્ધ-પક્વાવસ્થામાં લાલ અથવા રીંગણના વર્ણ જેવાં અને પાકે ત્યારે ગાઢ વર્ણનાં થઈ જાય છે. ફળની અંદર નાનો ઠળિયો હોય છે.

રાજજાંબુ, ક્ષુદ્રજાંબુ, નદીજાંબુ, કાકજાંબુ, ભૂમિજાંબુ તથા ગુલાબજાંબુ આ તેની મુખ્ય જાત છે. આમાં રાજજાંબુ શ્રેષ્ઠ છે. ગુલાબજાંબુ વિદેશી જાંબુ છે, જે ખાસ કરી બ્રહ્મદેશ ને બંગાળમાં થાય છે. એનું ફળ ઠળિયા રહિત, ગોળાકાર, ગુલાબી રંગનું હોય છે. તથા તેમાંથી ગુલાબના જેવી સુગંધ આવતી જણાય છે, માટે જ તેનું નામ ગુલાબજાંબુ પાડેલું છે. આ રાજજાંબુનો જ એક પ્રકાર છે. પરંતુ આ બધામાં ખાવા માટે તેમ જ ઔષધ તરીકે રાજજાંબુનો વધુ ઉપયોગ થાય છે.

જાંબુનાં ઝાડનાં સંસ્કૃતમાં ખૂબ સુંદર નામ છે. તેમાં ફલેન્દ્ર, નંદ, રાજજાંબુ, મહાફલા, સુરભિપત્ર અને મહાજાંબુ એ મુખ્ય છે.

આયુર્વેદની દૃષ્ટિએ જાંબુદીપન, પાચન, યકૃત ઉત્તેજક તથા સ્તંભન છે. પાન ઊલટીને બંધ કરે છે, જ્યારે છાલ સ્તંભનું કાર્ય કરે છે. આનું ફળ

—માસમાસનાં વ્રત-પર્વ—

આષાઢ સુદિ અગિયારશ

આષાઢથી આસો એ ચાર મહિના વર્ષા ઋતુના. ભારત જેવા ખેતીપ્રધાન દેશમાં વર્ષાનું સવિશેષ મહત્ત્વ હોય તે સ્વાભાવિક છે. વર્ષાની કાગડોળે રાહ જોતો જનસમુદાય તેના આગમનથી નાચી ઊઠે, કારણ કે વર્ષાથી જીવન માટે જરૂરી અન્ન-જળ પ્રાપ્ત થઈ રહે છે અને આ ધાન્યમાંથી સુખી-સમૃદ્ધ જીવનવ્યવહાર માટે ધન સર્જાય છે. આથી વર્ષાના આગમને જીવનની સમૃદ્ધિની સાધના સારુ જીવનની પવિત્રતા પ્રથમ સાધવી જોઈએ એવો લોકનિશ્ચય આમ આષાઢ સુદિ અગિયારશના વ્રત-પર્વથી પ્રારંભાય છે.

આ શુક્લ પક્ષની એકાદશી વર્ષાઋતુનાં વ્રતોમાંનું પ્રથમ વ્રત. એને 'પદ્મા'-એકાદશી કે 'શયની'-એકાદશી કે 'દેવપોઢી અગિયારશ'ના લોકનામથી ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે વિષ્ણુભક્ત સમાજ આ એકાદશીના વ્રતને પાળે છે. પુરાણમાં આવતી માંધાતા રાજાની કથા કહે છે કે આ એકાદશીનું વ્રત પાળવાથી પુણ્યોદય થાય છે. પર્જન્ય—વરસાદ-સ્વરૂપ ભગવાન વિષ્ણુ પ્રસન્ન થાય છે અને સાનુકૂળ વારિ વરસતાં સમૃદ્ધ વર્ષનો પાયો નખાય છે. આમ, આ એક પવિત્ર સંકલ્પનું વ્રત બની રહે છે. પવિત્ર સંકલ્પ—સમસ્ત પ્રજા તથા પ્રજાનાયકનો સંકલ્પ વાતાવરણમાં પવિત્રતા સર્જે છે. એ પવિત્ર સંકલ્પનાં આંદોલનો પ્રકૃતિને પણ સાનુકૂળ બનાવી શકે એવું શુદ્ધ સંકલ્પનું બળ હોય છે.

વરસાદ આવતાં ખેતીપ્રધાન પ્રજા ખેતીકામમાં લાગી જાય છે. આથી ધરતીમાતાની સેવાના પવિત્ર કર્મ સાથે ભગવાન વિષ્ણુને શયન કરાવવામાં આવે છે. દેવપૂજાનો વધુ સમય પ્રજા ખેતપૂજામાં ગાળી શકે એવો કંઈક આ આદર્શ કીમિયો પ્રજાગુરુઓએ પ્રજાને બતાવેલો હશે એમ માની શકાય. આ કારણથી આ અગિયારશને 'શયની' કે 'દેવપોઢી' અગિયારશ કહેવામાં આવે છે.

વળી, આ જ અગિયારશને 'નીમ' એકાદશી પણ કહેવામાં આવે છે. કચ્છ-સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના સાગરખેડુઓ અને સાગર સફર સાથે સંબંધ ધરાવતા વેપારીઓ આ દિવસે જીવનમાં પાળવા માટે કોઈ ઉન્નત વ્રત ગ્રહણ કરે છે. વર્ષાનાં તોફાનોને લઈ સાગરસફરની સફળતા ઝંખતાં આ લોકો આવું વ્રત ગ્રહણ કરે છે. વ્યાપારી પેઢીઓ નાત-જાત-કોમના ભેદભાવ વગર સહુ નોકરો-ચાકરોને તે દિવસે બોણી આપે છે, અને નાનો-મોટો પ્રત્યેક જણ તે દિવસે આખા વર્ષ દરમિયાન કરવાનાં શુભ કાર્યનું વ્રત લે છે. આ રીતે આ દિવસે ત્યાંનું મહાપર્વ મનાય છે.

પાયોરિયા અને દાંતનો દુખાવો

દાંતનાં પેઢાંનો આ રોગ છે. આયુર્વેદમાં એને 'શીતાદ' કહે છે. આજના યુગમાં આ રોગ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. પેટનો અપચો, કબજિયાત, લોહીનો બગાડ, ઠંડા અને ગળ્યા પદાર્થોનું અતિ સેવન અને અસ્વચ્છતા આ રોગને જન્માવે છે.

લક્ષણો

૧) દાંતનાં પેઢાં સડીને ખદખદી જઈ, તેમાંથી પરુ નીકળે છે. પરિણામે-૨) મોઢામાંથી દુર્ગંધ આવે છે. ૩) દાંત પડવા માંડે છે. ૪) દાંતમાં કળતર અને દુખાવો થાય છે અને ૫) ઘણી વાર દાંતમાંથી લોહી પણ નીકળે છે. ૬) ખોરાક ચાવી શકાતો નથી.

ઉપચાર

૧) મળ સાફ આવે અને લોહી શુદ્ધ થાય તે માટે રોજ રાત્રે સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ કે ત્રિફળા ચૂર્ણ લેવું. ૨) સુવર્ણ માક્ષિક, ગળો સત્ત્વ અને મજીઠનું સમભાગ મિશ્રણ ખાવું ૩) હરડે, ફટકડી ને પારસ પીપળાનાં પાનના ઉકાળાનો કોગળો મોંમાં ભરી રાખવો. ૪) તલના તેલનો કોગળો મોંમાં ભરી રાખવો. ૫) પેઢાં ઉપર હળવે હાથે ઈરીમેદાદિ તેલ, દશાંગ લેપ કે કપૂરકાચલીનું ચૂર્ણ ઘસવું. ૬) ત્રિફલા, ગૂગળ અને કૈશોર ગૂગળનું સેવન કરવું. ૭) વડનું, લીમડાનું કે કરંજનું અથવા બોરસલીનું દાતણ કરવું. યા બોરસલીની છાલનું ચૂર્ણ દાંતે ઘસવું. ૮) ભોંરીંગડી (ભે.ય રીંગણી)નાં બીને અગ્નિ ઉપર નાખી તેનો ધુમારો મોંમાં લેવો. લોહી નીકળતું હોય તો જાત્યાદિ તેલને પેઢાં પર ઘસવું. ૧૦) ખૂબ ગરમ અને ખૂબ ઠંડા પદાર્થો તથા કોઈ પણ પ્રકારના ગળપણને બંધ કરવું.

દાંતનો દુખાવો પણ આજકાલ વ્યાપક છે. અતિ ગળપણ, અતિ ઠંડા ગરમ પદાર્થોનું સેવન, દાંતમાં સડો, પોલાણ કે પેઢાંમાં સોજો આવવાથી દાંત દુખે છે.

ઉપચાર

૧. કપૂર અને ટંકણખારનું મિશ્રણ, સારી જાતિની હિંગ, ફુલાવેલું લવિંગ, હિંગ કપૂર વટી કે દંષ્ટ્રાપીડાહર વટી, આમાંની કોઈ પણ એક ચીજ દુખતા દાંત પર દબાવવી. ૨) કપૂર, લવિંગ, તજ કે અજમાના અર્કનું અથવા ઇરીમેદાદિ તૈલ, જાત્યાદિ તેલ, પંચગુણ તેલ, સ્પિરિટ યા આલ્કોહોલમાં બોળેલું પોતું પણ દુખતા દાંત પર રાખી શકાય. ૩) દાંત દુખવાથી સોજો આવ્યો હોય તો બહારના ભાગમાં દશાંગ લેપ લગાડવો.

આ ઉપરાંત પાયોરિયા માટે દર્શાવેલા ઉપાયો પણ અજમાવી શકાય. મુખ્ય જરૂર છે દાંત અને મોંની સ્વચ્છતા અને અતિ ઠંડા-ગરમ પદાર્થોના ત્યાગની.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

તથા ઠળિયા યકૃત દ્વારા થતા સાકરના પાચનને સુધારે છે અને તેનાથી રક્તગત અને મૂત્રગત સાકર ઓછી થવાથી મધુપ્રમેહ નામનો વ્યાધિ દૂર થાય છે. સાથે સાથે મૂત્રનું પ્રમાણ પણ ઘટી જાય છે.

જાંબુનું ફળ તથા તેનો સરકો અગ્નિમાંદ્ય, અજીર્ણ, શૂલ, પ્રવાહિકા, ગ્રહણી, પ્રમેહ વગેરેમાં આપવામાં આવે છે. જાંબુના ઠળિયાનું ચૂર્ણ તથા છાલનો કવાથ દેવાથી પણ અતિસાર, જીર્ણ પ્રવાહિકા, જીર્ણ અતિસાર, રક્તાતિસાર, રક્તપ્રદર, શ્વેત પ્રદર જેવા રોગો સાધ્ય બને છે.

કૂમળાં પાંદડાંનો ઉપયોગ ઊલટીમાં ખાસ થાય છે.

જાંબુના ઠળિયાનું ચૂર્ણ એક એક માસો ગરમ પાણી સાથે દર ચાર કલાકે લેતા રહેવાથી અને બે માસ પરેજી પાળવાથી મધુપ્રમેહ દૂર થાય છે.

જાંબુના ઠળિયા, કેરીની ગોટલી, ઘીમાં શેકેલી હિમેજનું ચૂર્ણ-આ બધું મિશ્રિત કરીને લેવાથી દરેક પ્રકારના ઝાડા દૂર થાય છે. તેમાં મધ મિશ્રિત કરી દિવસમાં ત્રણ વખત લેવાથી મૂત્રકૃચ્છ, રક્તપિત્ત, દાહો, ઊલટી વગેરેમાં તાત્કાલિક ફાયદો કરે છે.

કમળામાં અથવા યકૃતના વિકારોમાં જાંબુનાં ફળનો રસ કાઢી રાખી તેમાં ગળે એટલું મીઠું મેળવી તે રસ એકેક દિવસને અંતરે આપવો. આ પ્રયોગથી સારો એવો ફાયદો થાય છે.

મુખપાકમાં જાંબુની છાલના કોગળા કરવાથી ફાયદો થાય છે. જુવાનીના ખીલ ઉપર જાંબુનો ઠળિયો ઘસીને ચોપડવાથી ફાયદો થાય છે.

જાંબુ ખાલી પેટે નહિ પણ જમ્યા બાદ ખાવાં હિતાવહ છે. પ્રસૂતા સ્ત્રીઓ તેમ જ આમવાતના દર્દીઓએ આનો ઉપયોગ ન કરવો.

પાકાં જાંબુનો રસ કાઢી, તે ગાળીને બાટલીમાં ભરી રાખવો. જેમ જેમ તે રસમાં ખટાશ આવતી જશે તેમ તેમ તે વધુ ગુણકારી બનશે. આ 'સિરકા' અથવા 'સરકા'માંથી જમ્બ્વાસવ પણ બને છે. આ સરકો ઉપર દર્શાવેલા બધા જ વ્યાધિઓ મટાડવા શક્તિમાન છે. પરંતુ યોગ્ય અનુપાન સાથે ઉપયોગ કરતાં આવડવું તે ખાસ મહત્ત્વનું બને છે.

(નિરામય) —વૈદ્ય મુકુંદરાય રાવળ

પરદેશનાં પત્રમિત્રો


માત્ર વિદેશ અને પરદેશમાં વસતા હિંદી પત્રમિત્રોનાં જ નામ આ વિભાગમાં પ્રકટ થાય છે. વળી અહીં પ્રકટ થતાં નામો ઉપરાંતની કોઈ યાદી અમારી પાસે રહેતી ન હોઈ વ્યક્તિગત રીતે મોકલવાનું શક્ય નથી, એટલે એ અંગે તથા આ નામો પ્રકટ કરવા સિવાય એ વિષેની અન્ય કોઈ બાબતોની અમારી જવાબદારી ન હોઈ એ માટે પૃચ્છા ન કરવાની સૌ મિત્રોને વિનતિ છે.

નીચે આપેલા દરેક નામ-સરનામા પછી આ રીતે—( )કૌંસમાં પત્રમિત્રની જાતિ (M=પુરુષ, F=સ્ત્રી) અને વય દર્શાવ્યાં છે.

(9) Krzysztot Namyst, 47–300 Krapkowice, woj. Opole, ul Siekie wicza 7/1 Poland. (M–20) View-cards, travelling, records. (10) Janusz Banasiak, ul Reczajska 1, 612m 8, O5 –230 Kobytka Poland, (M–21) Music, reading. (11) Eric Bukari, Urban Council Middle school, P.O. Box 67, Tarkwa, Ghana (M–16) Swimming, viewcards; (12) Kevin Collis, 76 Danube Road, Hull, HU 5. 5-ur, England (M–16) Railways, fishing, pop music; (13) Moshe Grass, Rothseled–38, Hadera, Israel (M–21) Reading, filming; (14) Muhammed Tahir Javeed, 14 Noor Shah Road, Mozang, Lahore, Pakistan (M–27) A teacher of chemistry; football, reading; (15) Eyal Nir, St. Micha Yosef 1, Rishon-Le-Zion, Israel (M–16) Football, swimming, stamps, view-cards; (16) Viktor Vaszi A–4553 Schlierbach 1, Austria (M–15) Sports, cars, music; (16) Paul Kojo Opoku, Ebenezer Sec. School, P.O. Box 12, Mamprobi, Accra, Ghana (M–18) Football, post-cards.

(ચાલુ)

માસમાસ(જુલાઇ-ઑગસ્ટ)ના આકાશમાં



શબ્દવેધી બાણ મારીને અજાણતાં શ્રવણની હત્યા કરનાર દશરથ—'અભિજિત'ના નામધારી તારાને આપણે આકાશગંગાના કિનારે 'વીણા' તારામંડળમાં જોયો છે. આકાશગંગાના સામા કાંઠા પર આજુબાજુ માતાપિતાના તારાની વચ્ચે પિતૃભક્ત 'શ્રવણ'નાં દર્શન થાય છે. આકાશના આ વિસ્તારમાં શ્રવણ (Altair) એની તેજસ્વિતાને કારણે તથા 'મૃગ મંડળ'ના બાણના તારાઓની જેમ જ એક સાથે હારમાં ગોઠવાએલા આ તારાઓ તુરત પરખાઈ જાય છે. 'શ્રવણ' પણ ૨૭માંનું એક નક્ષત્ર છે.

શ્રવણ આપણાથી ૧૬ પ્રકાશવર્ષ દૂર છે. સૂર્ય કરતાં ૧૦ ગણો તેજસ્વી આ તારો જુલાઈની અધવચ્ચમાં મધરાતે પૂર્વ-પશ્ચિમ મધ્યાકાશે જોવા મળે છે. શ્રવણ જે તારામંડળનો મુખ્ય તારો છે એ 'ગરુડ' (Aquila) નામે ઓળખાય છે. આકાશગંગા પર એ ગરુડ ઊડી રહ્યું છે.


ગરુડની દક્ષિણે અને વૃશ્ચિક પછી ધનુ રાશિનું તારામંડળ છે. ક્રાન્તિવૃત્ત વિષુવવૃત્તની વધુમાં વધુ દૂર દક્ષિણે આ ધનુ રાશિમાંથી પસાર થાય છે. ડિસેમ્બર ૧૬મીથી જાન્યુઆરી ૧૩મી તારીખ દરમિયાન સૂર્ય આ રાશિમાંથી પસાર થાય છે. આ રાશિમાંથી સૂર્ય પસાર થાય ત્યારે આપણે ત્યાં કોઈ શુભ કાર્યો કરાતાં નથી. છેક દૂરની 'અંત્યજ' રાશિ હોવાને કારણે હશે?

આ તારામંડળમાં આકાશગંગા વધુમાં વધુ તેજસ્વી દેખાય છે. દૂરબીનમાંથી અહીંનો તેજરાશિ અત્યંત રોમાંચક લાગે છે. આકાશગંગાનું કેન્દ્ર આ તરફ છે. સંખ્યાબંધ તારાગુચ્છો ને નિહારિકાઓ અહીં છે. ધનુના તારાઓમાં ધનુર્ધારી નરાશ્વ (Sagittarius)ની કલ્પના છે. કહે છે કે ઓરાયન શિકારી (મૃગમંડળ)ને કરડનાર ઝેરીલા 'વૃશ્ચિક'ની હત્યા આ ધનુર્ધારીએ કરી હતી.

છૂટાછૂટા તારાઓના મુખ્ય બે જૂથ આ તારામંડળમાં જોવા મળે છે. એમાંથી વૃશ્ચિક તરફના તારાઓ 'પૂર્વાષાઢા' અને પૂર્વ તરફના 'ઉત્તરાષાઢા' નક્ષત્રમાં ગણાય છે.

ધનુની દક્ષિણે 'દક્ષિણ કિરીટ' (Corona Australis)નું નાનું તારામંડળ છે. એના તારાઓ ઉત્તર આકાશના 'કિરીટ'ની જેમ જ લગભગ ગોઠવાએલા છે. પણ એમાં 'કોહીનૂર' જેવો કોઈ તેજસ્વી તારો નથી. ઉપર 'ગરુડ'ની ઉત્તરે પણ એક નાનું તારામંડળ છે. જે 'શર' (તીર–Sagitta) નામે ઓળખાય છે.

જો તક મળે તો આ જુલાઈની ૨૧, ૨૨ અને ૨૩મીએ પશ્ચિમ આકાશમાં 'શુક્ર' જોજો. સૂર્યાસ્ત પહેલાં પણ એ દેખાશે. પણ સૂર્યાસ્ત પછી એનું તેજ ઓર હશે. આ દિવસોમાં એ સૌથી વધુ તેજસ્વી હશે.



નિયાનો દુકાળપટ્ટો : લૅટિન અમેરિકા, આફ્રિકા, એશિયાના અને અન્ન-અછતથી પરેશાન, દુકાળના સતત ભય તળે જીવતા અને દુષ્કાળ-
રત દેશો દર્શાવતો આ નકશો છે. આમાંના ઘણા દેશો એટલા ગરીબ છે કે જરૂર પડયે બહારથી અનાજ ખરીદવા જેટલી પણ એમની આર્થિક
સ્થિતિ નથી, પરિણામે એમને એક યા બીજી રીતે સમૃદ્ધ દેશોની દયા પર નિર્ભર રહેવું પડે છે.

આ માસ (જુલાઇ) ઇતિહાસમાં

દિનવિશેષ

તા. ૧/૧૯૦૫ દેશમાં સમય ધોરણનું એકમ જાળવવા હિંદી સ્ટાન્ડર્ડ ટાઈમ દાખલ કરાયો.

તા. ૨/૧૭૫૭ બંગાળના નવાબ સિરાજુદ્દોલાનું મીર જાફરે ખૂન કર્યું.

તા. ૩/૧૯૫૩ જર્મન–ઑસ્ટ્રીઅન પહાડખેડૂઓએ હિમાલયનું નંગાપર્વત શિખર સર કર્યું.

તા. ૪/૧૭૭૬ અમેરિકાનાં સંયુક્ત રાજ્યો સ્વતંત્ર થયાં. આવતા વર્ષે એમના સ્વાતંત્ર્યની ૨૦૦મી જયંતી આવે છે. ન્યૂ યૉર્કના બારામાંની ‘સ્વાતંત્ર્ય દેવી’ની ભવ્ય પ્રતિમા આ સંયુક્ત રાજ્યોના સ્વાતંત્ર્યની પહેલી શતાબ્દી નિમિત્તે ૧૮૭૬માં–ફ્રાંસની પ્રજાએ ભેટ આપેલી.

તા. ૫/૧૮૫૩ આફ્રિકામાં બ્રિટિશ સંસ્થાનના સ્થાપક રાજપુરુષ સેસિલ ર્‌હોડ્સનો જન્મ.

તા. ૭/૧૯૩૦ શેરલૉક હોમ્સની રહસ્યકથાઓના સર્જક સર આર્થર કૉનન ડૉઈલનું અવસાન.

તા. ૮/૧૯૫૪ ભારતની ગંજાવર જાહેર યોજના ભાકરા–નાંગલનું પં. નેહરુના હસ્તે ઉદ્‌ઘાટન.

તા. ૯/૧૮૧૬ આર્જેન્ટિનાએ સ્પેઈનની હકૂમતથી મુક્ત થઈ પોતાનું સ્વાતંત્ર્ય જાહેર કર્યું.

તા. ૧૧/૧૮૭૨ હિંદમાં પાંચ રૂપિયાની ચલણી નોટો મુંબાઈથી પહેલવહેલી ચલણમાં મુકાઈ.

તા. ૧૪/૧૭૮૯ ફ્રાન્સની પ્રજાએ બાસ્તિલનું કારાગૃહ તોડી રાજાશાહી સામે બળવો કર્યો.

તા. ૧૭/૧૮૪૧ કટાક્ષ ને હાસ્યના વિખ્યાત અંગ્રેજી સામયિક ‘પંચ’નું પ્રકાશન આરંભાયું.

તા. ૧૮/૧૮૭૦ પોપના અફર સ્થાન અને ખ્રિસ્તી ધર્મસંઘના વહીવટ પરની એમની સાર્વત્રિકતાની વૅટિકન કાઉન્સિલે જાહેરાત કરી.

તા. ૧૯/૧૮૬૦ હિંદુસ્તાનમાં ઈન્કમટૅક્સ – આવકવેરો પહેલવહેલો નાખવામાં આવ્યો.

તા. ૨૦/૧૯૦૫ અઢારસો સત્તાવન પછી હિંદભરમાં પ્રથમ વ્યાપક રાષ્ટ્રદ્રોહ પ્રકટાવનાર બંગાળાના ભાગલાની જાહેરાત થઈ.

તા. ૨૨/૧૯૪૭ સ્વતંત્ર ભારતની બંધારણ-સભામાં દેશના હાલના અશોકચક્ર–અંકિત ત્રિરંગી રાષ્ટ્રધ્વજને માન્યતા આપવામાં આવી.

તા. ૨૩/૧૮૫૬ લોકમાન્ય બાલગંગાધર ટિળકનો જન્મ.

તા. ૨૬/૧૯૫૬ આરબ–ઈઝરાએલ યુદ્ધને કારણે લાંબા સમય સુધી બંધ રહેલી અને હમણાં જે ફરી ખુલ્લી મુકાઈ છે એ સુએઝની નહેરનો કંપની દ્વારા ચાલતો વહીવટ બંધ કરી ઈજિપ્તે એનું ફરજિયાત રાષ્ટ્રીયકરણ કર્યું.

તા. ૨૮/૧૬૫૯ રાજ્યલોભી ને ધર્મચુસ્ત ઔરંગઝેબે પોતાના ભાઈ દારાનો વધ કર્યો.

તા. ૨૯/૧૯૪૮ લિવરપુલ ખાતે બંદરગાહ પરનું દુનિયાનું પ્રથમ રાડાર મથક ઊભું થયું.

તા. ૩૦/૧૫૬૧ મધ્યયુગના ભારતના ભક્ત કવિ સંત તુલસીદાસનું અવસાન.

તા. ૩૧/૧૯૦૮ રૉબર્ટ બૅડન પોવેલે ‘બૉય સ્કાઉટ’ની નૂતન કુમારપ્રવૃત્તિની સ્થાપના કરી.

પ્રસંગવિશેષ

તા. ૨૫/૧૭૯૮ પિરામિડના યુદ્ધમાં નેપોલિયનની જીત. વિશાળ સામ્રાજ્ય સ્થાપવાનાં સ્વપ્નોથી પ્રેરાઈ ફ્રાંસનો મહાન નેપોલિયન ચોકિયાત અંગ્રેજ કાફલાને થાપ આપીને પણ મિસર જીતવા માટે ઍલેક્ઝાંડ્રિયા પહોંચી ગયો. મિસર ત્યારે ઉસ્માની તુર્ક સામ્રાજ્યનો એક ભાગ ગણાતું હતું. ત્યાંની ત્યારની મધ્યયુગી જીવન જીવતી પ્રજાને નેપોલિયને યુદ્ધમાં જીતી લીધી. ‘પિરામિડના યુદ્ધ’ નામે જાણીતા એ યુદ્ધમાં નેપોલિયનના વિજયનું રાજકીય મહત્ત્વ ખાસ કંઈ નથી, પણ આ ચડાઈ વખતે એ પોતાની સાથે વિદ્વાનો અને પંડિતો તથા અભ્યાસ અને સંશોધનનાં સાધનો પણ લઈ ગએલો. રોજ રોજ એ વિદ્વત્ પરિષદ યોજતો. અનેક નવાં સંશોધનો પણ થયાં. આમાં ગ્રીક મિસરની બેવડી ચિત્રલિપિમાં લખાએલા લેખવાળી એક શિલા (રોઝેટા સ્ટૉન)ની શોધથી તો મિસરની ચિત્રલિપિના વાચનનો એક અતિ વિકટ કોયડો ઊકલી શકયો. એને પગલે પગલે જ મિસરના ભૂતકાળની ભવ્ય સંસ્કૃતિ પર વધુ ને વધુ પ્રકાશ પડતો થયો. અહીંથી નેપોલિયને દક્ષિણ ભારતના વાઘ ટીપુ સુલતાન સાથે અંગ્રેજો વિરુદ્ધ વાટાઘાટો ચલાવેલી. અને દરિયા પરની એની લશ્કરી નબળાઈ જો એને ન નડી હોત તો સંભવતઃ એ હિંદુસ્તાન પણ આવ્યો હોત.

વ્યક્તિવિશેષ



ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જર

ગુજરાતના એ પ્રથમ અને પ્રતિભાશાળી રસાયણશાસ્ત્રી. જન્મ સૂરતમાં. રસાયણ શાસ્ત્રની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પાસ થઈ તેઓ મુંબાઈની ઍલ્ફિન્સ્ટન્ટ કૉલેજમાં ફેલો નીમાયા. દરમિયાન એમ. એ. થઈ કાયદાનો અભ્યાસ પણ કર્યો. પણ એમનું ધ્યેય તો હતું દેશમાં રસાયણશાસ્ત્રનો વિકાસ સિદ્ધ કરવાનું. આ માટે વડોદરાની કૉલેજમાં રસાયણશાસ્ત્રના પ્રોફેસર બન્યા.

અહીં એમણે રંગાટી કામની પ્રયોગશાળા ઊભી કરી. એમની યોજના પ્રમાણે વડોદરામાં હુન્નર ઉદ્યોગના વિકાસ માટે ‘કળાભવન’ સ્થપાયું. પોતે એના આચાર્ય થયા. એક ત્રિમાસિક ‘રંગરહસ્ય’ પણ ચલાવતા.

એ પછી મુંબાઈમાં વિલ્સન કૉલેજમાં જોડાયા. ‘યુનિવર્સિટી રીફૉર્મ’ની ચળવળ કરી રસાયણશાસ્ત્રને અભ્યાસનો ખાસ અલગ વિષય બનાવડાવ્યો. એ કાળે અવારનવાર ફાટી નીકળતી મરકીના ઉપચાર તરીકે ‘આયોડિન ટરક્લોરાઈડ’ની શોધ કરી. ઈ. ૧૮૯૯માં ‘ટેક્નો કેમિકલ લેબોરેટરી’ નામે સ્વતંત્ર પ્રયોગશાળા ઊભી કરી. ઝાંખાં પડી ગએલાં સાચાં મોતી ધોવાનો એક અજબ નુસખો શોધી લાખો રૂપિયા કમાયા. ઈ. ૧૯૦૨માં એમની પ્રેરણા, યોજના ને મહેનતથી વડોદરામાં ‘ઍલેમ્બિક કૅમિકલ વર્ક્સ’ સ્થપાયું. ઈ. ૧૯૧૨માં સાહિત્યકાર ગોવર્ધનરામ ત્રિપાઠી સાથે એક આદર્શ ‘કલ્યાણગ્રામ’ની યોજના ઘડી. ઈ. ૧૯૧૦માં પત્નીના અવસાન પછી અનિદ્રા આર્થિક ભીંસને કારણે કરુણતા ને એકાકીપણામાં ઈ. ૧૯૨૦ની ૧૬મી જુલાઈએ એમનું અવસાન થયું.

પ્રસન્નતાને કદી નવ ત્યજીએ,
પ્રસન્ન સૌ સ્થિતિમાં રહીએ.
—શ્રીમન્ નૃસિંહાચાર્ય—

વર્ષોની મહેનતે અદ્‌ભુત કલાપૂર્ણ રીતે હાથે લખીને તૈયાર કરેલી પવિત્ર કુરાનની નકલ ખરીદનાર કોઈ ન નીકળવાથી નિરાશ થએલા તેના કલાકાર પાસેથી મોં માગ્યાં દામ આપી જ્યારે પંજાબના રાજા રણજિતસિંહે તે ખરીદી લીધી ત્યારે તેના મુસ્લિમ વઝીરે પૂછ્યું કે આપ હિંદુ હોવા છતાં કુરાન માટે આટલી ભારે કિંમત આપી? રણજિતસિંહે જવાબ આપ્યો : મારા મનમાં બધા ધર્મગ્રંથ માટે સરખો આદર છે. એક ધર્મને એક આંખે ને બીજાને બીજી આંખે ન જોઉં એટલા માટે તો પરમેશ્વરે મને એક આંખ આપી છે! (એ તો જાણીતું છે કે રણજિતસિંહ એક આંખે કાણા હતા)

કહેવતોના અર્થ : 'પેટમાં પેસીને પગ પહોળા કરવા'-પહેલાં વિશ્વાસ જીતી લઇને પાછળથી દગાખોર નીવડનાર, મરમ જાણી લઇને આપણી જ સામે તેનો નુકસાનકારક ઉપયોગ કરનાર, ખંધા, સ્વાર્થી ને દગાખોર માણસોના કરતૂક માટે વપરાતી સચોટ રૂપકવાળી કહેવત.

અનેકાર્થી શબ્દ : **સાર**=તાત્પર્ય, સારાંશ; કસ, સત્ત્વ; સારું, ઉત્તમ; લાભ; વીંધ કે વેહ; કાવ્યશાસ્ત્રમાં એક અલંકાર; પિંગળમાં એક છંદ; ખબર કે સંભાળ; ગાયભેંસની યોનિ માટે વપરાતો શબ્દ; ગોશાળા; ખાતર.

ગણિતગમ્મત : બે આંકડાની કોઈપણ રકમના દશક અંકમાંથી એકમ અંક બાદ કરી, તેને નવ વડે ગુણીને તે મૂળ રકમમાંથી બાદ કરતાં મૂળ રકમથી ઊલટી રકમ જ આવશે દા૦ ત૦ ૫૨; ૫–૨=૩; ૩×૯=૨૭; ૫૨–૨૭=૨૫, તે '૫૨'ના ઊલટા. જ્યારે દશક કરતાં એકમ સંખ્યા મોટી હોય ત્યારે બાદબાકીની રકમ ઓછામાં ગણવી. દા. ત. ૩૯; ૩–૯=–૬×૯=–૫૪; ૩૯–(–૫૪)=૩૯+૫૪=૯૩, તે ૩૯ના ઊલટા.

(નીતિન મઝુમદાર)



કલાકણિકા : છે તો કુહાડીનું ફળું, પણ ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીના દક્ષિણ ચીનના લોકોએ એને કેટલું શણગાર્યું છે!

विद्यया वपुषा वाचा,
वस्त्रेण विभवेन च ।
'व'कारः पंचभिः एतैः
नरः प्राप्नोति गौरवम् ॥

વિદ્યાથી, વપુ (સ્વસ્થ શરીર)થી, વાણીથી, વસ્ત્ર (સારા પહેરવેશ)થી અને વૈભવથી—આ પાંચ 'વ' કારોથી માણસ ગૌરવ પામે છે.

તરડાએલી ફાઉન્ટન-પેન સાંધવા માટે જિલેટીનની થોડી કરચો પર તેજ ઍસેટિક ઍસિડનાં થોડાં ટીપાં નાખીને સળી વડે હલાવો. (ઝાઝા મિશ્રણની જરૂર નથી; સીવવાની અંગૂઠી ભરાય એટલું બસ છે.) જિલેટીન નરમ બનીને ફૂલે એટલે પ્રવાહી કાઢી નાખીને તદ્દન ધીમા તાપ પર ધરી જિલેટીનને ઓગાળી નાખો, અને પછી ફાઉન્ટન પેનની ફાટ પર ગરમ ગરમ લગાડી જોરથી દબાતી દોરી બાંધી દો. સુકાઈ ગયે દોરી ઉખેડી લો.



ટિકિટ-કથા કેટલીક ટપાલટિકિટો ઉપરનાં ચિત્રાંકનમાં અકસ્માત અકલ્પિત આકૃતિઓ જોવા મળે છે. એ 'ભૂતિયા ટિકિટો' તરીકે ઓળખાય છે. ઘણી વાર એમાંથી અવનવા વહેમો પણ પ્રસરે છે. આઈસલૅન્ડની આ ટિકિટમાં ગરમ પાણીના કુદરતી ફુવારાની જમણી તરફના વરાળગોટામાં ટિકિટ ઊંધી કરીને જોતાં રાજા નેપ્ચ્યુનના લાંબા વાળનાં ઝુલ્ફાંમાં સાથેના ચહેરાની આકૃતિ ઘણાને દેખાય છે. ઑસ્ટ્રીઆની એક ટિકિટ પરના ફૂલગજરામાં હિટલરનો ચહેરો રચાતો હતો. એ ટિકિટ બહાર પડયા પછી થોડા જ સમયમાં હિટલરે એ દેશ પર ચડાઈ કરેલી. આમ એ ટિકિટ કાળમુખી બની રહેલી.



'સેન્ચરી પ્લાન્ટ' નામે ઓળખાતા એક વગડાઉ છોડને સો વર્ષે એક વાર ફૂલ આવે છે એવી એક માન્યતા છે, પણ એ ભ્રમ છે. મધ્ય અમેરિકાના ઉષ્ણ પ્રદેશમાં થતા આ છોડને દર સાત-આઠ વર્ષે ફૂલ આવે છે.

ન્યૂ ગિનીમાં ત્રણ ફૂટ લાંબા ઊંદર થાય છે. * હિંદમાં સૌ પહેલી ટ્રામ ૧૮૮૨માં શરૂ થઈ. * ઊંટ તરી શકતું નથી * ગાંડા માણસને લીલા રંગની ઓરડીમાં રાખવામાં આવે તો જલદી સારો થાય છે * સાપની કુલ ૨૦૦૦ જાતોમાંથી માત્ર ૨૦૦ જ ઝેરી હોય છે * મનુષ્યના દરેક વાળનું આયુષ્ય ૬ થી ૧૦ વર્ષનું હોય છે.

મૅલેરિયાના જંતુઓ માત્ર માદા મચ્છરોમાં જ હોય છે, નરમાં નહિ.

મેલાં મસોતાંને લીંબુનાં છોતરાં નાખેલાં પાણીમાં થોડી વાર ઉકાળીને પછી ધોવાથી એ વસ્તુ ચોખ્ખાં થશે.



(જનસત્તા) -શિવ